Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 26 JULY, 2024 Vol. 22, No. 29 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## રાજધાની નવી દિલ્હીમાં પણ વરસાદને લીધે યમુના નદીના જળસ્તરમાં વધારો, નોઈડામાં લોકોને એલર્ટ કરાયા

# ભારે વરસાદથી મુંબઈ બેહાલ : પૂણેમાં 4ના મોત

## પુણેમાં 48 કલાક માટે રેડ એલર્ટ જાહેર, 400 લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા, એજન્સી એલર્ટ

**મુંબઈ**

મહારાષ્ટ્રના સૌથી મોટા મહાનગરો મુંબઈ અને પૂણેમાં અનરાધાર વરસાદથી ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બુધવારથી શરૂ થયેલા વરસાદને કારણે મુંબઈના દાદર, વરલી, લાલબાગ, ભાયખલા વિસ્તારોમાં પાણીનો ભરાવો થઈ ગયો છે. ભારે વરસાદને કારણે અંધેરી સબ-વેમાં પાણી ભરાઈ જવાથી તેને બંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી. બીજી તરફ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને મુંબઈ, પુણે, થાણેના કમિશનરો અને અન્ય અધિકારીઓ સાથે ફોન પર વાત કરી બચાવ અને રાહત કાર્ય માટે સૂચનાઓ આપી હતી.

પુણેમાં પરિસ્થિતિ ગંભીર બની હતી. જ્યાં વરસાદ સંબંધિત ઘટનામાં 4નાં મોત થયા હોવાના અહેવાલો મળ્યા હતા. પુણે સિવાય કોલ્હાપુર, સાંગલી, સતારા, ગઢચિરોલીમાં પૂરની પરિસ્થિતિ ઊભી થઈ હતી. ખડકવાસલા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં મુશળધાર વરસાદ પડ્યો હોવાને કારણે ડેમમાંથી ૩૫,૦૦૦ ક્યુસેક પાણી છોડવાની ફરજ પડી હતી શહેરમાં પાણીને કારણે ફસાયેલા ૪૦૦થી વધુ લોકોને બચાવાયા હતા. અહીં લશ્કર પણ બોલાવાયું હતું. દિલ્હીમાં વરસાદને લીધે યમુના નદીના જળસ્તરમાં વધારો થતાં નોઈડામાં લોકોને ચેતવણી જારી કરાઈ હતી. બીજી તરફ આઈએમડીએ દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કર્યું હતુ. કર્ણાટકના મેંગ્લુરુમાં વરસાદને પગલે દિવાલ તૂટી પડતાં શૈલેષ નામના યુવાનનુ મોત થયું હતુ.



## મુંબઈમાં 3 દિવસમાં 36 ફ્લાઈટ્સ રદ

મુંબઈમાં ભારે વરસાદને કારણે 3 દિવસમાં 36 ફ્લાઈટ રદ કરવી પડી હતી. છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રદ કરાયેલી ફ્લાઈટ્સ ઓછી કિંમતની એરલાઈન ઈન્ડિગો તેમજ ફુલ-સર્વિસ કેરિયર એર ઈન્ડિયા અને વિસ્તારાની હતી. ઓછી વિઝિબિલિટીના કારણે 18 આગમન અને ઉપડતી ફ્લાઇટ્સ રદ કરવી પડી હતી. જેમાં ઈન્ડિગોની 24 ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે, જેમાં 12 ઉપડતી ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે અને એર ઈન્ડિયાની આઠ ફ્લાઈટ્સ, જેમાં ચાર પ્રસ્થાન ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

## ગુજરાતમાં 9 લોકોના મોત

ગુજરાતનાં અનેક જિલ્લાઓના વિવિધ વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડી રહ્યો છે. અહીં ક્યાંક સામાન્ય તો ક્યાંક ભારે વરસાદ પડવાના કારણે અનેક વિસ્તારો જળમગ્ન બની ગયા છે. અહીં વડોદરા, ભરૂચ, સુરત અને આણંદ સહિત ઘણાં જિલ્લાઓમાં પુરી જેવી સ્થિતિ ઉભી થઈ છે. રાજ્યમાં વરસાદના કારણે અત્યાર સુધીમાં નવ લોકોના મોત નિપજ્યા હોવાના અહેવાલો મળ્યા છે. આ સાથે સિઝનમાં મૃત્યુનો આંકડો 61 થયો છે. વડોદરામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. શહેરમાં 13 ઈંચથી વધુ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા ભરાયા હતા. બીજી તરફ મોડી રાત્રે વિશ્વામિત્રી નદીમાંથી નરહરિ હોસ્પિટલ નજીક મગર તણાઈ આવ્યો હતો. વરસાદના પગલે રાજ્યના 46 જળાશયો છલકાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
MAAZ ABOWATH BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

Summer Sale
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $100 for 12 georgette printed sarees • $100 for 4 gold print sarees • $100 for 3 Jacquard print sarees • $100 for 4 sweaters from uk • $100 for 5 sweaters from uk
Sale on fancy sarees and party wear lehengas.
and many more specials...
Biggest Sale Ever! Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
InterSky VOYAGES TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયોને પ્લેસ ટોપ ટુરિસ્ટ સ્પોટ બનાવવાની પ્રિમિયર ડગ ફોર્ડની ઈચ્છા

## વોટર પાર્કને વિકસાવી સહેલાણીઓ માટે ફરવા લાયક સ્થળ બનાવવા આયોજન

**ઓન્ટેરિયો**

પ્રીમિયર ડગ ફોર્ડે વિજ્ઞાન કેન્દ્રને બંધ કરવાના તેમના નિર્ણય ઉપર વધુ ધ્યાન આપ્યું અને સોમવારે ઓન્ટેરિયો પ્લેસને ઓવરહોલ કરવાની તેમની યોજનાઓ પર ભાર મૂક્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, સહેલાણીઓ માટે વોટરફ્રન્ટ મોટુ આકર્ષણરૂપ બને. સોમવારે સવારે એક કાર્યક્રમમાં પ્રીમિયરે જણાવ્યું હતું કે, ઓન્ટેરિયો પ્લેસને દેશનું શ્રેષ્ઠ પ્રવાસી આકર્ષણ બનાવવાનું આયોજન થયું છે. ઓન્ટેરિયો સાયન્સ સેન્ટરનું વર્તમાન સ્થાન નિષ્ક્રિય છે. એકવાર ઓન્ટેરિયો પ્લેસનો પુનઃવિકાસ આવશ્યક છે. જેમાં સુધારેલ મ્યુઝિક સ્ટેજ, સ્પા અને સાયન્સ સેન્ટર માટે નવું ઘર શામેલ છે. તે પૂર્ણ થઈ જશે. ફોર્ડે ઉમેર્યું કે, CN ટાવરમાં લગભગ 1.2 મિલિયન લોકો છે. આપણે ત્યાં વોટરપાર્ક છે અને હજુ પણ ઓન્ટેરિયો પ્લેસનો આખો ભાગ છે, જે વિકસિત થયો નથી. વિકાસ બાદ વધુને વધુ પ્રવાસીઓ ત્યાં આવશે.

પ્રીમિયરે ઓન્ટારિયો પ્લેસના કયા ભાગો હજુ સુધી વિકસાવવામાં આવ્યા નથી અથવા તેઓ તેને વધુ વિકસિત કરવાની યોજના ધરાવે છે તે અંગે વિસ્તૃત માહિતી આપી ન હતી. ઓન્ટેરિયો NDP દ્વારા અગાઉ મેળવેલા આંતરિક સરકારી દસ્તાવેજોએ ઓન્ટેરિયો પ્લેસના વિસ્તરણ માટે "તબક્કો-2"નો સંકેત આપ્યો હતો, જેમાં લેક ઓન્ટેરિયોના એક ભાગનો સમાવેશ થઈ શકે છે.

ફોર્ડ પણ ઓન્ટેરિયો પ્લેસ ખાતે ભૂગર્ભ પાર્કિંગ બનાવવાની યોજનાથી પીછેહઠ કરે છે. પ્રાંતે પહેલેથી જ સ્પા ડેવલપમેન્ટની નજીક પાર્કિંગની જગ્યાઓ પ્રદાન કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. 2023માં એક ઓડિટર જનરલ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે, ઓન્ટેરિયો દ્વારા થર્મે સાથે કરાર કરવામાં આવ્યો હતો. જે કંપની ઓન્ટેરિયો પ્લેસ ખાતે વોટરપાર્ક અને સ્પા બનાવી રહી છે. તેને સ્પાના 650 મીટરની અંદર પાર્કિંગની જગ્યા બનાવવાની જરૂર છે.

# USAમાં કૂતરાઓના પ્રવેશ માટેના નિયમો રદ્દ કરાયા

## મે મહિનામાં હડકવાને કારણે અમેરિકામાં વિદેશથી કુતરાઓને લાવવા પર પ્રતિબંધ લદાયો હતો

**ઓન્ટેરિયો**

યુ.એસ. સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલને આ ઉનાળામાં કેનેડિયનોને તેમના કૂતરા સાથે કેનેડાથી સરહદ પાર કરતા પહેલા લાંબા ફોર્મ ભરવાની જરૂર રહેશે નહીં. એજન્સીએ મે મહિનામાં નવા નિયમો જાહેર કર્યા હતા, જેનો હેતુ હડકવાને દેશની બહાર રાખવાનો હતો. જો કે, હવે હડકવા સામે રસી લગાવવી અને તેની સાથે પશુચિકિત્સક દ્વારા સહી કરેલ એક સહિત બે દસ્તાવેજ હોવા જરૂરી છે.

ઉપરાંત ફોર્મમાં કૂતરાના દાંતના ફોટા સામેલ કરવાના હતા અને સરહદ એજન્ટો દ્વારા આગમન પર તેની ચકાસણી કરવાની જોગવાઈ હતી. નવા ફેરફારો ઑગસ્ટ 1થી અમલમાં આવવાના હતા, તેને વેટરનરી એસોસિએશનો, પ્રવાસન ઉદ્યોગ અને કેનેડામાં ફેડરલ સરકાર દ્વારા પૅન કરવામાં આવ્યા હતા. કેનેડિયન અધિકારીઓએ કહ્યું કે તેઓ હડકવામુક્ત દેશ તરીકે કેનેડાની સ્થિતિને કારણે મુક્તિ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગયા અઠવાડિયે, આરોગ્યપ્રધાન માર્ક હોલેન્ડે કહ્યું હતું કે તેમણે નિયમોમાં આંશિક મુક્તિ મેળવી છે અને ગ્રેસ પીરિયડ માટે આશાવાદી છે.

# મિસિસાગા જીએસએસએમ ગુજરાતી સમાજનો જુલાઈનો કાર્યક્રમ- પિકનિક







**મિસિસાગા**

મિસિસાગા જીએસએસએમ દ્વારા સુર-સાધના મ્યુઝિક લવર્સના સહકારથી ગુજરાતી કોમેડી નાટક પરફેક્ટ હસબન્ડ શનિવારે 20-7-2024ના રોજ બે શોમાં માજા પ્રેન્ટિસ થિયેટર (બર્નહામથોર્પે લાઈબ્રેરી) ખાતે યોજવામાં આવ્યું હતુ. સંસ્થાના મેમ્બર્સને આ નાટક કોમેડી હોવાથી ખૂબ જ ગમ્યું હતુ. જે બાદ સમાજની એન્યુઅલ પિકનિક જુલાઈ 21 રવિવારે lake front Promenade Parkમા યોજવામાં આવી હતી. 200થી વધારે સભ્યો આ પિકનિકમાં જોડાયા હતા. સંસ્થાના કાર્યકરોએ ફાફડા, ગાંઠિયા, જલેબી, ગોટા, ચટણીનો નાસ્તો કરવાની મજા માણી હતી.

સમાજના પ્રમુખ કલાબેને કહ્યું હતુ કે, કેમ્પ કેસ વેલ હોટેલ રિસોર્ટ (Caswell Hotel Resort, Sundridge, Ontario)ની સંખ્યા પૂર્ણ થઈ ગઈ છે. આઠમી સપ્ટેમ્બરના વોકેથોનનું આયોજન કરાયું છે. 20 ઓક્ટોબર દિવાળીનો કાર્યક્રમ યોજાનાર છે. નવેમ્બરમાં AGM યોજવામાં આવશે. સભ્યોના મનોરંજન માટે પૂર્ણિમાબેન પટેલે રાસ તથા સનેડો કરાવ્યો હતો. રમાબેન શાહે ગોટીની પણ રમત રમાડી હતી. આ સાથે જ સભ્યોને રાસ, સનેડો અને રમત રમવામાં ખૂબ જ આનંદ આવ્યો હતો. બાદમાં બધા પોતપોતાના ગ્રુપમાં ફરવા નીકળી ગયા હતા. જે બાદ બધાને ઇડલી, મેંદુવડા, ચટણી, સંભાર પીરસવામાં આવ્યા હતા.સમાજના પ્રેસિડેન્ટ કલાબેને ઉડીપી રેસ્ટોરન્ટના વિજયભાઈનો આભાર માન્યો હતો. પિકનિકમાં જીએસએસએમના સભ્યોએ પ્રકૃતિનો આનંદ માણ્યો ખૂબ જ સ્વાદિષ્ટ જમણ કર્યું હતુ.

# સ્કારબોરો બ્રહ્માકુમારીઝ દ્વારા મોર્નિંગ પાર્ક સાઈડ ખાતે પિકનિકનું આયોજન

**સ્કારબોરો**

બ્રહ્માકુમારીઝ વર્લ્ડ સ્પિરિચુઅલ ઓર્ગેનાઈઝેશન, સ્કારબોરો સેવા કેન્દ્ર દ્વારા મોર્નિગ સાઈડ પાર્ક ખાતે પિકનિક યોજાઈ હતી. જેમાં આશરે ૧૩૦ જેટલા બ્રહ્માકુમારીઝ બહેનો અને ભાઈઓ તેમજ રાજયોગ મેડિટેશન ફેઉન્ડેશન ઓફ્ કેનેડાએ ભાગ લીધો હતો. બ્રહ્માકુમારીઝના બહેનો અને ભાઈઓએ પાર્કમાં જમવાનું બનાવ્યું હતુ. જેમાં ઢોસા, કોપરાની ચટણી, મેથીના ભજીયા, મરચાના પકોડા, બટાકાના ભજીયા, મફીન, શેકેલી મકાઈ, લીંબુનું શેરડી સરબત, ચા વગેરે પીરસવામાં આવ્યા હતા. જમવાની સાથે તરબૂચ, કેળા, દ્રાક્ષ, સંતરા વગેરે ફળો પણ આપવામાં આવ્યા હતા. જે બાદ



લીંબુ ચમચી, ક્રિકેટ, ડમ્બ ચેરેડ્ઝ, નંબર પઝલ, બેડમિન્ટન, મુરલી ક્વિઝ, રીલે રેસ, ગીત ડાન્સ, ગરબા વગેરે રમવામાં આવ્યા હતા. આબાલવૃદ્ધ, તમામ બહેનો અને ભાઈઓએ સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી આ પિકનિકની મોજ માણી હતી. અંતમાં કાર્યક્રમમાં સહયોગ આપનારા તમામનો અને આયોજકોનો આભાર માનવામાં આવ્યો હતો.






રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# કેનેડામાં ફરી હિન્દુ મંદિરમાં તોડફોડ કરાઈ : ભારતવિરોધી સૂત્રો પણ લખાયા

## હિંદુ સમુદાય વિરુદ્ધ હિંસાની વધતી ઘટના અંગે સંસદ સભ્યએ ચિંતા વ્યક્ત કરી

**ટોરન્ટો**

એડમોન્ટનના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં તોડફેડ કરવામાં આવી હતી. હિંદુ અમેરિકન ફઉન્ડેશને જણાવ્યું હતુ કે, બીએપીએસ સ્વામીનારાયણ મંદિર પર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. સાથે જ ભારતીય મૂળના કેનેડિયન સાંસદ ચંદ્ર આર્ય પર હુમલો કરવામાં આવ્યો હતો. આ કૃત્ય ખાલિસ્તાની સમર્થકો દ્વારા કરાયું હોવાના આક્ષેપો થયા છે.

નેપિયન સંસદ સભ્ય ચંદ્ર આર્યએ હિંદુ-કેનેડિયન સમુદાયો વિરુદ્ધ હિંસાની વધતી ઘટનાઓ પર ગાઢ ચિંતા વ્યક્ત કરી હતી. આર્યએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતુ કે, એડમોન્ટનમાં હિંદુ મંદિર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં ફરી તોડફોડ થઈ છે. છેલ્લા અમુક વર્ષોથી ગ્રેટર ટોરન્ટો એરિયા, બ્રિટિશ કોલંબિયા અને અન્ય સ્થળોમાં ભારત વિરોધી સૂત્રો લખાઈ રહ્યા છે.

### ભારતીય મૂળના સાંસદને ખાલિસ્તાનીઓની ધમકી

એડમોન્ટન : એડમોન્ટનના હિંદુ મંદિરમાં તોડફોડ થયાના દિવસો બાદ બુધવારે ભારતીય મૂળના એક અગ્રણી કેનેડિયન સાંસદે જણાવ્યું હતું કે, ખાલિસ્તાની ઉગ્રવાદીઓ દ્વારા દેશમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ લોકો ચાર્ટર ઓફ રાઈટ્સ હેઠળ બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓનો "દુરુપયોગ" કરી રહ્યા હતા. હાઉસ ઓફ કોમન્સમાં નેપિયનના સંસદસભ્ય ચંદ્ર આર્યએ તેમના એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે શીખ્સ ફોર જસ્ટિસના અલગતાવાદી ગુરપતવંતસિંહ પન્નુને એક વીડિયો જાહેર કર્યો હતો. જેમાં આર્ય અને તેના હિંદુ-કેનેડિયન મિત્રોને ભારત પાછા જવા કહેવાયું હતુ. આર્યએ હિંદુ મંદિરની તોડફોડ અને નફરત અને હિંસાના અન્ય કૃત્યોની નિંદા કરી હતી. આર્યા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની લિબરલ પાર્ટીના સભ્ય છે.

# નાના જૂથો માટે HPV ડોઝની ભલામણ

**ઓન્ટેરિયો**

કેનેડાની ફેડરલ વેક્સિન એડવાઈઝરી બોડી હવે બાળકો અને યુવાનો માટે એચપીવી રસીના એક જ ડોઝની ભલામણ કરી રહી છે, જે દેશને અન્ય ઘણા લોકો સાથે સુસંગત બનાવે છે જેણે યુવાનો માટે જરૂરી ડોઝની સંખ્યામાં પહેલેથી જ ઘટાડો કર્યો છે. નેશનલ કમિટી ઓન ઈમ્યુનાઈઝેશન (NACI) તરફથી બુધવારે બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકામાં ભારપૂર્વક ભલામણ થઈ છે કે, 9થી 20 વર્ષની વયની વ્યક્તિઓએ માનવ પેપિલોમાવાયરસ માટેની રસીનો બે કે ત્રણ ડોઝને બદલે એક ડોઝ મેળવવો જોઈએ.

છેલ્લા દાયકામાં થયેલા સંશોધનોએ દર્શાવ્યું છે કે, આ અત્યંત અસરકારક રસીનો એક ડોઝ તે વય જૂથની સ્ત્રી વ્યક્તિઓમાં HPV ચેપ અને રોગ સામે તુલનાત્મક સુરક્ષા પ્રદાન કરી શકે છે, તેમ NACIએ નોંધ્યું છે.

સલાહકાર સંસ્થા હજુ પણ 21થી 26 વર્ષની વયના કેનેડિયનો માટે HPV રસીના બે ડોઝની સાથે, રોગપ્રતિકારક શક્તિ ધરાવતા અથવા HIV સાથે જીવતા લોકો માટે ત્રણ-ડોઝ શેડ્યૂલની માંગ કરે છે.

NACI નું માર્ગદર્શન યથાવત્ છે કે, "27 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ જેમને રસી આપવામાં આવી ન હતી તેઓને રસીકરણનો લાભ મળી શકે છે, મોટી ઉંમરે પણ," NACI નું માર્ગદર્શન મળે છે.

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો માસિક કાર્યક્રમ, ગીતોની રમઝટ







## કલબના સભ્યોની બર્થ ડે અને મેરેજ એનિવર્સરીની કેક કાપીને ઉજવણી

**બ્રામ્પટન**

બ્રામ્પટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો જુલાઈ ૨૦૨૪ માસનો પ્રોગ્રામ ૧૪મી તારીખે યોજાયો હતો. હસમુખભાઈ પટેલે ૧૭ ઓગષ્ટ-૨૦૨૪ના રોજની પિકનિકની વિગતવાર ચર્ચા કરી હતી. ભોજનના મનોરથી પુષ્પાબેન તથા જયકિશનભાઈનો આભાર વ્યક્ત કરાયા બાદ જૂન મહિનાની પિકનિકનો હિસાબ રજૂ કરાયો હતો. ઈશ્વરભાઈ પટેલે સુંદર ગીત ચંદન સા બદન રજૂ કર્યું હતુ. ત્યારબાદ કુસુમબેન પટેલે બદલાયેલા મૂલ્યો વિષે થોડું ચિંતન વિષય ઉપર પ્રવચન આપ્યું હતુ. ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે સંગીતકાર તાનસેન વિષે ખૂબ જ ગહન માહિતી આપી દિપકરાગ તથા મલ્હાર રાગનો ઈતિહાસ જણાવ્યો હતો. રાજેશ્વરીબેન શુકલએ ફૂલડા વીણવા ગઈ હતીનું નૃત્ય કરી સૌને આનંદવિભોર કરી દીધા હતા. જયારે અતુલભાઈ પંડયાએ મુકેશનાં ગીતો તથા અન્ય ગીતો ગાઈ સૌ સભ્યોને ઝૂમતા કરી દીધા હતાં. સરોજબેન પરમારે ગુરુપૂર્ણિમાને ધ્યાનમાં રાખીને જીવનમાં ગુરુનું મહત્વ પર સુંદર ઉદાહરણો આપ્યા હતા. ત્યારબાદ કલબના સભ્યોની બર્થડે અને મેરેજ એનિવર્સરી કેક કાપીને ઉજવવામાં આવી હતી. સજ્જનસિંહ પરમારે પ્રભુ મારી નૈયા ઉતારો પાર, સુંદર ભજન રજૂ કરી સભ્યોને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા હતા. અંતમાં ચંચલબેન પ્રજાપતિએ ભજનો ગાયા હતા.






તંત્રી સ્થાનેથી

# બાંગ્લાદેશમાં અનામત વિરોધી આંદોલન હસીના માટે પડકાર



તંત્રી - સ્વદેશ

ભારતના પાડોશી બાંગ્લાદેશમાં 10 દિવસથી ચાલતા અનામત વિરોધી આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે પાકિસ્તાનના લશ્કર સામે લડનારા શેખ મુજીબુર રહેમાનની આર્મીના સૈનિકોનાં સગાં માટે સરકારી નોકરીઓમાં ૩૦ ટકા બેઠકો ૧૯૭૨થી અનામત હતી. ૨૦૧૮માં શેખ હસીનાની સરકારે આ અનામત રદ કરી હતી. પરંતુ જૂન 2024માં હાઈકોર્ટે ફરી અનામત લાગુ કરવા આદેશ આપતાં જ વિવાદ વકર્યો છે. દેશના હજારો વિદ્યાર્થીઓ કોર્ટના આદેશને પગલે રસ્તા પર ઉતરીને તોફાન મચાવી રહ્યા છે. આંદોલનકારીઓનું કહેવું છે કે, શેખ હસીનાની સરકારના દબાણ હેઠળ હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો છે. આ ચુકદાથી અન્ય લોકોને અન્યાય થતો હોવાથી તેને રદ કરવો જોઈએ. તોફાનો દરમિયાન 133થી વધુ લોકોના મોત થઈ ગયા છે. ગત શુક્રવારે તો હિંસાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું તથા ઠેર ઠેર આગ લગાડાઈ હતી. તેથી હસીનાની સરકારે આર્મીને મેદાનમાં ઉતારીને દેખો ત્યાં ઠારના આદેશ આપવા પડયા હતા.

21મી જુલાઈએ બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટે અનામત સંલગ્ન હાઈકોર્ટના ચુકાદાને રદ કરી સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારો માટેની અનામતને ઘટાડીને પાંચ ટકા કરી હતી. ચુકાદા મુજબ બાકીની બધી કેટેગરી માટેની અનામત માત્ર ૨ ટકા અને તે સિવાયની ૯૩ ટકા જગ્યા મેરિટથી ભરવાની થશે. આ ચુકાદો એક રીતે ન્યાયી છે. પરંતુ મામલાને રાજકીય પીછબળ હોવાથી હિંસાનો દોર ચાલ્યો છે. આ આંદોલનની શરૂઆત હાઈકોર્ટે અનામતને માન્યતા આપતાં થઈ હતી. પણ સુપ્રીમ કોર્ટે અઠવાડિયામાં જ ફરી અનામત લાગુ કરવાના નિર્ણયને રદ કરી દીધો હતો. જેને કારણે બાંગ્લાદેશમાં અનામત જ ના રહેતાં આંદોલનનો મતલબ જ નથી. પણ વિપક્ષોને એ મંજૂર ન હોવાથી હિંસા ભડકાવી દીધી છે.

વિદ્યાર્થીઓએ ચાલુ કરેલા આંદોલનની આગેવાની જમાત એ ઈસ્લામી સહિતનાં કટ્ટરવાદી સંગઠનોએ લીધી છે. બાંગ્લાદેશમાં શેખ હસીના સત્તામાં છે. જ્યારે કટ્ટરવાદી મુસ્લિમ પાર્ટી જમાત એ ઈસ્લામી દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી છે. જગતની મહાસત્તા ગણાતું અમેરિકા ખુદ શેખ હસીનાની વિરુદ્ધ છે. આમ છતાં તેનું કશુ બગાડી શકતું નથી. જાણકારોના મતે હસીના સરમુખત્યારશાહી ચલાવીને તેમના વિરોધીઓને કચડી નાંખતા રહ્યા છે. બાંગ્લાદેશનું લશ્કર પણ શેખ હસીનાની સાથે હોવાથી વિરોધીઓને ફાવટ આવતી નથી. શેખ હસીનાને હટાવવા માટે વિપક્ષ સતત કોઈ મુદ્દો શોધતો રહ્યો છે. હાલમાં વિદ્યાર્થીઓ દ્વારા અનામત વિરોધી આંદોલન ખડુ કરાતા જ જમાત સહિતનાં કટ્ટરવાદી સંગઠનોને શેખ હસીનાને ભીંસમાં લેવાની તક મળી ગઈ છે.

બીજી તરફ શેખ હસીના પણ કોઈ બાંધછોડ કરવાના મુડમાં નથી. આ આંદોલનને નિપટાવવા સાથે તે વિપક્ષને પણ માત આપવાની કવાયતમાં છે. કેમ કે અનામતનો લાભ મેળવનારા ૯૦ ટકાથી વધારે પરિવારો હસીનાની અવામી લીગના સમર્થકો છે. બાંગ્લાદેશની સ્થાપના ૧૯૭૧માં થઈ એ પહેલાં તે પાકિસ્તાનનો હિસ્સો હતો. આઝાદી વખતે અંગ્રેજોએ ધર્મના આધારે પંજાબ અને બંગાળ એ બે મહત્વનાં રાજ્યોનું વિભાજન કર્યું હતુ. બંગાળમાં હિન્દુઓ અને મુસ્લિમોની વસતી લગભગ સરખી જ હતી. જો કે, બંગાળના મુસ્લિમો પાકિસ્તાનની રચનાના પ્રણેતા મોહમ્મદઅલી ઝીણાના સમર્થક ન હતા. તેથી તેમણે ભારતથી અલગ થવા ઈન્કાર કર્યો હતો. સામે પક્ષે આખું બંગાળ ભારતમાં ભળી જાય તેમ અંગ્રેજો ઈચ્છતા ન હતા. તેથી તેમણે લોકલાગણીને અવગણીને બંગાળનું વિભાજન કરી નાંખ્યું હતુ.

દેશના ભાગલા વખતે પશ્ચિમ બંગાળ ભારતમાં રહ્યું અને પૂર્વ બંગાળ પાકિસ્તાન સાથે ભળ્યું. બંગાળીઓને પોતાની સંસ્કૃતિ, પોતાની ભાષા, પોતાના વારસાનું બહુ ગૌરવ છે. બીજી તરફ પાકિસ્તાનમાં પંજાબીઓ અને સિંધીઓનું વર્ચસ્વ હતું. આ કારણે સંઘર્ષનો આરંભ થયો. શેખ હસીનાના પિતા શેખ મુજીબુર રહેમાને આ સંઘર્ષની આગેવાની લીધી. ભારતે તેમો લાભ લઈને પૂર્વ પાકિસ્તાનના ક્રાન્તિકારીઓને મદદ કરતાં બંગાળી લોકોના આક્રોશને ડામવો પાકિસ્તાનની તત્કાલિન સરકાર માટે મુશ્કેલ બની ગયો. પાકિસ્તાનના તે સમયના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને બંગાળીઓની લડતને કચડી નાંખવા અત્યાચારો કરવા માંડયા. પાકિસ્તાને આતંકવાદીઓ જેવા રઝાકારની ભરતી કરીને બંગાળીઓ ઉપર અસહ્ય અત્યાચારો શરૂ કર્યા. આ દમનમાં અસંખ્ય લોકોએ જીવ ગુમાવ્યા. આ અત્યાચારો સામે અહિંસક લડત કામ લાગે તેમ નહોતી. એટલે મુજીબુર રહેમાને લોકોને પૂરી તાકાતથી લડી લેવાનું એલાન કર્યું. જેને પગલે બંગાળીઓ રસ્તા પર ઉતરી આવ્યા. આ આંદોલનને કચડી નંખવા ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ યાહ્યાખાને લશ્કરને છૂટો દોર આપી દીધો.

બંગબંધુ શેખ મુજિબુર રહેમાનની ધરપકડ થઈ. મુજિબુરના સમર્થકોને ખતમ કરવા પાકિસ્તાની લશ્કરે ઓપરેશન સર્ચલાઈટ શરૂ કર્યું. મુજિબુર રહેમાનના સમર્થકોએ પાકિસ્તાની લશ્કરના અત્યાચારો સામે બંગાળીઓનું રક્ષણ કરવા હથિયાર ઉઠાવ્યાં. ૧૦ એપ્રિલે બાંગ્લાદેશમાં પ્રોવિઝનલ ગવર્નમેન્ટ રચાઈ. આ સરકારે મોહમ્મદ અતાઉલ ગોની ઉસ્માનીને કમાન્ડર બનાવીને મુક્તિ બાહિની રચી અને બાંગ્લાદેશની આઝાદી માટે જંગ શરૂ થયો. આ જંગમાં ભારતે મુક્તિબાહિનીને મદદ કરતા પાકિસ્તાનના પણ ભાગલાં પડી ગયા. શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના પહેલા રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમણે પોતાની સાથે લડનારા આઝાદીના લડવૈયાઓના પરિવારજનો માટે સરકારી નોકરીઓમાં ૩૦ ટકા અનામતની જાહેરાત કરી હતી. આ અનામતના કારણે અવામી લીગની વફાદાર મતબેંક ઉભી થઈ. આ મતબેંક તૂટી જાય તેમ હસીના ઈચ્છતા નથી. પરંતુ વર્તમાન સંજોગો તેથી વિપરિત છે. શેખ હસીના રાજકારણના પણ પાકાં ખેલાડી હોવાથી અત્યારે કદાચ કશું ના કરે. પરંતુ ભવિષ્યમાં અનામત પાછી લાવવા પેંતરા કરી શકે છે.

ભૂતકાળમાં હસીનાએ એવું કર્યું જ છે. ૨૦૧૮માં અનામત સામે પ્રચંડ આંદોલન થયું પછી હસીનાએ અનામત રદ કરી દીધી હતી. જેને કારણે ૨૦૧૮ પછી બાંગ્લાદેશમાં અનામત જ નહોતી. હસીનાના આ પગલાથી અવામી લીગના સમર્થકોમાં નારાજગી ઉભી થઈ હતી. આ નારાજગી દૂર કરવા હસીનાએ ફરી ૩૦ ટકા અનામતનો અમલ કરાવવા માટે હાઈકોર્ટમાં અરજી કરાવી હતી. બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલાં શેખ હસીના પોતે સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની અનામતની તરફેણમાં હોવાનું કહેતાં હતાં. સતામાં આવ્યા પછી તેમણે હાઈકોર્ટ પાસે અનામતની તરફેણમાં ચુકાદો અપાવડાવીને પોતાના સમર્થકોનાં દિલ જીતી લીધાં હતાં. હવે ફરી અનામત નાબૂદ થઈ જાય તો હસીનાના વિરોધીઓનો નૈતિક વિજય ગણાય. હસીના એવું થવા દે એવાં નથી. જો કે, ફરી અનામત આવશે તો બાંગ્લાદેશમાં ફરી તોફાન મચશે તે નક્કી છે.

manoj1968@yahoo. ca






# સુરતમાં ભજીયાની લારી પર ડ્રગ્સનું વેચાણ કરતો કમ્પ્યુટર એન્જિનિયર નીકળ્યો, મિત્ર સાથે ધરપકડ

## અતહર મંસુરીએ ક્રિપ્ટોમાં રોકાણ કર્યું હતું પણ નુકશાન જતાં છ મહિનાથી ડ્રગ્સ વેચતો હતો

**સુરત**

લાલગેટ પોલીસે ગત શુક્રવારે સાંજે હોડી બંગલાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં મોઈનુદ્દીન સલાઉદ્દીન અંસારીની ભજીયાની લારી ઉપર રેઈડ કરી ત્યાંથી રૂ.12.57 લાખની મત્તાના 125.71 ગ્રામ એમ.ડી.ડ્રગ્સ સાથે મોઈનુદ્દીન, તેના બે મિત્રો કાપડ દલાલ મોહમદ જાફર મોહમદ સિદીક ગોડીલ અને શ્રમજીવી રાસીદ જમાલ ઉર્ફે બનારસી ઉસ્માનગની અંસારીની ધરપકડ કરી હતી.કામ બરાબર ચાલતું ન હોય ડ્રગ્સના બંધાણી કાપડ દલાલ મોહમદ જાફર ગોડીલે મુંબઈથી ડ્રગ્સ લાવી મિત્ર મોઈનુદ્દીનની લારી ઉપરથી ડ્રગ્સ વેચવા માંડયું હતું.તેમને માટે ગ્રાહક શ્રમજીવી મિત્ર રાસીદ જમાલ ઉર્ફે બનારસી શોધી લાવતો હતો.ગ્રાહકો સાથે ‘દવા’ કોડવર્ડમાં ડ્રગ્સનું વેચાણ થતું હતું.લાલગેટ પોલીસે આ અંગે ગુનો નોંધી મોહમદ જાફર ગોડીલની પુછપરછ કરતા તે ડ્રગ્સ ભરૂચથી શેખ ઝમીર મારફતે અતહર મંસુરી પાસેથી મંગાવતો હોવની કબૂલાત કરતા લાલગેટ પોલીસની એક ટીમે ભરૂચ હાજીખાના બજારમાં રહેતા અને કોમ્પ્યુટર એન્જીનીયર 27 વર્ષીય અતહર આરીફ મંસુરીને ઝડપી લીધો હતો. તેની પુછપરછ કરતા તે ડ્રગ્સ મુંબઈમાં રહેતા મિત્ર અશરફ અબ્દુલ રઝાક સોખીયા પાસેથી મંગાવતો હોય પોલીસની એક ટીમે મુંબઈ પહોંચી મૂળ ભાવનગર તળાજાના ત્રાપજના વતની અશરફ સોખીયાને પણ ઝડપી લીધો હતો. વધુમાં આરિફે પોતે ક્રિપ્ટોમાં રોકાણ કર્યું હતું. પરંતુ ખોટ જતાં તે ડ્રગ્સના વેચવામાં જોતરાયો હતો.

# ખાડીપૂરથી સુરતના લોકો ત્રાહિમામ 1 હજારથી વધુ ઘરોમાં પાણી ભરાયાં

**સુરત**



સુરતમાં ચાર દિવસથી અવિરત વરસાદ વરસી વરસી રહેલા વરસાદએ સુરતની સુરત બદલી નાખી છે. ઉપરવાસમાં વરસી રહેલા વરસાદને લઈ સુરત શહેરની વિવિધ ખાડીઓ ભય જનક સપાટી વટાવી ચૂકી છે લિંબાયત વિસ્તાર માંથી પસર થતી મીઠી ખાડી ભય જનક સપાટી વટાવી દેતા ખાડીનું પાણી લોકોના ઘરોમાં ફરી વળ્યું છે.

મીઠી ખાડી વિસ્તારમાં રહેતા 10થી થી વધુ લોકો પૂરગ્રસ્ત થઈ ગયા છે.તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં લોકાનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. મીઠી ખાડીમાં રહેતા લોકોને સાથે આવવા રેસ્ક્યુ ટીમ અપીલ કરી રહી છે. ફાયર વિભાગ દ્વારા 40 થી વધુ પરિવારોનાં રેસ્ક્યુ કર્યા છે. મીઠી ખાડી 9 મીટરની સપાટીએ પહોંચી ગઈ છે.

બીજી તરફ પાલિકાના નવા વિસ્તાર કઠોદરા, પોસાદરામાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. વરસાદી પાણીથી ઘેરાયેલી સોસાયટીમાં મેયર-સ્થાયી સમિતિ અધ્યક્ષની મુલાકાત લીધી હતી અને ફસાયેલા લોકો માટે ટ્રેકટર અને બોટની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દરમિયાન ભરાયેલ પાણીના કારણે વેલંજા વિસ્તારના રાજીવનગરમાંથી લગભગ 60 જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

# સુરત એરપોર્ટ પર 70 લાખના સોનાના બક્કલ સાથે વધુ એક પેસેન્જર ઝડપાયો

**સુરત**

સુરત એરપોર્ટ પર છાશવારે ગેરકાયદે સ્મગલીંગના ઈરાદે ગોલ્ડ,રફ ડાયમંડ તથા વિદેશી કરન્સી સાથે એકથી વધુ પેસેન્જર્સ ઝડપાયા છે.અલબત્ત કસ્ટમ વિભાગે કડક પગલાં ભર્યા બાદ પણ તાજેતરમાં સુરત એરપોર્ટની સ્કેનીંગ મશીનની આંખમાં ધૂળ નાખીને 70 લાખની કિંમતના સ્મગલીંગ ગોલ્ડ સાથે માંગરોળ તાલુકાના શકદાર અબ્દુલ સમદ ફારૂક બેમાત,ફિરોઝ ઈબ્રાહીમ નુર,નઈમ સાલેહ તથા ઉમૈયા નઈમ સાલેહ એરપોર્ટ પરથી તો બહાર નીકળી ગયા હતા. પરંતુ એસઓજી પોલીસે ચારેય આરોપીઓની તલાશી લેતા સ્પ્રેમાં 70 લાખના ગોલ્ડ સ્મગલીંગથી લાવ્યા હતા. જે અંગેનું બીલ પોલીસે માંગતા બોગસ હોવાનું બહાર આવ્યું હતુ.જો કે પોલીસે કસ્ટમ વિભાગને જાણ કરવાને બદલે બોગસ બીલીંગનો કેસ કર્યો હતો. અગાઉ પણ એસઓજી પોલીસે એરપોર્ટ બહારથી ચાર આરોપીઓને ગોલ્ડ સ્મગલીંગમાં બોગસ બીલીંગના આધારે ઝડપ્યા હતા. જો કે 70 લાખના ગોલ્ડ સ્મગલીંગના બોગસ બીલીંગના કેસમાં બે આરોપી ઉમૈયા સાલેહ તથા ફિરોઝ નુરના બચાવપક્ષે નદીમ ચૌધરીએ મેડીકલ ગ્રાઉન્ડ પર આરોપીઓને શરતી જામીન મેળવ્યા છે.પરંતુ બે આરોપીઓ હજુ જેલમાં છે.

# ગુજરાત રાજ્યમાં ડ્રગ્સ વેચવાનું ટેન્ડર ભાજપના પાસે : ગોપાલ ઇટાલિયા

સુરત : સુરત શહેરમાંથી ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા ભાજપના યુવા મોરચાના સક્રિય કાર્યકર સામે માફિયા ગેંગની કલમ દબાણના કારણે લગાવવામાં ન આવી હોવાનો આક્ષેપ આપના નેતા ગોપાલ ઈટાલિયાએ કર્યો છે. તેઓએ કહ્યું હતું કે, હવે ભાજપના રાજમાં ભાજપના લોકો દ્વારા ગુજરાતના લોકોને ડ્રગ્સના દુષણમાં હોમવાનું કામ થઈ રહ્યું છે. દારૂની લડાઈ હજી પૂરી નથી થઈ અને ભાજપના રાજમાં ડ્રગ્સનું પ્રમાણ વધે તો એ આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. રાજ્યમાં ડ્રગ્સ વેચવાનું ટેન્ડર ભાજપ પાસે છે.

# ઉમરપાડામાં 13 ઈંચ ખાબક્યો, 300 રોડ બંધ, જનજીવન અસ્ત-વ્યસ્ત

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના અનરાધાર વરસાદને પગલે જનજીવન ઠપ થઈ ગયું છે. સુરતના ઉમરપાડામાં 24 કલાકમાં 13.15 ઈંચ, પલસાણામાં 9.25 ઈંચ, માંગરોળ અને બારડોલીમાં 9 ઈંચ વરસાદને પગલે જિલ્લાના 132 જેટલા રસ્તા બંધ થઈ ગયા છે. કીમ-ગોથાણ વચ્ચે રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળતા ટ્રેન વ્યવહારને અસર થઈ છે. પલસાણા ચલથાણ ખાડીમાં એક તેમજ માંડવીમાં બે વ્યક્તિ તણાઈ ગયા છે. જેમાં બેના મૃતદેહ મળ્યા છે. નવસારીમાં ખેરગામમાં 9.9 ઈંચ અને નવસારી વાંસદામાં 6.5 ઈંચ વરસાદ ખાબક્યો છે. તાપી જિલ્લામાં ડોસવાડા ડેમ છલકાઈ ગયો છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં 5000 જેટલા લોકોનું સ્થળાંતર કરાવાયું છે. પાંચ જિલ્લામાં 300 વધુ રસ્તા, કોઝવે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# વડોદરામાં રીઢા આરોપી અજયના મોબાઈલ ફોનમાંથી 150 ગર્લફ્રેન્ડના નામોની યાદી મળી

## ગર્લફ્રેન્ડનો શોખીન અજય રોજ રાત્રે વોટ્સએપ અથવા વીડિયોકોલથી વાતો કરતો હતો

**વડોદરા**

મહિલાઓ સાથે મિત્રતા કરી અવાવરૂ જગ્યાએ લઈ જઈને દુષ્કર્મ કરી તેમજ જો કોઈ મહિલા પ્રતિકાર કરે તો હત્યા કરી રૂપિયા તેમજ દાગીનાની લૂંટ કરવાની વિકૃત માનસિકતા ધરાવતા અજય ઉર્ફે અનિલ વાળાને ૧૫૦ જેટલી ગર્લફ્રેન્ડ હોવાનું તેની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે.

કરજણ તાલુકાના કંડારીમાં રહેતી મહિલાને પોર ગામ પાસેથી પોતાની થાર જીપમાં લિફ્ટ આપીને તેની સાથે મિત્રતા કર્યા બાદ તેને બીજી વખત લિફ્ટ આપી ત્યારે મહિલાને ઢોર માર મારી તેના દાગીના અને રોકડ લૂંટી લેવાની ફરિયાદ બાદ જિલ્લા પોલીસે અમદાવાદના નવાનરોડા વિસ્તારમાં રહેતા અજય ઉર્ફે અનિલને ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસેથી ત્રણ મોબાઈલફોન કબજે કર્યા હતાં.

પોલીસ દ્વારા પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા રીઢા આરોપી અજય ઉર્ફે અનિલ વાળાને ૧૫૦ જેટલી ગર્લફ્રેન્ડ હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. રોજ રાત્રે તે મોબાઈલફોનમાં વોટ્સએપ કોલ અથવા વીડિયોકોલથી વાતો કરતો હતો. વિકૃત માનસિકતા ધરાવતા રીઢા આરોપીની મહિલાઓ સાથે મિત્રતા કરી તેને ભોળવવાની આદત જાણી પોલીસ પણ ચોંકી ગઈ હતી. મહત્વની વાત એ છે કે તેને થોડા સમય પહેલાં જ પ્રેમલગ્ન કર્યા છે તેમજ તેને ચાર માસનો એક પુત્ર પણ સંતાનમાં છે.

# 'રાષ્ટ્રવાદી નહીં પણ જ્ઞાતિવાદી બનો' કોંગ્રેસના ભૂરિયાનું વિવાદિત નિવેદન

**થરાદ**

ખેંગારપુરા ગામે ગંગા થાળી સામાજિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ચૌધરી સમાજના ભાજપ તથા કોંગ્રેસના અગ્રણીઓ તથા સમાજના આગેવાનો અને લોકો હાજર રહ્યા હતા. જેમાં દિયોદરના કોંગ્રેસના ચૌધરી સમાજના પૂર્વ ધારાસભ્ય શીવાભાઈ ભૂરીયાએ જણાવ્યુ કે, રાષ્ટ્રવાદી નહીં પણ જ્ઞાતિવાદી બનો, સામાજીક એકતા નહીં સાધો તો ચૌધરી સમાજને નુકસાન ભોગવવાનો વારો આવશે અને ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીમાં આપણે એક નહીં થાય તો એક પણ સીટ નહીં લાવી શકીએ. દિયોદરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય શિવાભાઈ ભૂરીયાએ ખેંગારપુરા ગામે વધુમાં જણાવ્યુ કે, એક જ સમાજના પરથીભાઈ ભટોળ અને વિપુલભાઈ ચૌધરી એક સમાજના હોવા છતાં સામાજિક એકતા ના સાધી શકતા ફેડરેશન ખોયું છે. સામાજિક એકતા નહીં થાય તો આંજણા પટેલ સમાજને ભોગવવાનો વારો આવશે. તેઓએ કેશાજી ઠાકોર પર નિશાન સાધતા કહ્યું હતું કે , કેશાજી ઠાકોરે લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીમાં ભાજપને વોટ આપવાનું કહ્યું હતું. પરંતુ તેમણે લોકસભાની ચૂંટણીમાં એક પણ વખત ભાજપના રેખાબહેન ચૌધરીનું નામ લીધું ના હતું. તો પણ ભાજપે કેશાજી ને શું બગાડયું ?

# પુત્રને છોડી દેવા મુદ્દે પુત્રની માતા-પ્રેમિકા વચ્ચે મારામારી થતાં ફરિયાદ

**વડોદરા**

મારા દીકરા સાથે કેમ ફરે છે? છોડી કેમ દેતી નથી તેમ કહેતા પ્રેમીની માતા અને પ્રેમિકા વચ્ચે બીચકેલા મામલામાં હાથાપાઈ અને મારામારી થઈ હતી.

ગોરવા પોલીસ મથકે પરિણીતા હેમાંગીનીબેન (26) દરજીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, બોરવા આનંદવન કોમ્પ્લેક્ષ પાછળ શિવ શક્તિ સોસાયટીમાં રહેતા નિમેષ દરજી સાથે સાત વર્ષ અગાઉ લગ્ન થયા છે. દશામાં મંદિર ચોકડી પાસેના ઓમ ફ્લેટમાં રહેતી પ્રિયંકા પંકજ દુબલા(35)ને પતિ નિમેષ સાથે પ્રેમ સંબંધ છે. દારૂના રવાડે ચડેલ પતિનો પીછો છોડાવવા તેના એના માતા-પિતા અને પત્ની હેમાંગીની પ્રેમિકા પ્રિયંકાને વારંવાર સમજાવતા હતા. આ બાબતે મામલો બીચકતા નિમેષની માતાએ પ્રિયંકાને ફોન કર્યો હતો. મારા દીકરા સાથે કેમ ફરે છે તેની સાથે પ્રેમ સંબંધ કેમ રાખે છે, અને દારૂ કેમ પીવડાવે છે તેમ કહેતા પ્રિયંકા ક્રોધે ભરાઈ હતી. તાબડતોબ પ્રેમીના ઘરે પહોંચી હતી. પ્રેમીની માતા અને પ્રિયંકા વચ્ચે બોલાચાલી થતા બીચકેલા મામલામાં પ્રેમિકાએ નિમેષની માતાને બે-ત્રણ લાફા ઝીકી દીધા હતા. આ અંગે મામલો બિચકતા થયેલી મારામારીમાં પ્રિયંકાના કપડા પણ ફાટી ગયા હતા.

# ગુરૂપૂર્ણિમા નિમિત્તે નડિયાદના સંતરામ મંદિર, ડાકોરમાં દર્શન કરવા માટે ભક્તો ઉમટી પડ્યા

**નડિયાદ**



નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં ગુરુપૂણમાના પવિત્ર દિવસે ડાકોર રણછોડરાયજી મંદિર અને નડિયાદ સંતરામ મંદિર સહિત ફાગવેલ અને અન્ય તીર્થધામોમાં ભક્તોનુ સવારથી જ ઘોડાપૂર ઉમટયું હતુ. ભક્તોએ મંદિરના ધામમાં ભગવાનના દર્શન કરી અને ગુરૂના પૂજન, અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.

ખેડા જિલ્લામાં રવિવારે ગુરૂપૂણમા મહોત્સવની ઉજવણી ભારે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. નડિયાદ સંતરામ મંદિર, માઈમંદિર, અંબાઆશ્રમ, સહિત અનેક નાના મોટા મંદિરો, ગુરૂગાદી તથા આશ્રમોમાં ગુરૂપૂણમા નિમિત્તે મોટી સંખ્યામાં ગુરૂભક્તો ઉમટી પડ્યા હતા.

નડિયાદ શહેરમાં આવેલ સુપ્રસિધ્ધ સંતરામ મંદિરમાં પાદુક પૂજન અને ગુરૂવંદના કરવા હજારો ભક્તો ઉમટી પડયા હતા આ સાથે શહેરના કોલેજ રોડ પર આવેલ અંબાઆશ્રમમાં ગુરૂપાદુકા પુજન કરવામાં આવી હતી. મંદિરના અંબાપ્રસાદ મહારાજનું માઈભક્તો દ્વારા ગુરૂપુજન કરવામાં આવ્યું હતું. મહારાજ ઉપસ્થિત સૌ માઈભક્તોને આર્શીવચન પાઠવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયામાં વર્ક વિઝા પરમીટના બહાને આણંદના એજન્ટે રૂપિયા 30 લાખ પડાવ્યા

## વિઝા આપવાની વાત કરી 1 વર્ષ સુધી વિઝા આપ્યા નહી, પૈસા પરત માંગતાં ફોન બંધ કરી દીધો

**આણંદ**

નડીયાદ ખાતે રહેતા અને રેડીમેઈડ કાપડની દુકાન ધરાવતા વ્યવસાય કરતા લતીફભાઈ મોટાના (ઉ.વ.૪૫) એ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આણંદમાં રહેતા અને વૈભવ કોમર્શિયલ કોપલેક્ષમાં કેન્દીડ વિઝા કન્સ્ટલ્સટન્સીના નામે વિઝા કન્સ્ટલ્સટન્સીનો વ્યવસયાય કરતા કુણાલભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીએ તેમના ભાણીયાને ઓસ્ટ્રેલિયા જવાની ઈચ્છા હોવાથી તેમના પરિચીત મારફતે ઉપરોક્ત એજન્ટનો સંપર્ક કર્યો હતો. એટલું જનહી ફરિયાદીના મિત્રના પુત્રને પણ ઓસ્ટ્રેલિયા જવાનું હોવાથી બન્ને મિત્રોએ ૨૦૨૩માં એજન્ટને વાત કરી હતી.

એજન્ટે રૂા. ૧૫ થી૨૦ લાખ ફીની વાત કરી હતી અને રૂપિયા આપી દીધા બાદબે મહિનામાં વિઝા આપવાની વાત કરી હતી. તેમ કહીને ટુકડે ટુકડે બન્ને યુવકના પરિવારનો પાસે રૂા. ૩૦,૧૦,૦૮૨ મેળવી લીધા હતા અને વિઝાની માંગણી કરતાં આરોપીએ વિઝા આવી ગયા કહીને ઓસ્ટ્રેલિયા સરકારનો લેટર આપ્યો હતો.જો કે ફરિયાદી તેમના પરિચીત દ્વારા ખરાઈ કરતાં લેટર બોગસ હોવાની ખબર પડી હતી, ફરિયાદીને છેતરાયા હોવાની જાણ થતાં તેઓએ રૂપિયા પરત માગ્યા હતા. જેથી આરોપીએ બન્ને યુવકના પરિવારજનોને સાત સાત લાખના ચેકો આપીને હમણાં જમા ના કરતા કહ્યા બાદ મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો.

# વડોદરામાં ટાંકીમાં પડી જવાથી બે અને વરસાદથી ચારના મોત

**વડોદરા**

શહેરમાં ન્યૂ વી.આઈ.પી. રોડ ખોડિયાર નગર પાસે શ્રીજી વિલામાં રહેતા ૫૬ વર્ષના પરેશભાઈ બાબુલાલ શાહના ઘરે પાણીની મોટર ખરાબ થઈ જતા તેઓ મોટર જોવા ગયા હતા. લાંબા સમય સુધી તેઓ પરત નહીં આવતા તેમના પત્ની છાયાબેન જોવા ગયા હતા. ત્યારે જાણ થઈ કે, પરેશભાઈ પાણીની ટાંકીમાં પડી જવાથી ડૂબી જતા તેઓનું મોત થયું હતું. આ ઉપરાંત સેવાસી ગામમાં રહેતા ૫૪ વર્ષના શિલ્પાબેન અશોકભાઈ પટેલ બુધવારે પાણીની ટાંકીમાં પડી જતા ડૂબી જતા મોતને ભેટ્યા હતા. વાઘોડિયા રોડ ઉકાજીના વાડિયામાં રહેતા ૩૯ વર્ષના રવિ અરવિંદભાઈ રાવલ ગઈકાલે ઘરે કપડા સુકવતા હતા. તે દરમિયાન નીચે પડતા તેનું મોત થયું હતું. હરણી વારસિયા રીંગ રોડ પરની ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં રહેતા નેહાબેન મનોજભાઈ ચંદવાની ( ઉ.વ.૫૫) ગઈકાલે ઘરે પડી જતા તેઓનું મોત થયું હતું. જ્યારે આજવા રોડ ચામુંડા નગરમાં રહેતો ૨૧ વર્ષનો પરમવીર દિનેશસિંહ સોલંકી ગઈકાલે બપોરે ઘરે પાણની ઈલેક્ટ્રિક મોટરમાંથી પાઈપ કાઢતો હતો. તે સમયે તને કરંટ લાગતા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

# પાદરા નગરપાલિકામાં વિચિત્ર કિસ્સો : બાંધકામ સમિતિના ચેરપર્સનનું સભ્યપદ રદ

**વડોદરા**

વડોદરા જિલ્લાની પાદરા નગર પાલિકામાં અપક્ષ તરીકે ચૂંટાયેલા મહિલા સદસ્ય અને બાંધકામ સમિતિના ચેરપરસન ઈલાબેનને પાલિકાની સભાઓમાં સતત ગેરહાજર રહેવા બદલ સભ્યપદેથી બરખાસ્ત કરવામાં આવ્યા છે. પાદરા નાગર પાલિકાની વર્ષ-૨૦૨૦ માં યોજાયેલી ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર-૩ માંથી ઈલાબેન પટેલ અપક્ષ તરીકે ચુંટાઈ આવ્યા હતા.આ ચૂંટણીમાં કુલ ૨૮માંથી ૨૩ સભ્યો ભાજપના હતા. જ્યારે બાકીના પાંચ સભ્યોએ પણ ભાજપને સમર્થન આપ્યું હતું.જેથી ઈલાબેન પણ ભાજપ સમર્થિત સભ્ય હતા અને તેમને બાંધકામ સમિતિના ચેરપરસન તરીકે હોદો પણ સોંપવામાં આવ્યો હતો.

# સેવાલિયાથી રૂ.14.90 લાખના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો, એકની ધરપકડ કરાઈ

## આંતરરાજ્ય ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ, 3 શખ્સો સામે ગુનો

**નડિયાદ**

સેવાલીયા પોલીસે સેવાલિયા બસ સ્ટેન્ડ ઉપરથી પરપ્રાંતીય ઈસમને રૂ.૧૪.૯૦ લાખના મેફેડ્રોન નામના ડ્રગ્સની બેગ સાથે ઝડપી પાડયો હતો. આ ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશથી લાવી રાજકોટ પહોંચાડવાનો હોવાનું બહાર આવ્યુ હતું. આ બનાવ સંદર્ભે સેવાલિયા પોલીસે નાર્કોટિક્સ ડ્રગ્સ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

સેવાલીયા પોલીસ અને ડાકોર સીપીઆઈએ ગુપ્ત બાતમીના આધારે શનિવારે મોડી સાંજે એક ઓપરેશન પાર પાડયું હતુ. જેમાં પોલીસને બાતમી મળી હતી કે સેવાલીયા બસ સ્ટેન્ડ નજીક રેલવે કોલોની પાસે એક શંકાસ્પદ ઈસમ ડ્રગ્સ લઈને આવનાર છે. જેથી પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ ઈસમની અટક કરી પુછપરછ કરતા આ ઈસમે પોતાનું નામ ગોપાલ નથુલાલ મહેર (રહે. દુધાલીયા, ઝાલાવાર, રાજસ્થાન)? હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગોપાલ પાસેની બેગની તલાશી લેતા અંદરથી પીળાશ પડતો ભૂકા જેવો પાવડર મળી આવ્યો હતો.

# ભૂતાનના રાજા અને વડાપ્રધાનનું વડોદરા એરપોર્ટ ખાતે ભારતીય પરંપરા મુજબ ભવ્ય સ્વાગત

**વડોદરા**

ભૂતાનના રાજા અને વડાપ્રધાન ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે વડોદરા આવી પહોંચ્યા હતા. ભૂતાનના રાજા અને વડાપ્રધાનનું એરપોર્ટ ખાતે આગમન થયું ત્યારે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને પ્રદર્શિત કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ભૂતાનના રાજા જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા પ્રધાનમંત્રી શેરિંગ તોબગેનું વડોદરા એરપોર્ટ ખાતે મહાનુભાવો દ્વારા સ્વાગત કરાયા બાદ ગરબા સાથે આગમનના વધામણા કરવામાં આવ્યા હતા. બંને મહાનુભાવો વડોદરા એરપોર્ટ ઉપર આવી પહોંચતા પરંપરાગત ગુજરાતી ગરબા અને ઢોલના નાદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# UK પરમિટ વિઝા અને નોકરીનાં બહાને રાજકોટના યુવક સાથે 14 લાખની ઠગાઈ

## સુરતમાં વરાછામાં રહેતા આરોપીએ યુવકને બાયોમેટ્રીકની એપોઈન્ટમેન્ટ માટે અમદાવાદ મોકલતા ભાંડો ફૂટયો હતો

**રાજકોટ**

રાજકોટમાં રહેતા યુવક સાથે યુકેનાં 5 વર્ષના સ્કિલ્ડ વર્ક પરમીટ વીઝા અને નોકરી અપાવી દેવાના બહાને સુરતના મોટા વરાછામાં સેટેલાઈટ રોડ પર અનમોલ રો હાઉસમાં રહેતાં જૈમીન હિંમતભાઈ લાઠીયાએ રૂા. 14.18 લાખની ઠગાઈ કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મવડીની મધુવન પાર્ક સોસાયટીમાં શ્રેષ્ઠ વિલા એપાર્ટમેન્ટમાં રહેતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં અરવિંદભાઈ કાછડીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેને પુત્ર કૌશલને પણ યુકેમાં 5 વર્ષના વર્ક પરમીટ વીઝા પર મોકલવાનો હતો. આ બાબતની જાણ થતાં રાજે કોલ કરી જણાવ્યું કે તેને સુરતના જૈમીને સ્ટુડન્ટ વીઝાની પરમીટ કરાવી આપી હતી. જેથી કૌશલને પણ તેજ વર્ક પરમીટ વીઝા કઢાવી આપશે. તે સાથે જ રાજે ગઈ 23 જાન્યુઆરીના રોજ જૈમીન સાથે તેની કોન્ફરન્સ કોલમાં વાત કરાવી હતી. તે વખતે જૈમીને કહ્યું કે તમારા પુત્ર કૌશલને પાંચ વર્ષના સ્કિલ્ડ વર્ક પરમીટ વીઝા અને નોકરીનું કરાવી આપીશ. જેનો ખર્ચ અંદાજે 17 લાખ જેટલો થશે. રકઝક કરતાં 15.50 લાખમાં કામ કરી આપવા તૈયાર થઈ ગયો હતો. એપ્રિલ દરમિયાન કટકે-કટકે આંગડીયા મારફત રૂા.14.18 લાખ પણ મોકલી દીધા હતા.

આ બધી પ્રક્રિયા બાદ જૈમીને કોલ કરી જણાવ્યું કે તમારા પુત્ર કૌશલની તા. 15 એપ્રિલના રોજ બાયોમેટ્રીકની એપોઈન્ટમેન્ટ અમદાવાદના પરીમલ ગાર્ડન ચાર રસ્તા ખાતે છે. જેથી પુત્રને લઈને તે સ્થળે જઈ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તેના પુત્રનું કયાંય નામ જ નથી. પરિણામે જૈમીનને કોલ કરતાં રીસીવ કર્યો ન હતો. વોટસએપ મેસેજનો પણ કોઈ જવાબ નહીં આપતાં પરિસ્થિતિ પામી ગયા હતા. આજ સુધી તેનો મોબાઈલ ફોન પણ બંધ આવતાં હોવાથી આખરે તેના વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સસ્પેન્ડેડ નીતા જામીન અરજી પરત નહિ ખેંચે તો 5 લાખનો દંડ થશે

**ભુજ**

કુખ્યાત બૂટલેગર સાથે થાર જીપમાં રાજસ્થાનથી મેળવેલા અંગ્રેજી શરાબની ખેપ મારતી વખતે રસ્તામાં પોલીસ ચેઝ દરમ્યાન જીપને અટકાવવા ફાયરિંગ કરનારા પોલીસ કર્મી પર જીપ ચઢાવી હત્યાનો પ્રયાસ કરવાના ચકચારી પ્રકરણની હાઈ પ્રોફાઈલ સસ્પેન્ડેડ સીઆઈડી ક્રાઈમની કોન્સ્ટેબલ એવી નીતા ચૌધરીના સેશન્સ કોર્ટે જામીન રદ કર્યા બાદ ફરાર થઇ ગુજરાત એટીએસના હાથે પકડાઈ, ગળપાદરની વિવાદાસ્પદ જેલમાં ગયેલી ફરજ મોકૂફ કોન્સ્ટેબલે સેશન્સ કોર્ટના જામીન રદ કરવાના હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જેની સુનાવણી કરતાં જજએ કહ્યું હતું કે, અરજદારના જામીન રદ કર્યા છે તે બરોબર નિર્ણય કર્યો છે. જો આ અરજી પરત લેવામાં નહીં આવે તો અરજદારને કોર્ટ રૂા.૫ લાખથી વધુનો દંડ કરશે. નામદાર કોર્ટે વધુમાં કહ્યું હતુ કે, અરજદાર પર ગંભીર આરોપ છે. જો અરજદાર નિર્દોષ હતા તો ભાગી કેમ ગયા? પોલીસ થઈને બુટલેગરને સેફ પેસેજ શા માટે આપતા હતા?

# નાના ભાઈની હત્યામાં પકડાયેલા મોટાભાઈને 10 વર્ષની સખત કેદ

## પત્નીને આડા સંબંધો હોવાની જાણ કરતાં ઝગડો થયો હતો બોલેરો હડફેટે લઇ મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવી હતી

**રાજકોટ**

રાજકોટ નજીકના રૈયા ગામની સીમમાં વાડીએ મુકેશ મોહન રોજાસરાને બોલેરોની હડફેટે લઈ હત્યા કરવાના ગુનામાં પકડાયેલા તેના મોટાભાઈ રાજુ (ઉ.વ.૪૫)ને રાજકોટની પ્રિન્સીપાલ સેશન્સ જજ વી.બી. ગોહીલે સાપરાધ મનુષ્યવધના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સખત કેદની સજા ફરમાવી હતી. સાથોસાથ રૂા. ૧૦ હજારનો દંડ ભરવાનો પણ હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે રૈયા ગામની સીમમાં પોતાની વાડીએ વાવેતર કરતાં મૃતકને ખ્યાલ આવ્યો હતો કે તેની ભાભીને ગામના જ દેવા નામના શખ્સ સાથે આડા સંબંધો છે. જેથી તેણે આ વાત પિતાને કરી કહ્યું કે ભાભીની દીકરીના હાલમાં લગ્ન છે, તેથી આવા સંબંધો યોગ્ય ન કહેવાય. આ બાબતે આરોપીને મૃતક સાથે ઝગડો થયો હતો. તે વખતે એવી દલીલ કરી હતી કે મૃતક કુટુંબની આબરૂને ઉછાળે છે.

ગઈ તા. ૫-૭-૨૦૧૭ના રોજ મૃતક પોતાની વાડીએ હતા ત્યારે સમ્પમાંથી પાણી આવવાનું બંધ થતાં મોટર સાઈકલ લઈ કૂવા તરફ જતા હતા ત્યારે તેની પત્ની પણ વાડીએ હાજર હતી. આ વખતે તેણે જોયું કે તેના પતિના મોટર સાઈકલની પાછળ આરોપી પૂરઝડપે બોલેરો યુટીલીટી લઈ જઈ રહ્યો છે. જેથી તેણે આ બાબતની જાણ કરવા માટે પતિને કોલ કર્યો હતો. પરંતુ તે સ્વીચ ઓફ મળ્યો હતો. પરિણામે તે દોડીને કૂવા તરફ પહોંચી ત્યારે તેના પતિની લાશ મોટર સાઈકલની બાજુમાંથી મળી આવી હતી.

એટલું જ નહીં મોટર સાઈકલને ઘણું નુકસાન પણ થયું હતું. જેથી તેણે પોલીસમાં પતિનું અકસ્માતના કારણે નહીં પરંતુ આરોપીએ ઈરાદાપૂર્વક વાહનથી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવી હતી.

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અગ્નિકાંડમાં 15 સામે ચાર્જશીટ, 30થી વધુ સાક્ષીના નિવેદન નોંધાયા

## નજરે જોનારા સાહેદો, ગેમ ઝોનના કર્મચારીઓના પણ જયુડીશીયલ કન્ફેશન લેવાયા, આરોપીઓએ બોગસ દસ્તાવેજો બનાવ્યા

**રાજકોટ**

બાળકો સહિત ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડને બે માસ પુરા થઈ ગયા છે. જેના આગલા દિવસે આજે ગુનાની તપાસ કરતી સીટે તમામ ૧૫ આરોપીઓ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. આ કેસમાં ૩૬૫ જેટલા સાક્ષી અને સાહેદો છે. જેમાંથી ૩૦ થી વધુ સાક્ષીઓના સીટે જયુડિશીયલ કન્ફેશન એટલે કે સીઆરપીસીની કલમ ૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદનો લેવડાવ્યા છે.

ક્રાઈમ બ્રાંચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું કે તપાસમાં એવુ બહાર આવ્યું છે કે ટીઆરપી ગેમ ઝોનમાં મુખ્યત્વે વેલ્ડીંગ વખતે આગ લાગી હતી. ગેમ ઝોન બનાવવામાં



મોટાપાયે પ્લાસ્ટીકના ફોમ શીટ, લાકડા સહિતના જવલનશીલ મટીરીયલનો ઉપયોગ થયો હતો. જેમાં ફોમશીટનો કુલીંગ વધારવા માટે ઉપયોગ થયો હતો. આ પ્રકારના જવલનશીલ મટીરીયલને કારણે આગ ઝડપથી પ્રસરી ગઈ હતી અને ૩ થી ૪ મિનિટમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. તપાસ દરમિયાન ગેમઝોનમાંથી પેટ્રોલ-ડિઝલ જેવા જવલનશીલ પ્રવાહીની હાજરી મળી નથી. ગેમ ઝોનના મુખ્ય સંચાલક પ્રકાશ હિરનનું આગમાં જ ભુંઝાઈ જવાથી મોત થયાનું બહાર આવ્યું છે. તેના આર્થિક વ્યવહારોની તપાસ કરવામાં આવી છે. આ કેસમાં સીએની પણ નિમણુંક કરવામાં આવી હતી. જેના દ્વારા ગેમ ઝોનના સંચાલકો વગેરેના બેન્કીંગ વ્યવહારો, ટ્રાન્ઝેકશન, આઈટી અને જીએસટી રીર્ટન વગેરેના ઓડીટીંગ અને રીર્પોટીંગનું કામ હાલ ચાલુ છે. આ તમામનો પુરાવા તરીકે ઉપયોગ કરાશે.

ડીસીપીએ વધુમાં જણાવ્યું કે આ કેસમાં નજરે જોનારા સાહેદો, ગેમ ઝોનના કર્મચારીઓના પણ જયુડીશીયલ કન્ફેશન લેવામાં આવ્યા છે. આરોપીઓએ બોગસ દસ્તાવેજો બનાવ્યા ત્યારે જેની હાજરી હતી તેમના પણ નિવેદનો લેવામાં આવ્યા છે.

### ભાજપના કોર્પોરેટર અને સસ્પેન્ડેડ ચારેય PIને મહદ્‌અંશે કલીન ચીટ

ડીસીપીએ જણાવ્યું કે કોર્પોરેટર રામાણીનું નિવેદન સીટ દ્વારા લેવાયું છે. ત્યાર પછી જ ચાર્જશીટ કરવામાં આવ્યું છે. કેસમાં ચાર પીઆઈને અત્યાર સુધીમાં સસ્પેન્ડ કરી દેવાયા છે. આ તમામની ગુનાઈત બેદરકારી ખુલી છે કે કેમ તે બાબતે તપાસ ચાલુ છે. જે ૧૫ આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ કરાયું છે તેમાં ધવલ ઠકકર, યુવરાજસિંહ સોલંકી, રાહુલ રાઠોડ, નિતીન લોઢા, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, મહેશ રાઠોડ, મનસુખ સાગઠીયા, ગૌતમ જોશી, મુકેશ મકવાણા, જયદિપ ચૌધરી, રાજેશ મકવાણા, રોહિત વીગોરા, ભીખાભાઈ ઠેબા અને ઈલેશ ખેરનો સમાવેશ થાય છે.

# પાંચ દેશોના 111 કવિઓ દ્વારા ગરવા ગિરનારનું મહિમાગાન કરી વિશ્વવિક્રમ

**જૂનાગઢ**

પ્રાચીન સમયથી ધ્યાનાવસ્થામાં બેઠેલા જોગી જેવો ગિરનાર પર્વત યુગો યુગોનો સાક્ષી છે. આ પર્વતરાજ વિશે લોકો અવગત થાય એ માટે તેમજ ગિરનારનું ઐતિહાસિક, ધાર્મિક ને આધ્યાત્મિક મહત્વ દર્શાવવા માટે સૌપ્રથમ વખત 5 દેશના 111 કવિઓ દ્વારા 151 કવિતા રૂપે ગિરનારનું મહિમાગાન કરાયું છે. આ તકે જણાવાયું હતું કે 'ગિરનાર એ કવિતા નથી પરંતુ મહાકાવ્ય' છે.

ગિરનારના ગુરૂ-શિષ્ય સહિતના અનેક રૂપ છે. રામાયણ, મહાભારતની સદીઓથી પણ પ્રાચીન ગિરનારનો અનેરો ઈતિહાસ રહ્યો છે. ભવનાથ તળેટીમાં આજે 'તારો રે ભરોસો મને ભારી' શિર્ષકતળે આયોજિત એક ખાસ કાર્યક્રમમાં ગિરનાર પર ભારત સહિત ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા તથા કેલિફોનયા એમ 5 દેશોના 111 કવિઓ દ્વારા લિખિત 151 કવિતાઓના સંગ્રહ એવા 'મહા મહિમાવંત ગિરનાર' પુસ્તકનું કવિઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઐતિહાસિક અને આધ્યાત્મિક ગિરનારનું મહત્વ જાગૃત કરવા સૌપ્રથમ વાર ગુજરાત, મુંબઈ અને વિદેશોના કવિઓ દ્વારા લખાયેલી કવિતાઓના સંગ્રહની બુકને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા એન્ડ જિનિયસ ફાઉન્ડેશનની ટીમે વિશ્વરેકોર્ડનું સટફિકેટ આપ્યું હતું.

# મુંદરા પોલીસ મથકના પોકસો કેસમાં પાટણના યુવકને આજીવન કેદની સજા : પાંચ લાખનો દંડ

## સગીરાનું કારમાં અપહરણ કરી આરોપીએ ત્રણ દિવસ શરીર સબંધ બાંધ્યો હતો

**ભુજ**

મુંદરા પોલીસ મથકના ૪ વર્ષ જુના કેસમાં ભુજની સ્પેશીયલ પોક્સો કોર્ટે પાટણના દશરથ ઉર્ફે ભરત કાંતિલાલ ગાંચી નામના યુવકને આજીવન કેદની સજા સાથે પાંચ લાખનો દંડ ફટકારી દંડની રકમમાંથી ચાર લાખ ભોગબનારને ચુકવવા હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભોગબનાર ૧૭ વર્ષની સગીર કન્યા ગત ૫ જુલાઈ ૨૦૧૬ના સમાજ તરફથી અમરનાથ યાત્રા સંઘમાં ગઈ હતી. જે સંઘની લકઝરી બસના કન્ડકટર સાથે સગીરાનો પરિચય થયો હતો. ત્યારે આરોપીએ પોતાનુ નામ ભરત ઠાકોર જણાવ્યું હતું. યાત્રા દરમિયાન બન્ને વચ્ચે મોબાઈલ નંબરની આપલે થઈ હતી. યાત્રામાંથી પરત આવી જતાં આરોપી ભરત અલગ અલગ નંબરથી ભોગબનાર સગીરા સાથે વાતચિત કરતો હતો. પોતે બ્રાહમણ હોવાનું અને લગ્ન કરવાનું કહેતો હતો. દરમિયાન ૨૧ જુલાઈ ૨૦૧૬ના આરોપીએ સગીરાને ફોન કરી રાત્રીના બાર વાગ્યે મળવા બોલાવી હતી. આરોપી કાર લઈને આવ્યો હતો. કારમાં આરોપી સાથે અન્ય બે યુવકો પણ હતા. ભોગબનારે કારમાં બેસવાની ના કહેતા આરોપીએ સગીરાનો હાથ પકડીને કારમાં બેસાડીને પાટણ પોતાના ઘરે લઈ ગયો હતો. જ્યાં ત્રણ દિવસ સુધી સગીરાની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. મુંદરા પોલીસ મથકે આરોપી સામે ગુનો નોંધ્યો હતો. કેસની ચાર્જસીટી રજુ કરતાં ભુજની પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

# પોરબંદર પાલિકામાં કોંગ્રેસ અને ભાજપનાં શાસનની CBI તપાસ કરવા ઉઠેલી માંગ

## કાર્યો માટેનાં નાણાં વેડફી નંખાયા હોવાનો આક્ષેપ, પ્રિ-મોન્સુન કામમાં લોલમલોલ

**પોરબંદર**

પોરબંદરની હાલની સ્થિતિ એ માત્ર કુદરતી આફત જ નહીં, બલ્કે માનવસર્જિત પણ છો એવા આક્ષેપ સાથે કોંગ્રેસે કલેકટરને આવેદન આપ્યું હતું તથા પ્રજાકીય કાર્યો માટેનાં નાણાં કોણે- કોણે ક્યાં- ક્યાં વેડફી નાખ્યા એ મુદ્દે સીબીઆઈ મારફત તપાસ કરાવવી જોઈએ એ મતલબની માગણી ઉઠાવી છે.

આવેદનપત્રમાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખ રાજુભાઇ ઓડેદરા, શહેર પ્રમુખ વિપુલ ચંદારાણા વગેરેએ આરોપ લગાવ્યા છેકે હવામાન ખાતાની આગાહી હોવા છતાં તંત્રએ લાપરવાહી દાખવી છે. પાછલા વર્ષનું પી.જી.વી.સી.એલ.નું રૂપિયા અંદાજે ૧.૫૦ કરોડનુ બિલ ન ભરવાને લીધે નગરપાલિકાનાં પમ્પિંગ સ્ટેશન બંધ હતા, જેની જાણ નગરપાલિકા અને જિલ્લાના તમામ અધિકારીઓને હતી છતાં ચૂપ રહ્યા છે. પ્રિ મોન્સુન કામગીરી ફકત કાગળ ઉપર થઈ છે. રાહત અને બચાવ કાર્ય એકદમ ધીમી ગતિએ થયું. આ બધાની વચ્ચે તંત્રવાહકો અને ધારાસભ્ય એવો દાવો કરે છે કે ખાસ કોઇ મુશ્કેલી નથી! નેશનલ હાઈવેથી દ્વારકાને જોડતા રસ્તામાં થયેલ ભ્રષ્ટાચાર અને યોગ્ય પાણી નિકાલના અભાવે મોટાભાગના ગામડાઓ પૂરગ્રસ્ત છે. દરિયાઈ પટ્ટીમાં ખનીજચોરીના લીધે પાણી ભરાવા અને પાણીના નિકાલના માર્ગો અસરગ્રસ્ત થયા છે. બાંધકામની જેમ તેમ મંજૂરીઓ આપેલી હોવાથી પાણી નીકળવાની વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

# સરકારી નોકરીની લાલચે તબીબ ટોળકીએ 43.50 લાખ ચાઉં કર્યા

**ભાવનગર**

બોટાદના હેતલબેન પરાગભાઈ ગોહિલ બે વર્ષ પહેલા તેમના પતિ પરાગભાઈ ગોહિલ સાથે સાળંગપુર મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારે પતિ સાથે નોકરી કરતા દેવેન્દ્રભાઈ પરમારે સાળંગપુર મંદિરની હોસ્પિટલમાં ડોક્ટર તરીકે નોકરી કરતો ભરત બચુભાઈ સોલંકી સાથે મુલાકાત કરાવી હતી. દરમિયાનમાં ભરત સોલંકીએ તેના જાણિતા શિલ્પાબેન અજયકુમાર દવેને ગાંધીનગર સચિવાલયમાં સારી ઓળખાણ છે અને વહીવટથી નોકરીનું સેટીંગ કરી આપે છે તેમ જણાવ્યું હતું. થોડા સમય બાદ દંપતી ફરી સોળંગપુર ગયા ત્યારે ભરત સોલંકીના દવાખાને અમદાવાદની મહિલા શિલ્પાબેન દવેને મળ્યું હતું અને ત્યારે તેણીએ પોતાને મંત્રીઓ સાથે સારી ઓળખાણ હોવાની શેખી મારતા હેતલબેન ભરમાઈ ગયા હતા અને ફોન નંબરની આપ-લે કરી સેટીંગથી ફિમેલ હેલ્થ વર્કરની નોકરી મેળવવા તેણીને લાલચ જાગી હતી.

આ સમયે ફિમેલ હેલ્થ વર્કરની સ્પર્ધાત્મક ભરતી બહાર પડતા હેતલબેનએ ઓનલાઈન ફોર્મ ભર્યું હતું અને ભેજાબાજ મહિલાના કહેવાથી હેતલબેન તેના પતિ અને પતિના મિત્ર સાથે ગાંધીનગર સચિવાલય ખાતે ગયા હતા. જ્યાં શિલ્પાબેન દવેએ તેની ટોળકીના જગદીશ તરીકે ઓળખ આપી મંત્રીનો પી.એ. હોવાનો ઢોંગ કરનારા એક શખ્સ સાથે મુલાકાત કરાવ્યા બાદ પૈસાનો વહીવટ કરી નાંખો, નોકરીનું થઈ જશે તેમ વાત કરી ગત તા.૨૧-૬ના રોજ અમદાવાદની મહિલા બે લાખ રૂપિયા લેવા બોટાદ રેલવે સ્ટેશને આવી હતી. જ્યારે હેતલબેન અને તેના પતિએ મહિલાને બે લાખ આપતા તેણીએ પૈસાની બાંહેધરી પેટે સરસપુર નાગરિક કો.ઓ. બેન્ક લિ. નામનો તારીખ વિનાનો બે લાખનો ચેક આપ્યો હતો. બે લાખ ઉસેડી લીધા બાદ ઠગમહિલાએ ફરીવાર ફોન કરી હેતલબેનને નોકરીનું પાક્કું થઈ ગઈ ગયા છે, તેમ કહીં છ લાખની માંગણી કરી ગત તા.૧૪-૭ના રોજ બરવાળા બસ સ્ટેન્ડ ખાતે આવી નોકરીના ઓર્ડર મોકલી આપું છું તેમ જણાવી દંપતી પાસેથી છ લાખની રોકડ લીધી હતી.

સરકારી નોકરી પાક્કી જ હોવાની લાલચમાં આઠ લાખ રૂપિયા આપી દીધા બાદ ફિમેઈલ હેલ્થ વર્કરની ભરતીનું પરિણામ આવતા તેમાં હેતલબેનનું નામ ન હોવાથી તેણીએ શિલ્પાબેનને ફોન કર્યો હતો. જેથી મહિલાએ ત્યારે પણ વેઈટીંગ લિસ્ટમાં નામ હોય, થોડી રાહ જુઓ, ચિંતા કરોમાં તમારૂ નામ આવી જશે તેવા ખોટા વાયદા કર્યા હતા. બાદમાં હેતલબેન અને તેમના પરિવારજનોએ તપાસ કરતા સાળંગપુર મંદિરની હોસ્પિટલનો ડોક્ટર ભરત સોલંકી અને તેની ટોળકીએ બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ જિલ્લાના અન્ય ૨૧ બેરોજગાર યુવાનોને પણ સરકારી નોકરી અપાવવાના વાયદા કરી વિશ્વાસમાં લઈ કુલ રૂા.૩૫,૫૦,૦૦૦ની રકમ ચાઉ કરી લીધાનું જણાયું હતું.

# રાજકોટમાં ભાજપ નેતાના પુત્ર સહિત બે યુવાનો ડ્રગ્સ સાથે ઝડપાતા ખળભળાટ

**રાજકોટ**

રાજકોટ એસઓજીના જમાદાર ઘનશ્યામસિંહ ચૌહાણ વગેરેને મળેલી ચોકકસ બાતમીના આધારે પીઆઈ જે.એમ. કૈલાએ 150 ફૂટ રીંગ રોડ પર ભક્તિધામ સોસાયટીમાં આવેલા ભક્તિધામ એપાર્ટમેન્ટનાં ફલેટ નં. 19માં દરોડો પાડી ટેબલ નીચે સંતાડાયેલ 98.54 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ફલેટ ધારક પાર્થ દેવકુભાઈ મકવાણા અને તેના મિત્ર સાહિલ ઉર્ફે નવાબ અયુબભાઈ સોઢાથી ઝડપી લીધા હતા. જસદણમાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે પાર્થના પિતા દેવકુભાઈ નિવૃત શિક્ષક છે અને હાલ જસદણ તાલુકા ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી છે. એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાર્થે બીસીએ સુધીનો અભ્યાસ કર્યો છે. તેણે મિત્ર સાહિલ સાથે મળી છેલ્લા પાંચેક મહિનાથી ડ્રગ્સનો કાળો કારોબાર શરૂ કર્યો હતો. બંને આરોપીઓ જીમમાં જવાના શોખીન અને બોડી બિલ્ડર છે. આરોપીઓના મોટાભાગના ગ્રાહકો પણ જીમમાં જતાં યુવાનો કે જેમાં છાત્રો અને કોલેજીયનો પણ હોઈ શકે છે તે છે. પુછપરછમાં બંને આરોપીઓ મુંબઈથી ખાનગી બસમાં ડ્રગ્સ લાવતા હોવાનું કહી રહ્યા છે.

# ખંભાળિયામાં જૂનું મકાન ધરાશાયી થઈ જતાં બે લોકોના મોત

**ભાવનગર**

મંગળવારે ખંભાળીયા મુખ્ય બજારમાં રાધિકા જ્વેલર્સની સામે આવેલ એક જૂનું મકાન અચાનક ધરાશાયી થયું હતું. જેમાં મકાનમાં રહેતા 3 લોકો કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. જે પૈકી કેસરબેન કણજારીયા (70) અને પ્રિતી કણજારીયા (16)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. આ દુર્ઘટનામાં કુલ 8 લોકો કાટમાળમાં દટાયા હોવાની વિગતો સામે આવી હતી. આ ઘટનાની જાણ થયા બાદ NDRFની ટીમ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સ્વદેશ
09
FRIDAY, 26 JULY, 2024



## અલી ફઝલ સામંથા રૂથ પ્રભુ સાથે જોવા મળશે

ફેમસ એક્ટર અલી ફઝલ પોતાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને ખૂબ એન્જોય કરી રહ્યો છે. તે ‘ મિર્ઝાપુર 3 ’માં વ્યસ્ત છે તો બીજી તરફ તેના ઘરે દીકરીનો જન્મ થયો છે. હાલમાં તે પેરેન્ટિંગ એન્જોય કરી રહ્યો છે. મળતી માહિતી મુજબ તેને સમંથા રૂથ પ્રભુ સાથે નવી વેબ સિરીઝ મળી છે. તે ટૂંક સમયમાં વેબ સિરીઝ ‘ રક્ત બ્રહ્માંડા ’માં જોવા મળશે. આ સિરીઝ એક પીરિયડ ફેન્ટેસી થ્રિલર ડ્રામા છે અને તેનું દિગ્દર્શન રાજ અને ડીકે સાથે રાહી અનિલ બર્વે કરશે.

## ‘મારો પરિવાર ખતરામાં, મને મારવા માંગતો હતો લૉરેન્સ બિશ્નોઈ’ : સલમાન ખાન



સલમાન ખાનના મુંબઈ સ્થિત ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ગોળીબાર થયો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. વર્ષો પહેલા સલમાન ખાનને ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ફાયરિંગ કરનારા અપરાધીઓ બાઈક પર સવાર થઈને સલમાનના ઘરની બહાર થોડા રાઉન્ડ ફાયરિંગ કર્યા અને પછી ત્યાંથી ભાગી ગયા હતા. ત્યાર બાદ મુંબઈ પોલીસે આ ગુનેગારોને પકડી લીધા હતા. પોલીસે આ મામલે સુપરસ્ટાર સલમાન ખાનનું નિવેદન પણ નોંધ્યું હતું. સલમાને પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે ઘરમાં ફાયરિંગ સમયે તે ક્યાં હતો અને શું કરી રહ્યો હતો. 4 જૂને સલમાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એન્ટી એક્સટોર્શન સેલમાં પોતાનું નિવેદન નોંધ્યું હતું

# સારા અલી ખાને ફ્લાઈટમાં મચાવ્યો હોબાળો? ગુસ્સામાં લાલઘૂમ

અમૃતા સિંહ અને સૈફ અલી ખાનની લાડલી સારા અલી ખાન પોતાની અસામાન્ય સ્ટાઈલથી ફેન્સને ચોંકાવતી રહે છે. સારા ઘણીવાર સાર્વજનિક સ્થળોએ શાંત અને હસતી જોવા મળે છે. પરંતુ આ દિવસોમાં તેનો એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે જેમાં તે ખૂબ જ નારાજ અને ગુસ્સામાં દેખાઈ રહી છે. આ વીડિયો પ્લેનની અંદરનો છે. તેની આસપાસ એરલાઈન્સનો સ્ટાફ દેખાય છે. વિડીયોમાં સારા ગુલાબી રંગના પોશાક, કર્લ્ડ વાળ અને મોટા હૂપ્સમાં જોવા મળે છે. તેને જોઈને લાગી રહ્યું છે કે, તે અત્યંત ગુસ્સમાં છે. સારા અલી ખાનનો આ વીડિયો ઈન્ટરનેટ પર શેર થઈ રહ્યો છે. હકીકતમાં એવું થયું કે ફ્લાઈટમાં એર હોસ્ટેસથી ભૂલથી કપડા પર જ્યુસ ઢોળાયો હતો. જેના કારણે અભિનેત્રી ગુસ્સાથી લાલ થઈ ગઈ હતી. સારાની પ્રતિક્રિયાથી સ્પષ્ટ છે કે તે એર હોસ્ટેસની આ ભૂલથી ખૂબ ગુસ્સે છે. સારા એર હોસ્ટેસ સામે જોઈને ઉભી થાય છે અને ચૂપચાપ વોશરૂમ તરફ



## ઐશ્વર્યાને મારી બહેન બનાવવા માંગું છું કારણ કે...



ઐશ્વર્યા રાય બચ્ચન બોલીવુડની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક છે. તેણે ફિલ્મ ઔર પ્યાર હો ગયાથી ડેબ્યૂ કર્યું હતું અને તેની પ્રથમ ફિલ્મ જ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી.ઐશ્વર્યાની પહેલી ફિલ્મ ફ્લોપ રહી હતી પરંતુ તે પછી તેની ફિલ્મોએ કમાલ કરી હતી. ઐશ્વર્યાની પહેલી ફિલ્મ અને પ્યાર હો ગયા સાથે જોડાયેલી એક રમુજી ઘટના છે. જે ફિલ્મના ડાયરેક્ટર રાહુલ રાવૈલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું. રાહુલે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તે ફિલ્મ ઔર પ્યાર હો ગયાની રિલીઝ બાદ લંડનમાં હતો. જ્યાં એક ભારતીય ચાહક ફિલ્મ જોયા બાદ તેને મળ્યો હતો. છોકરાએ કહ્યું કે તે ઔર પ્યાર હો ગયા ફિલ્મ જોઈને આવ્યો હતો. રાહુલે તેને પૂછ્યું કે તેને ફિલ્મ કેવી લાગી તો તેના પર તેણે ઐશ્વર્યાના વખાણ કર્યા હતા. ફેને કહ્યું હતું કે,ઐશ્વર્યા ખૂબ જ સરસ અને સુંદર છે પરંતુ તે એવી છોકરી છે જેને હું મારી બહેન બનાવવા માંગુ છું.’ ફેન્સની આ વાત સાંભળીને રાહુલ ચોંકી ગયો હતો.








# ॥ સંસ્કૃતિ ॥


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH

## યુએસ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને ટક્કર આપવા ડેમોક્રેટિક પાર્ટીની કવાયત

# જો બાઈડેનની પીછેહઠ : કમલા અને મિશેલને તક

પ્રાસંગિક
ધવલ શુક્લ

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી પહેલાં જ વર્તમાન પ્રમુખ જો બાઈડેન મેદાનમાંથી ખસી ગયા છે. છેલ્લાં કેટલાક મહિનાથી બાઈડેન તેમના વર્તનના કારણે વિવાદમાં રહેતા અથવા તો હાંસીના પાત્ર બની રહ્યા હતા. આ ઉપરાંત ડેમોક્રેટિક પાર્ટીમાં પણ બાઈડેનનો ઉગ્ર વિરોધ હતો. બાઈડેન બીજા દેશના સત્તાધીશોનાં નામ વારંવાર ભૂલી જતા હતા, પોતે ક્યાં ઉભા છે તેનું તેમને ભાન નહોતું રહેતું, કઈ દિશામાં જવાનું છે અને શું કરવાનું છે. તેની પણ સમજ પડતી ન હોય તેવું વર્તન કરતા હતા.

આવા સંજોગોમાં ચૂંટણી જીતવી તેના માટે મુશ્કેલ હતુ. ઈટાલીમાં જી-૭ની બેઠક વખતે ઈટાલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ અને ડેમોક્રેટિક પાર્ટીના કન્વેન્શનમાં બરાક ઓબામાએ તેમને સાચવીને લાવવા પડયા એ પ્રકારની ઘટનાઓ વધતી જતી હતી. જેને કારણે બાઈડેનને નહીં બદલાય તો ડેમોક્રેટિક પાર્ટીને મોટાપાયે નુકસાન થાય તેવા સંજોગો ઉભા થયા હતા.

થોડા સમય સુધી તો બાઈડેન ચૂંટણીના મેદાનેથી ખસી જવા ઈન્કાર કરતા હતા. સાથે જ પોતે હેમખેમ હોવાની રેકર્ડ વગાડયા કરતા હતા. જો કે, રવિવારે તેમણે એકાએક ખસી જવાની જાહેરાત કરીને બધાને આંચકો આપી દીધો. પીછેહઠ બાદ બાઈડને ભારતીય મૂળનાં વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસને પાર્ટીનાં પ્રમુખપદનાં ઉમેદવાર બનાવવાની ભલામણ કરીને તેમને પોતાને ટેકો પણ આપી દીધો. કમલા હેરીસનાં માતા શ્યામલાના વડવા તમિલનાડુના હતા. જ્યારે પિતા ડોનાલ્ડ હેરિસ જમૈકન છે. શ્યામલા ગોપાલન હેરિસ બ્રેસ્ટ કેન્સર સાયન્ટિસ્ટ હતાં. કમલાના નાના પી.વી. ગોપાલન ટોચના ભારતીય રાજદ્વારી હતા. શ્યામલા ૧૯૬૦માં મદ્રાસથી અમેરિકા ગયાં હતાં. કોલેજ કાળમાં નાગરિક અધિકારો માટે લડતી વખતે ડોનાલ્ડ હેરિસના પ્રેમમા પડીને પછી પરણી ગયાં. ડોનાલ્ડ હેરિસ ૧૯૬૧માં યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં ભણવા અમેરિકા આવ્યા અને પછી અમેરિકા જ રહી ગયા.

ડોનાલ્ડ હેરિસ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ઈકોનોમિક્સના પ્રોફેસર છે. કમલા સાત વર્ષનાં હતાં ત્યારે તેના માતા-પિતાના ડિવોર્સ થતા માતાએ તેનો ઉછેર કર્યો છે. શ્યામલાએ



પોતાનાં ભારતીય મૂળની યાદ જાળવવા બંને દીકરીઓનાં નામ હિંદુ છોકરીઓ જેવાં કમલા અને માયા રાખ્યાં છે.

૨૦૧૭માં પહેલીવાર સેનેટમાં ચૂંટાયેલાં કમલા કેલોફોર્નિયાનાં સેનેટર છે. કમલાનાં બહેન માયા પણ જાણીતાં વકીલ છે. કમલા નાનપણમાં હિંદુ અને ખ્રિસ્તી બંને ધર્મ પાળતાં પણ માતા સાથે રહ્યા પછી તેમનો ઝુકાવ હિંદુ ધર્મ તરફ વધ્યો. હાલમાં તેઓ પોતાને હિંદુ કે ખ્રિસ્તી તરીકે નથી ઓળખાવતાં. કમલાનું ૧૯૯૦ના દાયકામાં કેલિફાર્નિયા એસેમ્બલીના સ્પીકર વિલી બ્રાઉન સાથે અફેર હતું. એ પછી ટોક શો હોસ્ટ મોન્ટેલ વિલિયમ્સ સાથે પણ તેમનું અફેર રહ્યું. કમલા એ પછી વકીલ ડગ એમહોફને મળ્યાં અને પ્રેમમાં પડયાં. ૨૦૧૪માં કમલા એમહોફને પરણ્યાં. બંનેને કોઈ સંતાન નથી પણ એમહોફના આગલા લગ્નથી થયેલાં બે સંતાનો કમલા સાથે જ રહે છે.

અમેરિકામાં બાઈડેન સામે માત્ર તેમની પાર્ટીમાં જ વિરોધનો સૂર હતો એમ પણ ન હતુ. પરંતુ પાર્ટીને ફંડ આપનારાંએ પણ બાઈડેન ચૂંટણીમાં ઉભા રહેશે તો ફૂટી કોડી નહીં મળે તેવું સંભળાવી દીધુ હતુ. ડેમોક્રેટિક પાર્ટીને હારતી બચાવવા બરાક ઓબામા જેવા ભૂતપૂર્વ પ્રમુખે પણ બધી શરમ છોડીને બાઈડેનને ખસી જવા કહેવું પડયું હતુ.

બાઈડેને થોડો પ્રતિકાર કર્યો પણ પછી સમજી ગયા. પોતાના કારણે પાર્ટીને નુકસાન થવું ન જોઈએ એમ સમજીને બાઈડેને પણ મમત છોડી દીધી. બાકી બાઈડેનને ડેમોક્રેટિક પાર્ટીએ સત્તાવાર રીતે ઉમેદવાર બનાવી દીધા હતા. બાઈડેનને હટાવવા માટે પાર્ટીના બંધારણમાં ફેરફાર કરવા પડે તેમ હતા અને તેના માટે સમય જ બચ્યો નહોતો. અલબત, બાઈડેને લીધેલા નિર્ણય બાદ હવે ડેમોક્રેટિક પાર્ટીએ ડોનાલ્ડ ટ્રમ્પને ટક્કર આપવા નવા ઉમેદવાર શોધવા પડશે. બાઈડેને કમલાનું નામ સૂચવ્યું છે.

પરંતુ કમલા હજુ ડેમોક્રેટિક પાર્ટીનાં સત્તાવાર ઉમેદવાર બન્યાં નથી. અમેરિકાની પાર્ટીઓમાં આંતરિક લોકશાહી મજબૂત છે. તેથી ડેમોક્રેટિક પાર્ટીના કન્વેન્શનમાં ગેરકાયદે ચૂંટણી કરાવીને નવા ઉમેદવારની પસંદગી કરાશે. અમેરિકામાં બહુપક્ષીય લોકશાહી છે પણ રીપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી બે મુખ્ય પક્ષો છે. ગ્રીન પાર્ટી, લિબરેશન પાર્ટી, રીફોર્મ પાર્ટી સહિતના પક્ષો પણ છે. કિન્તું મુખ્ય જંગ રીપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી વચ્ચે થાય છે. આ બંને પક્ષો પ્રમુખપદના ઉમેદવાર તરીકે પુરૂષને જ પસંદ કરે છે. આ બે મોટા પક્ષમાંથી અમેરિકાના પ્રેસિડેન્ટની ચૂંટણી લડનારાં એક માત્ર મહિલા હિલેરી ક્લિન્ટન છે, હિલેરી ૨૦૧૬માં ડોનાલ્ડ ટ્રમ્પ સામે હારી ગયાં હતાં. કમલા હેરિસ પહેલાં ૧૯૮૪માં ગેરલ્ડાઈન ફેરારો અને ૨૦૦૮માં સારાહ પાલિન વાઈસ પ્રેસિડેન્ટ એમ બે મહિલા જ વાઈસ પ્રેસિડેન્ટની ચૂંટણી લડી હતી. ફેરારો અને સારાહ પાલિન બંને હારી ગયાં હતાં. તેથી કમલા હેરિસ અમેરિકામાં વાઈસ પ્રેસિડેન્ટ બનનારાં પહેલાં મહિલા હતાં.

બાઈડેન ખસી જતાં ડેમોક્રેટિક પાર્ટીમાં પ્રમુખપદનાં ઉમેદવાર બનવા માટે કમલા હેરિસ અને મિશેલ ઓબામા વચ્ચે મુખ્ય સ્પર્ધા હોવાનું મનાય છે. ટ્રમ્પ બાઈડેન સામે અત્યંત મજબૂત લાગતા હતા. પણ મિશેલ તેમને જોરદાર ટક્કર આપી શકે તેમ છે. શિકાગોમાં ૧૯ ઓગસ્ટથી ડેમોક્રેટિક પાર્ટીનું નેશનલ કન્વેન્શન શરૂ થવાનું છે. એ પહેલાં બાઈડેનના સ્થાને ઉમેદવાર બનવા માગતા બધા નેતાઓએ ફોર્મ ભરીને દાવેદારી કરશે. આખા અમેરિકાના ડેમોક્રેટિક પાર્ટીના ૪૦૦૦ ડેલીગેટ્સમાંથી જેને બહુમતી મળે એ બાઈડેનના સ્થાને પ્રમુખપદના ઉમેદવાર બનીને ટ્રમ્પ સામે ઝંપલાવશે. ૧૯ ઓગસ્ટને મહિનો પણ બચ્યો નથી તેથી પ્રમુખપદના ઉમેદવાર બનવા થનગનતાં નેતાઓ તૈયારીમાં જોતરાયા છે. કમલા હેરિસને ટક્કર આપવા મિશેલ ઓબામા મેદાનમાં ઉતરે એવી પૂરી શક્યતા છે. મિશેલ કમલાને નહીં, પણ કોઈને પણ હરાવી શકે એવાં મજબૂત ઉમેદવાર છે. અમેરિકામાં આફ્રિકન-અમેરિકન મતદારોની સંખ્યા અનેક ગણી વધારે હોવાથી આફ્રિકન-અમેરિકન મિશેલ તેની પાર્ટીના એક સક્ષમ નેતા માની શકાય છે.

મિશેલના પતિ બરાક ઓબામા બે ટર્મ એટલે કે, ૮ વર્ષ સુધી અમેરિકાના પ્રમુખ રહ્યા હતા. ઓબામા પોતે અત્યંત નીચલા સ્તરેથી કામ કરીને પ્રમુખપદ સુધી પહોંચ્યા હતા. તેથી ડેમોક્રેટિક પાર્ટીમાં મિશેલની પકડ વધારે મજબૂત છે. બરાક ઓબામા પ્રમુખ હતા ત્યારે બાઈડેન ૮ વર્ષ સુધી અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ હતા. બાઈડેન પ્રમુખપદની ચૂંટણી લડયા, ત્યારે ઓબામાએ તેમને ભરપૂર મદદ કરી હતી. બાઈડેને કમલાનું નામ સૂચવતાં બાઈડેનના સમર્થકો કમલા હેરિસ તરફ ઢળશે એવી વાતો થાય છે પણ વાસ્તવમાં તેમાંથી મોટાભાગના ઓબામાના સમર્થકો છે. ઓબામા મેદાનમાં નથી તેથી એ બધા બાઈડેન સાથે હતા પણ મિશેલ મેદાનમાં આવે તો હેરિસની સ્થિતિ નબળી પડશે તે કહેવાનું જરૂર નથી. આ સંજોગોમાં બાઈડેનના સ્થાને મિશેલ ડેમોક્રેટિક પાર્ટીનાં ઉમેદવાર બને એવી શક્યતા વધારે છે.

**આશ્ચર્યજનક વર્તનને કારણે કેટલાક સમયથી ચર્ચામાં રહેતા બાઈડેન સામે માત્ર પાર્ટીમાં જ નહીં પણ ફંડ આપનારાંઓમાં પણ કચવાટ વધ્યો હતો. દાતાઓએ ફંડ આપવા ઈન્કાર કરી દીધો અને બાઈડેને પોતે ચૂંટણીમાંથી ખસીને શાણપણ બતાવ્યું**

# ડિફરન્ટ ટાઈપની સિલ્વર એરિંગ્સ તમને આપશે એકદમ એલિગન્ટ લુક

સુંદરતામાં અભિવૃદ્ધિ કરવાનું કામ જ્વેલરી કરે છે. આમ જોવા જઈએ તો ગોલ્ડથી લઈને ડાયમંડ અને કુંદન જેવી અનેક પ્રકારની જ્વેલરી અવેલેબલ છે, પરંતુ આજકાલ માર્કેટમાં સિલ્વર જ્વેલરીની બોલબાલા છે. એમાંય સિલ્વર એરિંગ્સ સેલિબ્રિટીની તો ખાસ છે જ, પરંતુ યંગ જનરેશનમાં પણ સ્પેશિયલ બની ગઈ છે. એ જોવામાં જેટલી સુંદર લાગે છે એટલી જ એટ્રેક્ટિવ દેખાય છે. જેને પહેરીને સમગ્ર લુકમાં ચાર ચાંદ લાગી જાય છે. તો આજે સિલ્વર એરિંગ્સને કેવી રીતે સ્ટાઈલ કરવી એ અંગે જાણીએ.



### એથનિક આઉટફિટ

સિલ્વર એરિંગ્સ એથનિક આઉટફિટ માટે પરફેક્ટ છે. એમાં લોંગ એ-લાઈન કુરતી હોય અથવા અનારકલી સાથે પેર કરી શકો છો. લોંગ સિલ્વર એરિંગ્સમાં અત્યારે ડિફરન્ટ ડિઝાઈન અને પેટર્ન અવેલેબલ છે. જેમાં પક્ષીઓથી માંડી, પ્રાણી અને વિવિધ દેવતાઓને સરસ રીતે એરિંગ્સમાં મઠારવામાં આવે છે. આ પ્રકારની એરિંગ્સ એથનિંગ આઉટફિટમાં એલિગન્ટ લુક આપે છે. સફેદ અને બ્લેક રંગના આઉટફિટ સાથે તમારી મનગમતી સ્ટાઈલ કરી શકો છો. એની સાથે સિલ્વર કલરની એક્સેસરીઝ સુંદર લાગે છે. ફંકી સ્ટાઈલના નેકપીસને તમે સફેદ અથવા બ્લેક કુરતા સાથે મેચ કરી શકો છો.

### ઈન્ડો વેસ્ટન આઉટફિટ

ઈન્ડો વેસ્ટર્નથી લઈને દેશી લુક દરેકની સાથે તેને પેર કરી શકો છો. બસ, થોડું ધ્યાન આપવાની જરૂર છે. ઈન્ડો વેસ્ટન આઉટફિટમાં સિલ્વર જ્વેલરી કેરી કરો ત્યારે એ વાતનું ધ્યાન રાખો કે કુરતામાં ગોલ્ડન એમ્બ્રોઈડરી ન હોય નહીંતર આ દેખાવમાં જરાય સારી નહીં લાગે અને સમગ્ર લુક ખરાબ થઈ જાય છે. લાઈટ શેડના સિલ્ક પેટર્નવાળા કુરતા સાથે આ પ્રકારની જ્વેલરી મેચ કરી શકાય છે.

### ઝૂમકા


ટ્રેડિશનલ ઈન્ડિયન એરિંગ્સમાં ઝૂમકા ટ્રેન્ડમાં છે. ખાસ કરીને એની ડિઝાઈનમાં ભારતના સુંદર શિલ્પ કૌશલ્ય અને ખાસ રંગને સામેલ કરવામાં આવ્યાં છે. ઝૂમકાને તમે કુરતી ઉપરાંત સાડી, સૂટ સાથે પણ કેરી કરી શકો છો.

### ટ્રાયબલ એરિંગ્સ

ટ્રાયબલ એરિંગ્સને અનેક ધાતુઓમાં જોઈ શકાય છે. એમાં સિલ્વરનો પણ સમાવેશ થાય છે. એમાં એરિંગ્સની અનેક ડિઝાઈન આવે છે. જેમાંથી અમુકમાં મોતીઓ અને પાંખ પણ લાગેલાં હોય છે. આ એરિંગ્સને તમે અલગ અલગ અવસર પર પહેરી શકો છો અને વેસ્ટર્ન કપડાંની સાથે પણ કેરી કરી શકો છો.

### ચાંદ બાલિયાં

કરીના કપૂર અને દીપિકા પાદુકોણ જેવી એક્ટ્રેસના કાનમાં તમે બાલિ જોઈ હશે. બાલિઓમાં શિલ્પકારીથી બનેલ ડિઝાઈન હોય છે. ચાંદ બાલિ પહેરવાથી એથનિક અને ગ્લેમર્સ બંને લુક મળે છે. આને તમે કોઈ પણ અવસર પર પહેરી શકો છો.



# એન્ટિ એજિંગ ટ્રીટમેન્ટ શું છે?

આજના ઝડપથી આગળ વધી રહેલા અને સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ પોતાના દેખાવ પ્રત્યે સભાન બની રહી છે. વૈશ્વિક ધોરણે થઈ રહેલા અલગઅલગ અભ્યાસોનાં તારણો સ્પષ્ટ રૂપે દર્શાવે છે કે તમારો દેખાવ, તમારા વ્યક્તિત્વનો એક અગત્યનો ભાગ છે. પહેલી ઈમપ્રેશન ઊભી કરવામાં તમારો દેખાવ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. આધુનિક સૌંદર્ય વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલી અવનવી શોધખોળો દરેક વ્યક્તિને પોતાનું યૌવન, સુંદરતા અને દેખાવ જાળવી રાખવામાં ખૂબ જ મદદ કરે છે. ફોટોમોડ્યુલેશન એક અત્યંત આધુનિક પદ્ધતિ છે, જેમાં ત્વચાના ઉપલા પડ, નીચલા પડ તથા ત્વચાના સ્નાયુઓની એન્ટિ એજિંગ સારવાર એક સાથે થઈ શકે છે.

ત્વચાનું ઉપલું પડ જેને એપિડર્મીસ કહેવામાં આવે છે, તે પાતળું થઈ જાય છે અને નવા કોષોનું ઉત્પાદન ધીમું થઈ જાય છે. ત્વચાના નીચલા પડને ડર્મિસ કહેવામાં આવે છે જેમાં કોલેજન તથા ઈલાસ્ટીન તંતુ આવેલા હોય છે. આ પડ ત્વચાને લચીલી અને ચુસ્ત રાખવામાં મદદ કરે છે.

ફોટોમોડ્યુલેશન સારવાર પદ્ધતિમાં LED, માઈક્રો કરંટ અને પોલરાઈઝ્ડ કરંટ દ્વારા ત્વચાની સારવાર કરવામાં આવે છે. આ સારવારમાં સ્પેશિયલ પલ્સેટિંગ લાઈટ આપવામાં આવે છે, જે ત્વચાના અંદરના પડમાં જઈને ત્વચાના કોલેજન તથા ઈલાસ્ટિન તંતુઓને પુનર્જીવિત કરે છે. ત્વચામાં નવું કોલેજન તથા ઈલાસ્ટિન બનવાથી ત્વચાની કરચલીઓ દૂર થવા માંડે છે અને ત્વચા ચુસ્ત, લચીલી બની જાય છે. સ્પેશિયલ માઈક્રો કરંટ દ્વારા ત્વચાના સ્નાયુઓનું ટોનિંગ અને લિફ્ટિંગ કરવામાં આવે છે. છેલ્લે સ્પેશિયલ પોલરાઈઝ્ડ કરંટ દ્વારા એન્ટિ એજિંગ સિરમથી સ્કિનને પોષણ આપવામાં આવે છે.

આ સારવાર ખૂબ જ રિલેક્સિંગ, પીડારહિત, અસરકારક અને ઝડપી છે. સીટિંગ લીધા પછી તરત જ તમે તમારી રોજિંદી દિનચર્યામાં જઈ શકો છો. મહત્તમ અસર માટે 8થી 10 સીટિંગ, 7થી 10 દિવસના અંતરમાં લેવા જરૂરી છે.










# યુનાઈટેડ ગુજરાત સિનિયર પરિવારના સભ્યો દ્વારા ચિંકુષી પાર્ક ખાતે પિકનિક

## ગીત-સંગીતની રમઝટ બાદ સભ્યોએ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો

**બ્રામ્પટન**

યુનાઈટેડ ગુજરાત સિનિયર પરિવારની જુલાઈ માસની પિકનિકમાં ૫૧ સભ્યો જોડાયા હતા. 20મી જુલાઈએ સવારે ૮.૧૫ વાગ્યે સભ્યો નિયત સ્થળે પહોંચી ગયા હતા. આ સમયે ખુશનુમા વાતાવરણને કારણે પહેલાથી જ સ્થળ પર સહેલાણીઓનો જમાવડો હોવાથી પિકનિકના સમયમાં થોડો ફેરફાર કરાયો હતો. જો કે, ૧૦.૦૦ વાગ્યે પરિવારના બધા સભ્યો ચિંકુષી પાર્કમાં પહોંચી ગયા હતા. જ્યાં શૈલેષભાઈ દેસાઈએ પ્રાતઃસ્મરણ અને મંગલા ચરણનું ગાન કર્યા પછી પિકનિક શરૂ થઈ હતી. જે બાદ ગીત-સંગીત અને ડાન્સનો કાર્યક્રમ લગભગ 3 કલાક સુધી ચાલ્યો હતો. બપોરે



કાઠિયાવાડી ભોજનનો સ્વાદ માણ્યા પછી સૌને પૂર્ણાબેન અને ભરતભાઈએ સુંદર ગીત ગાઈ અને મહેશભાઈએ સુંદર બોધદાયક જોક કહી બધાને આનંદ અપાવ્યો હતો. સાંજે ભોજનમાં રીંગણનો ઓળો, સેવટામેટાનું શાક, બાજરાના રોટલા, સંભારો, ખીચડી-કઢી અને સુખડી ઘી ગોળ સહિત પીરસવામાં આવ્યા હતા. અંતે સૌ રમત રમવા તૈયાર થયા હતા.

# PM ટ્રુડોને ઓનલાઈન ધમકી આપવા મુદ્દે અલ્બર્ટાના 2 શખ્સ ઉપર આરોપ

**અલ્બર્ટા**

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો, નાયબ વડાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ અને ન્યૂ ડેમોક્રેટ નેતા જગમીત સિંહને મારી નાખવાની ધમકીઓ પોસ્ટ કરવા બદલ એડમોન્ટનના 67 વર્ષીય વ્યક્તિ પર આરોપ મૂકવામાં આવ્યો છે. RCMPએ સોમવારે એક ન્યૂઝ રિલીઝમાં જણાવ્યું હતું કે, આ વ્યક્તિ એક વ્યક્તિ સામે ધમકીઓ આપવાના ત્રણ ક્રિમિનલ કોડનો સામનો કરી રહ્યો છે. 7 જૂનના રોજ RCMP ફેડરલ પોલીસિંગ ઈન્ટિગ્રેટેડ નેશનલ સિક્યુરિટી એન્ફોર્સમેન્ટ ટીમ (INSET)ને YouTube એકાઉન્ટ યુઝર દ્વારા કથિત રીતે આપવામાં આવેલી ધમકીઓની જાણ કરવામાં આવી હતી. આ વ્યક્તિ પર 13 જૂને આરોપ મૂકવામાં આવ્યો હતો.

એક અલગ તપાસ પછી 23 વર્ષીય કેલગરીના માણસ પર 6 જૂનના રોજ



ટ્રુડોને X પર મારી નાખવાની ધમકીઓ પોસ્ટ કરવા બદલ આરોપ મૂકવામાં આવ્યો હતો, જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું હતું. તે મંગળવારે કેલગરીના કોર્ટરૂમમાં હાજર થવાનો છે. RCMP એ ન્યૂઝ રિલીઝમાં જણાવ્યું હતું કે કેનેડા અને વિદેશમાં જાહેર વ્યક્તિઓ માટે સુરક્ષાનું વાતાવરણ વિકસી રહ્યું છે અને તે વધેલી તકેદારીની જરૂરિયાતને ઓળખે છે. બહુવિધ વ્યક્તિઓ પર ટ્રુડો સામે ઓનલાઈન ધમકીઓ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેમાં મોન્ટ્રીયલના એક વ્યક્તિનો પણ સમાવેશ થાય છે, જેના પર ફેબ્રુઆરીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો.

# અલ્બર્ટામાં આગથી જેસ્પરમાં ઇમારતો અને સુવિધાના માળખાને નુકસાન

**અલ્બર્ટા**

જેસ્પરના મેયર રિચાર્ડ આયર્લેન્ડને બુધવારે રાત્રે ગૂંગળામણ થઈ હતી. હકીકતમાં દક્ષિણથી આલ્બર્ટાની પર્વતમાળાના ટાઉનસાઈટને ઘણા દિવસો સુધી જંગલી આગથી ભય હતો, પરંતુ આખરે તે સાંજે પહોંચી ગયો. આયર્લેન્ડ બુધવારની રાત્રે થયેલા નુકસાનની સંખ્યા વિશે બાકીના લોકો કરતાં થોડું વધારે જાણતાં હતાં, કારણ કે, જ્વાળાઓએ માલિગ્ને લોજ અને ઓછામાં ઓછા ફેરમોન્ટ જેસ્પર પાર્ક લોજના મેદાન સહિત બહુવિધ ઈમારતોને ભસ્મીભૂત કરી હતી.

આયર્લેન્ડે કહ્યું કે, લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તે નોંધપાત્ર છે. અમે પુનઃનિર્માણનો માર્ગ શોધીએ છીએ. અમે સુરક્ષિત છીએ, કારણ કે અમે બધા બહાર નીકળી ગયા હતા.

પાર્ક્સ કેનેડાએ રાત્રે 10 વાગ્યે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, “ટાઉનસાઈટની અંદર નોંધપાત્ર નુકસાન થયું છે, પરંતુ આ સમયે ચોક્કસ સ્થાનો અથવા પડોશીઓને નુકસાનની હદની જાણ કરવામાં અસમર્થ હતા.” સનહાઉસ કાફેના માલિક, ટિમ હોરોક્સ જેસ્પરને ઘટનાને “વિલક્ષણ વાતાવરણ” તરીકે યાદ કરે છે. તેમના કહેવા મુજબ સોમવારે રાત્રે તે સમયે શહેરમાં ઘણો ધુમાડો હતો. આકાશમાંથી રાખ પડી રહી હતી.

પેટ્રિશિયા સ્ટ્રીટ, જ્યાં સમકાલીન ઓસ્ટ્રેલિયન કાફે સ્થિત છે, તેના નુકસાનની હદ વિશે હોરોક્સને ખાતરી નહોતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, આગ ટાઉનસાઈટ સુધી પહોંચશે નહીં. હવે, તેને આશા છે કે, તેને બચાવી શકાશે. કેરીન ડેકોર, જેમનો પરિવાર 60 વર્ષથી વધુ સમયથી માલિગ્ને લોજની માલિકી ધરાવે છે, તેઓ તેમનો કબજો ગુમાવવા પર શોક વ્યક્ત કરી રહ્યા છે અને તેમના સ્ટાફ માટે દુઃખી છે. બુધવારે રાત્રે બળી ગયેલી ઈમારતોમાં લોજનો સમાવેશ થાય છે.

# ICGA ગોલ્ફ ટુર્નામેન્ટ થકી $ 51,000 એકત્ર

## જસકરણ કૈન્થે $ 5,000ના રોકડ પુરસ્કાર સાથે ઈન્ડો કેનેડા કપ જીત્યો





**મિલ્ટન**

ઈન્ડો કેનેડિયન ગોલ્ફ એસો. મિલ્ટનના પ્રતિષ્ઠિત ગ્લેનકેર્ન ગોલ્ફ ક્લબ ખાતે 23 જુલાઈના રોજ વાર્ષિક ગોલ્ફ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ કાર્યક્રમે 200 સમર્પિત ગોલ્ફરોને આકર્ષિત કર્યા હતા. ICGAએ ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનને $ 51,000નું દાન કર્યું હતુ. ટુર્નામેન્ટમાં બે અલગ અલગ લીગ હતી. જસકરણ કૈન્થે $ 5,000ના રોકડ પુરસ્કાર સાથે ઈન્ડો કેનેડા કપ જીત્યો હતો. રોન સિદ્ધુએ $ 4,000 જીતીને બીજું સ્થાન મેળવ્યું હતુ. આ ઉપરાંત $ 3,000ની કમાણી કરીને ત્રીજા ક્રમે લકી સેન્ડલ રહી હતી. શિવિન્દર સિંહે $ 2,000ના ઈનામ સાથે ચોથું સ્થાન મેળવ્યું હતુ. સરબજીત સિંહે $ 1,000 મેળવીને પાંચમો ક્રમ મેળવ્યો હતો. ચેરિટીના ઉદાર કાર્યમાં જસકરણ, રોન, શિવિન્દર અને સરબજીતે ચેરિટી માટે દાન માટે તેમની જીતેલી રકમ ICGAને પરત કરી હતી. બીજી લીગ ઈન્ડો કેનેડિયન ગોલ્ફ એસોસિએશનને સમર્પિત કરવામાં આવી હતી, જ્યાં સ્ક્રેમ્બલ ટ્રોફી ખૂબ જ હરિફાઈ હતી.

ટૂર્નામેન્ટ થકી ટ્રિલિયમ હેલ્થ ફાઉન્ડેશન માટે $ 51,000 એકત્ર કરાયા હતા. ટ્રિલિયમ હેલ્થ ફાઉન્ડેશનના ટૂબાએ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ટુર્નામેન્ટના મુખ્ય પ્રાયોજક ટર્કિશ એરલાઈન્સના ઉદાર સમર્થન દ્વારા આ ઈવેન્ટ શક્ય બની હતી.

**ઈન્ડો કેનેડિયન ગોલ્ફ એસોસિયેશન સ્ક્રેમ્બલ ટ્રોફીના વિજેતાની યાદી**

- ઈમાન સેહમ્બી, મેથ્યુ ઓનિક, સોની મોહમ્મદ અને ગ્રીમ એલ્સ્ટોબ.
- હરવિન્દર પોવાર, જતિન્દર માલ્હી, સરબજીત સ્ત્રા અને પોલ સિંઘ.

# મારખમ ખાતે ‘સ્વરાનુરાગ’ સંસ્થાની બેઠક કલાકારો દ્વારા વિવિધ રાગમાં ગીતો ગવાયા

**મારખમ**

2012માં સ્થપાયેલું સ્વરાનુરાગ શાસ્ત્રીય સંગીત ચાહકોનું સાધક મંડળ છે. 2024માં તેની પ્રથમ ઘર બેઠક 66, MILORI LEN , MARKHAM ખાતે યજમાન માનસી ઝુબીન મેહતાના ઘરે 20-જુલાઈએ સવારે 10થી 12 વાગ્યા દરમિયાન યોજાઈ હતી. બેઠકમાં સવારના રાગોનું ચયન થયા બાદ ભાટિયાર રાગથી શરૂઆત થઈ હતી.




સુમિરન કર ઉઠ ભોર મનવાને સાધકોએ સમૂહમાં ગાયું હતુ. રાગ ભૈરવમાં બાળકલાકાર પવિત્ર ગાંગલાનીએ કૃષ્ણ કૃષ્ણ કહીયે ઉઠી ભોર ...રજૂ કર્યું હતુ. જે બાદ વિથા ક્રિશ્ન મુર્થીએ રાગ ખમાજમાં બ્રિજ મેં સખી સંગ (ઝપતાલ), તિલંગ માં કાન્હ મુરલીવાલે, જોગમાં સાજન મોરે ઘર આયે અને માલકૌંસમાં ધીટ લંગર માનત નાહી વિસ્તારથી ગાયા હતા. બ્રિન્દા ગોસ્વામીએ રાગ ભીમ પલાસી માં ખેલો ખેલો નંદ લાલા હમસન અને પટ દીપમાં કવન સુખ પાયેં ર, રાગ બિભાસ પ્યારી પ્યારી બતિયાં કર્ કર મોહન રજૂ કરી હતી. કુમુદ પટેલની રચના રાગ આશાવરીમાં ઈતની બિનતી સુનો શ્યામ મોરી, વિસ્તારથી ગાયુ હતુ. ત્યારબાદ સ્વરાનુરાગની સ્ટાર ગાયિકા માનસી મહેતાએ સાઉથનો રાગ શહાના કાન ડા માં ઠુમરી અંગથી હોરી મૈં ખેલુંગી શ્યામ સે દટકે પુરી તૈયારી સાથે ગાઈ અને તેજ રાગની એક બંદિશ મંદિરવા મે મોરે આયેં ગુનીજન જન કો દરબાર અતિ ભાવપૂર્ણ ઢંગથી ગાઈ સૌના મન જીતી લીધાં હતા. કાર્યક્રમમાં ગોકુલભાઈ ખત્રી, ભારતીબેન, જીતભાઈ પંચાલ, રૂપલબેન, ચિરાગભાઈ અને પરિવારના સૌ સંગીત પ્રેમીઓની હાજરી રહી હતી.

# કામચલાઉ રહેવાસી ઘટાડવાનું લક્ષ્ય પાર થવાની શક્યતા નહિંવત્ : બેંકનો અંદાજ

## બેંકીંગ યોજનાનો લાભ લેનારાઓમાં બિન-સ્થાયી નાગરિકોનો હિસ્સો વધ્યો

**ટોરોન્ટો**

બેંક ઓફ કેનેડાનો અંદાજ છે કે, ફેડરલ સરકાર આગામી ત્રણ વર્ષમાં કેનેડાની વસ્તીમાં કામચલાઉ રહેવાસીઓનો હિસ્સો ઘટાડવાના તેના ધ્યેયને પાર પાડવામાં ઉણી ઉતરી શકે છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે માર્ચમાં જાહેરાત કરી હતી કે, ઓટાવા 2027 સુધીમાં વસ્તીમાં તેમનો હિસ્સો 6.2 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો પ્રયાસ કરશે. પરંતુ બુધવારે બેંક ઓફ કેનેડાએ આગાહી કરી હતી કે, સરકાર તે લક્ષ્ય ચૂકી જશે. બેંકના વ્યાજ દર ઘટાડવાની તેની જાહેરાતના ભાગરૂપે પ્રકાશિત નાણાકીય નીતિ અહેવાલમાં જણાવ્યું હતું કે માર્ચમાં ધ્યેય નક્કી કરવામાં આવ્યો, ત્યારથી વસ્તીમાં બિન-સ્થાયી નિવાસીઓ (NPRs)નો હિસ્સો ખરેખર વધ્યો છે. “NPRs એપ્રિલની શરૂઆતમાં 6.8% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. જે માર્ચની જાહેરાતના સમય કરતા ઘણી વધારે છે અને નજીકના ગાળામાં શેર વધવાનું ચાલુ રાખવાની અપેક્ષા છે, આ સૂચવે છે કે 5% લક્ષ્ય હાંસલ કરવા માટે NPRના પ્રવાહમાં ઘટાડો કરવા માટે આયોજિત નીતિઓમાં વધુ સમય લાગશે. સેન્ટ્રલ બેંકના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે તેના અંદાજો વિશે નોંધપાત્ર અનિશ્ચિતતા છે. મોટા ભાગના અસ્થાયી નિવાસી પરમિટ કાર્યક્રમોને કેવી રીતે સમાયોજિત કરવામાં આવશે તેની વિગતો આ વર્ષના અંત સુધી અપેક્ષિત નથી. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિભાગ આગામી ઈમિગ્રેશન સ્તરની યોજનામાં કેનેડામાં કામચલાઉ રહેવાસીઓના પ્રવાહને સંબોધવા માટેના પગલાંનો સમાવેશ કરશે.

# 20,000 કરોડનું જમીન કૌભાંડ : ગુજરાત ખેડૂત અને ગણોતિયા દ્વારા કૂચની ચીમકી

## જમીનને મૂળ સ્થિતિમાં પાછી લાવવા મુલસાણાના ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી

ગાંધીનગર

ગાંધીનગરના મુલસાણા ગામે પાંજરાપોળની 20 હજાર કરોડની કિંમતી જમીન ગેરકાયદે રીતે બિલ્ડરોને પધરાવી મસમોટુ જમીન કૌભાંડ આચરવામાં આવ્યું છે. જેમાં ભાજપના મોટાગજાના નેતાઓથી માંડીને બિલ્ડરોની જગજાહેર મીલીભગત છે. મહત્ત્વની વાત એ છે કે, સમગ્ર જમીન કૌભાંડની તપાસ ચાલી રહી છે. ત્યારે પૂર્વ કલેક્ટર એસ.કે.લાંગા જેલમાં છે, બીજી તરફ આ જમીન પર બિલ્ડરો બેફામ રીતે બાંધકામ કરી રહ્યાં છે.

જમીનને મૂળ સ્થિતિમાં પાછી લાવવા અને ગણોતિયાઓને અધિકાર મળે તે માટે મુલસાણા ગામના ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી છે. ખેડૂતો. ગણોતિયાઓએ ચિમકી ઉચ્ચારી છે કે, જે સરકાર આ મામલે ખેડૂતોને તેમનો હુક-જમીન નહીં આપે તો ગાંધીનગર તરફ કૂચ કરાશે. વિધાનસભામાં વિપક્ષના નેતા અમિત ચાવડા સહિત કોંગ્રેસના પ્રતિનિધીમંડળે મુલસાણાની મુલાકાત લઈને અસરગ્રસ્ત ખેડૂત પરિવારોની વ્યથા જાણી હતી.

જે બાદ ચાવડાએ એવો આક્ષેપ કર્યો કે, 'ગુજરાતમાં ભૂમાફિયાઓ બન્યા છે. મુખ્યમંત્રી કાર્યાલયથી માંડી મહેસૂલના અધિકારીઓના મેળાપિપણાને લીધે મુલસાણા અને તેની આસપાસ દસ ગામની ગૌચરની જમીન બિલ્ડર આખલા ચરી ગયા છે.

# સાગઠિયાનું વધુ એક કૌભાંડ, યુનિ.ની 16 કરોડની જમીન બિલ્ડરને પધરાવી

રાજકોટ

રાજકોટના અગ્નિકાંડના બનાવ બાદ ટીપીઓ સાગઠિયાના કૌભાંડ એક પછી એક બહાર આવી રહ્યા છે.જેમાં અગ્નિકાંડ બાદ હવે સાગઠિયાનું જમીન કૌભાંડ પણ બહાર આવ્યું છે. રાજકોટ કાંડને લઈને ભ્રષ્ટ સાગઠિયાનું વધુ એક કૌભાંડ આવ્યું બહાર છે.

સાગઠિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જમીન પણ વેચી મારી હતી. યુનિવર્સિટીની 16 કરોડની જમીન બિલ્ડરને પધરાવી દીધાનું સામે આવ્યું છે. ટીપી કપાત વગર જ 1547 ચોરસ મીટર જમીન બિલ્ડરને પધરાવી દીધી. બિલ્ડરે યુનિવર્સિટીની કમ્પાઉન્ડ વોલ તોડીને પેશકદમી કરી હતી. યુનિવર્સિટીએ અનેક ફરિયાદ કરી છતા કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. રાજકોટ બિલ્ડર એસો.ના ઉપપ્રમુખને જમીન વેચી દીધી હોવાનું સામે આવ્યું છે.

55 વર્ષ પહેલા કલેકટરે જમીન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફાળવી હતી. પરંતુ ટીપીઓ સાગઠિયાએ આ જમીન બિલ્ડરને પધરાવી દીધી હતી. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કલંકિત ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા દ્વારા અપ્રમાણસર મિલકતો ACB દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં ખૂલી રહી છે.

# ગાંધીધામમાં વીજશોક લાગવાના બનાવોમાં બે મોતથી અરેરાટી

ભુજ

ભારતનગરમાં પાણી ચડાવવાની વીજ મોટરને અડી જતાં લાગેલા જોરદાર કરંટથી શહેરના સુંદરપુરીના કાનજી ડાયા પ્રજાપતી નામના યુવકે તત્કાળ દમ તોડી દીધો હતો જયારે બાથરૂમમાં લાઈટની સ્વીચને ચાલુ કરવા જતાં લાગેલો જીવલેણ વીજશોક મીનાબેન અલાના રાયશી નામની પરિણીતાને ભરખી ગયો હતો. નવી સુંદરપુરી ભરવાડવાસમાં રહેનાર કાનજી પ્રજાપતી કન્સ્ટ્રક્શન કામના સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો હતો. ભારત નગરમાં માનવ ધર્મ આશ્રમની બાજુમાં તેમની સાઈટ પર વરસતા વરસાદ વચ્ચે કાર્ય ચાલી રહ્યું હતું એ દરમ્યાન પાણીની વીજ મોટરને ભૂલથી અડી જતાં આ યુવકને વીજશોક લાગતા સારવાર મળે તે પૂર્વે યુવકે અંતિમ શ્વાસ લીધા હતા.

# 'તમારી લાલચને લીધે લોકો હેરાન થાય છે,' કોર્ટે પોલીસ અને RTOને ઝાટક્યાં

અમદાવાદ

અમદાવાદ શહેરમાં લક્ઝરી બસોને ગેરકાયદે પ્રવેશ અને જાહેર માર્ગો પર પાર્કિંગ, શહેર સહિત રાજયમાં પરમીટ વિના ચાલતા વાહનો, સ્કૂલવાનમાં સીએનજી કીટ પર બાળકોને બેસાડવા સહિતના અનેક મુદ્દે ગુજરાત હાઇકોર્ટે આજે ટ્રાફિક પોલીસ, પોલીસ ઓથોરીટી, આરટીઓ સત્તાવાળાઓને બહુ જોરદાર રીતે આડા હાથે લીધા હતા.

જસ્ટિસ સંદીપ એન.ભટ્ટે એક તબક્કે એટલી હદે માર્મિક ટકોર કરી હતી કે, થોડા આર્થિક લાભ માટે ટ્રાફિક પોલીસ અને આરટીઓ સત્તાવાળાઓની મિલીભગતના કારણે નિર્દોષ નાગરિકો ટ્રાફિકની સમસ્યાઓમાં હેરાન થઈ રહ્યા છે. હાઈકોર્ટે ટ્રાફિકની ખાડે ગયેલી સમસ્યાઓને સુધારવા અને જે તે વિસ્તારના અધિકારીઓની જવાબદારી નક્કી કરવા સહિતના નિર્દેશો સાથે રાજયના ગૃહ વિભાગ, ટ્રાફિક પોલીસ, આરટીઓના જવાબદાર અધિકારીને તા.14મી ઓગસ્ટે રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યું છે. હાઈકોર્ટે સમગ્ર સિસ્ટમને લઈ કેસની સુનાવણી દરમ્યાન બહુ આકરા પ્રહારો કર્યા હતા.

# ગુજરાતમાં રેલવે સુવિધાના વિકાસ માટે 8743 કરોડની ફાળવણી કરાઈ

ગાંધીનગર

ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટ્સ માટે ફાળવણીમાં જંગી વધારો કરી આ વર્ષે રૂ. 8743 કરોડની ફાળવણી કરવામાં આવી છે. કેન્દ્રીય બજેટ 2024-25ની જોગવાઈઓ અંગે માહિતી આપતા કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવએ જણાવ્યું હતું કે, વર્ષ 2009-2014 દરમિયાન રૂ. 589 કરોડના વાર્ષિક સરેરાશ ખર્ચની સરખામણીમાં ગુજરાત માટેના ખર્ચમાં આશરે 15 ગણો વધારો થયો છે. ગુજરાતમાં રૂ. 30,826 કરોડની કિંમતના 2,948 કિમીને આવરી લેતા (નવા ટ્રેક) સહિત 42 પ્રોજેક્ટ ચાલુ છે. ટ્રેકના વિકાસમાં ગુજરાતમાં 2009-14 દરમિયાન માત્ર 13 કિમીની સરખામણીમાં 2014-24 દરમિયાન 300 કિમીનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે.

# રાજકોટ : ભાડે કાર આપનારા વધુ 8 છેતરાયાં

## રાજકોટમાં 49 લાખનું કૌભાંડ : કાર વગે થઈ જતા પોલીસ મથકે ફરિયાદ

રાજકોટ

રાજકોટમાં નવાગામની શક્તિ સોસાયટી મેઈન રોડ પર રહેતાં અને નાનામવા મેઈન રોડ પર આવેલી પાઈપ અને સેનેટરી વેરની દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં જયેશભાઈ દુર્લભભાઈ અગ્રાવત (ઉ.વ. 38 )એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ફેબ્રુઆરી માસમાં તેના મિત્ર નરેન્દ્ર સોંદરવાએ કહ્યું કે તમારી પાસે જે ઈનોવા કાર છે તે ભાડે આપવી હોય તો કહેજો, મારા સગા ચેતનની 150 ફૂટ રીંગ રોડ પર ટવીન સ્ટાર ખાતે ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ નામની ઓફીસ છે. જયાં તે ફિલીપકાર્ડમાં ગાડીઓ ભાડે મુકાવે છે.

જેથી નરેન્દ્ર અને ભત્રીજા ઉમંગ સાથે ચેતનની ઓફીસે જઈ વાતચીત કરી હતી. જેમાં રૂ. 34,000ના ભાડામાં કાર મુકવાનું નકકી થયું હતું. તે વખતે ચેતને જણાવ્યું કે તમામ ખર્ચ અને ડ્રાઈવર કંપનીનો રહેશે. બાદમાં સર્વીસ એગ્રીમેન્ટમાં તેની સહી કરાવી હતી. આ વાત તેણે સગાવ્હાલા અને મિત્રોને કરતાં તેઓ પણ પોતાની કાર ભાડે મુકવા તૈયાર થયા હતા. જેમાં તેના સાળા વિશાલ નરોત્તમભાઈ નિરંજનીની ઈનોવા, બીજા સાળા હિતેષ બાબુલાલ અગ્રાવતની અર્ટીકા, ભત્રીજા ઉમંગ અશોક અગ્રાવતની ઈનોવા, ઉમંગના મિત્ર મયુરસિંહ ધીરૂભાઈ પરમારની ઈનોવા, ઉમંગના બીજા મિત્ર રામજીભાઈ વલ્લભાઈ શિયાળીયાની ઈનોવા અને ઉમંગના ત્રીજા મિત્ર રવિગીરી ઈશ્વરગીરી ગોસ્વામીની અર્ટીકા ઉપરાંત હિરેનગીરી ભરતગીરી મેઘનાથીની ઈનોવા કાર ભાડે આપી હતી. જેનું શરૂઆતમાં ઓનલાઈન અને રોકડેથી ભાડુ ચુકવ્યું હતું. પરંતુ બાદમાં ભાડુ ચુકવવાનું બંધ કરતાં ગઈ તા. 6 જૂનના રોજ ચેતનની ઓફીસે તપાસ કરતાં તે બંધ મળી આવી હતી. એટલું જ નહી તેણે કાર સગેવગે કર્યાની માહિતી મળી હતી.

# સરકાર છતાં અમારા કામ થતા નથી ભાજપના જ ધારાસભ્યોની હૈયાવરાળ

અમદાવાદ

અમદાવાદ ખાતે સંકલન સમિતિની બેઠકમાં ભાજપના ધારાસભ્યોએ એક સૂરે કહ્યું કે, 'વારંવાર રજૂઆત કર્યા પછીય જમીની સ્તરની કામગીરી થતી નથી.' અનેક વખત રજૂઆત કરાઈ પણ સરકારી જમીન પર દબાણો દૂર કરાયા નથી, સરકારી બાબુઓ ધારાસભ્યોને ગાંઠતા નથી. અમદાવાદમાં સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય અમિત શાહે એવો બળાપો કાઢ્યો હતો કે, 'સરકારી જમીનો પર દબાણ દૂર કરવા રજૂઆત કરી હોવા છતા તંત્રને જાણે કઈ પડી નથી. સંકલન સમિતિમાં 15 વખત દબાણને લઈને ફરિયાદ કરી હોવા છતા અધિકારીઓ એક જ જવાબ આપે છે કે, થઈ જશે. પણ અત્યાર સુધી અસરકારક પગલાં લેવાયા નથી.' ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરે પણ જાહેર માર્ગો પર નોનવેજની ધમધમતી દુકાનો મુદ્દે પગલાં લેવા ફરિયાદ કરી હતી. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનને આ મામલે જરાય રસ દાખવ્યો નથી. આ ઉપરાંત ભાજપના ધારાસભ્ય અમુલ ભટ્ટે નારોલ તળાવના વિકાસને લઈને છેલ્લાં દોઢ વર્ષથી રજૂઆત કરી રહ્યા છે છતા કોઈ નક્કર પગલાં લેવાતા નથી. નાછૂટકે ધારાસભ્યોએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, જે જરૂરી પગલા નહીં ભરો તો નારોલ તળાવ પણ ચંડોળા તળાવ બની જશે.

# મીઠાપુર સાગરકાંઠેથી 12 કરોડના ચરસનાં 21 પેકેટ રેઢાં મળ્યાં

જામખંભાળિયા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડ્રગ્સની હેરાફેરી માટે દરિયાકાંઠાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. તાજેતરમાં વરવાળાના સાગરકાંઠેથી 16 લાખની કિંમતના ચરસના ૩૦ પેકેટ મળ્યા પછી સિલસિલો અટક્યો નથી. અહીં મીઠાપુર નજીક મોજપના સાગરકાંઠે પોલીસ ટીમે 12 કરોડની કિંમતના 23680 ગ્રામ ચરસના 74 લાખની કિંમતનો ચરસ જથ્થો ઝડપી લીધો છે. શનિવારે મીઠાપુર પોલીસ સ્ટાફ તથા એસ.આર.ડી, સભ્યોની ટીમો દ્વારા મીઠાપુર વિસ્તારના મોજપ ગામના દરીયા કીનારા વિસ્તારના પેટ્રોલિંગ દરમ્યાન દ્વારકા નજીક આવેલા મીઠાપુર તાબેના મોજપ ગામના દરીયા કાંઠેથી માદક પદાર્થ ચરસના 21 પેકેટ બીન વારસુ હાલતમાં મળી આવ્યા હતા.

# ઠગાઈ : ગુજરાતીઓએ 5 વર્ષમાં 74 કરોડ ગુમાવ્યાં

ગાંધીનગર

ગુજરાતમાં એક વર્ષમાં ક્રેડિટ કાર્ડ-ડેબિટકાર્ડ-ઈન્ટરનેટથી છેતરપિંડીની 1349 ઘટના નોંધાઈ છે. અને જેમાં તેમણે કુલ રૂપિયા 49.92 કરોડ ગુમાવ્યા છે. ગુજરાતમાં ઓનલાઈન બેન્કિંગ, ઓનલાઈન ખરીદીનું પ્રમાણ વધ્યું છે તેમ ફ્રોડના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. નાણાકીય વર્ષ 2019-20માં ઓનલાઈન છેતરપિંડીની કુલ માત્ર 51 ઘટના હતી અને તેમાં ગુમાવ્યા હતા. આ પછી લોકોએ રૂપિયા 2.87 કરોડ 2020-21માં આ પ્રમાણ વઢીને રૂપિયા 6.31 કરોડ થઈ ગયું હતું. 2020-21માં છેતરપિંડીની રકમ ઘટી હતી પણ ઘટનામાં વધારો નોંધાયો હતો. 2022-23માં 237 ઘટનામાં રૂપિયા 9.87 કરોડની રકમ લોકોએ ગુમાવી હતી. આમ, 2022-23 કરતાં છેતરપિંડીની રકમમાં પાંચ ગણો વધારો થયો હતો.

### બેન્કિંગ ફ્રોડની સૌથી વધુ ઘટનામાં ગુજરાત છઠ્ઠા સ્થાને



રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલ અનુસાર 2023-24માં બેન્કિંગ ફ્રોડની સૌથી વધુ ઘટના થઈ હોય તેમાં તામિલનાડુ 6871 સાથે મોખરે, મહારાષ્ટ્ર 6514 સાથે બીજા, દિલ્હી 2487 સાથે ત્રીજા, ઉત્તર પ્રદેશ સાથે 1462 સાથે ચોથા, પશ્ચિમ બંગાળ 1353 સાથે પાંચમાં જ્યારે ગુજરાત છઠ્ઠા સ્થાને છે. હવે આ સમયગાળામાં સૌથી વધુ રકમ ગુમાવી હોય તેમાં પણ તામિલનાડુ રૂપિયા 553 કરોડ સાથે મોખરે છે. જ્યારે મહારાષ્ટ્ર રૂપિયા 282.42 કરોડ સાથે બીજા, ઉત્તર પ્રદેશ ત્રીજા, દિલ્હી 62.12 કરોડ સાથે ચોથા, કેરળ પાંચમાં, કર્ણાટક છઠ્ઠા અને ગુજરાત સાતમાં સ્થાને છે. સમગ્ર દેશમાં 2023-24માં નાણાકીય ફ્રોડની આ પ્રકારની કુલ 29082 ઘટના બની છે અને જેમાં રૂપિયા 1457 કરોડની રકમ ગુમાવી છે. પાંચ વર્ષમાં ભારતીયોને કુલ રૂપિયા 2137 કરોડ ગુમાવવાનો વારો આવ્યો છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસે ભરડો લીધો, 124 શંકાસ્પદ કેસ

## સૌથી વધુ સાબરકાંઠામાં 12 શંકાસ્પદ કેસ નોંધાયા, ચાંદીપુરાના કારણે રાજ્યમાં 44 બાળકોએ જીવ ગુમાવ્યા

ગાંધીનગર

ગુજરાતમાં ચાંદીપુરાથી વાયરસથી હાહાકાર મચ્યો છે. રાજ્યમાં ચાંદીપુરાના કેસમાં દિવસેને દિવસે ઉછાળો આવ્યો છે. ગુજરાત રાજ્યના વાયરલ એન્કેફેલાઈટીસના કુલ 124 કેસો નોંધાયા છે. સૌથી વધુ સાબરકાંઠામાં 12 શંકાસ્પદ કેસ નોંધાયા છે. શંકાસ્પદ પૈકી 37 કેસો હાલ પોઝિટિવ છે. જ્યારે ચાંદીપુરાના કારણે રાજ્યમાં 44 બાળકોના મોત નીપજ્યા છે. ચાંદીપુરા વાયરસથી 54 દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સાબરકાંઠા 12, અરવલ્લી-5, મહીસાગર 2, ખેડા 6, મહેસાણા 7, રાજકોટ 5, સુરેન્દ્રનગર 4, અમદાવાદ કોર્પોરેશન-12, ગાંધીનગર-6, પંચમહાલ-15, જામનગર-6, મોરબી-5, ગાંધીનગર કોર્પોરેશન 3, છોટાઉદેપુર 2, દાહોદ 2, વડોદરા 6, નર્મદા 2, બનાસકાંઠા 5, વડોદરા કોર્પોરેશન 2, ભાવનગર 1, દેવભૂમિ દ્વારકા 1, રાજકોટ કોર્પોરેશન 4, કચ્છ 3, સુરત કોર્પોરશન 2, ભરૂચ 3, અમદાવાદ 1 તેમજ જામનગર કોર્પોરેશન 1 શંકાસ્પદ કેસો નોંધાયા છે. આ તમામ જિલ્લાઓને મળીને ચાંદીપુરા વાયરસના કુલ-37 કેસ પોઝિટિવ આવ્યા છે. રાજ્યના વાયરલ એન્કેફેલાઈટીસના 54 દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે 26 દર્દીઓને રજા આપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરાના વધુ 2 રિપોર્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના પોઝિટિવ કેસની સંખ્યા 5 થઈ છે. શંકાસ્પદ ચાંદીપુરાના કુલ 15 કેસ નોંધાયા છે. 15 પૈકી 5 અસરગ્રસ્ત બાળકોના મોત નીપજ્યા છે.



### ચાંદીપુરા વાયરસને લઇ ગુજરાત આવ્યા 2 વૈજ્ઞાનિક

કેન્દ્રના 2 વૈજ્ઞાનિકો ચાંદીપુરા વાયરસને લઈ ગાંધીનગરની મુલાકાતે આવ્યા છે. ગાંધીનગરમાં વાયરસથી સંક્રમિત વિસ્તારની મુલાકાત લીધી છે. આ બન્ને વૈજ્ઞાનિકો ગઈકાલે ગાંધીનગર સેક્ટર 17માં ચાદીપુરા વાયરસ અંગે તપાસ કરી હતી. કેન્દ્રમાંથી આવેલા 2 વૈજ્ઞાનિકો એ તપાસ કરી રહ્યાં છે કે, ચાંદીપુરા વાયરસનું સંક્રમણ કઈ રીતે થયુ.

## અમદાવાદમાં ઝાડા ઉલટીના ૯૪૦,કોલેરાના ૩૨ કેસ નોંધાયા

અમદાવાદ

અમદાવાદમાં લાંબા સમયથી વરસાદ વરસ્યો નથી. પરંતુ પ્રદૂષિત પાણીના કારણે પાણીજન્ય રોગચાળો બેકાબૂ બન્યો છે. જૂલાઈમાં ઝાડા ઉલટીના ૯૪૦ તથા કોલેરાના ૩૨ કેસ નોંધાયા છે.વર્ષ-૨૦૨૩માં વર્ષાંત સુધીમાં કોલેરાના ૯૫ કેસ નોંધાયા હતા. આ વર્ષે સાત મહીનામાં જ કોલેરાના ૧૫૫ કેસ નોંધાયા છે. અમરાઈવાડી, બહેરામપુરા, ચાંદલોડીયા,ગોમતીપુર ઉપરાંત દાણીલીમડા, લાંભા, મણિનગર, સરસપુર-રખિયાલ, ઈન્દ્રપુરી, રામોલ-હાથીજણ, વટવા તેમજ ગોતા, જોધપુર, ખોખરા, નવા વાડજમાં કોલેરાના કેસ નોંધાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પુરુ પાડવામા આવતા પાણીના લેવાયેલા સેમ્પલ પૈકી ૭૩૬ સેમ્પલનો કલોરીન રીપોર્ટ નીલ આવ્યો છે.

## વિરપુરમાં દીકરાએ લાકડીના ફટકા મારી માતાને મોતને ઘાટ ઉતારી દીધી

વિરપુર

વિરપુર તાલુકાના નાડા ગામે નજીવી બાબતે માતાને લાકડીના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દીકરો ફરાર થઈ ગયો હતો. આ અંગે દીકરાના પિતાએ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહને પીએમ માટે મોકલી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી.

નાડા ગામે રમેશભાઈ માલીવાડ અને તેમની પત્ની મધુબેન ખેતરના કામ અર્થે ગયા હતા અને ઘેર આવીને બેઠા હતા. તેવામાં તેમનો છોકરો પર્વત આવીને જમવા માટે માથાકૂટ કરવા લાગ્યો હતો. મધુબેને ખેતરમાંથી આવીને બેઠી છું, હવે બનાવું કહેતા સીધો પર્વત ગડદાપાટુનો માર મારતા બાજુમાં રહેતો ભત્રીજો ભરતભાઈ તેમને બચાવવાં વચ્ચે પડતા તેને પણ પર્વત માર મારવા લાગતા ભરત ભાગી ગયો હતો. જયારે પર્વતે ઘરમાં પડેલી લાકડીથી માથાના ભાગે ફટકા મારતા માતા મધુબેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક માતાને તે જ જગ્યાએ છોડી પર્વત ભાગી ગયો હતો. આ બનાવ અંગે રમેશભાઈ દ્વારા વિરપુર પોલીસને જાણ કરાતા પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

## પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત સમગ્ર ભારત માટે 'મોડેલ સ્ટેટ' બનશે

ગાંધીનગર

કેન્દ્રીય નાણામંત્રી દ્વારા અંદાજપત્ર 2024-25 રજૂ કરવામાં આવ્યું હતું. જે બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારામને ચતુર્દિક સમૃદ્ધિ અને સશક્ત વિકાસ માટે ભારત સરકારની નવ પ્રાયોરિટીમાં કૃષિ ક્ષેત્રમાં પરિવર્તનશીલતા સાથે ઉત્પાદકતામાં વૃદ્ધિને પ્રથમ અગ્રતા ગણાવી હતી. કૃષિમાં પણ પ્રાકૃતિક કૃષિને ભારત સરકારની ટોપ પ્રાયોરિટીમાં મુકતા તેમણે કહ્યું હતું કે આગામી બે વર્ષમાં ભારતમાં એક કરોડ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરાશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે સમગ્ર ભારત માટે 'મોડેલ સ્ટેટ' બનવા જઈ રહ્યું છે.

## ગુજરાતમાં આરોગ્ય સુવિધામાં ધાંધિયા, 334 કોમ્યુનિટી સેન્ટરમાં નિષ્ણાત ડૉક્ટરો જ નથી

ગાંધીનગર

ગુજરાત મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે તેવા બણાં ફુંકવામાં આવી રહ્યા છે. વાસ્તવમાં રાજ્યમાં આરોગ્ય સુવિધાના નામે મીંડું છે. કેન્દ્ર સરકારના રુરલ હેલ્થ સ્ટેટેસ્ટીક્સ 2022ના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં 334 કમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં પિડીયાટ્રીશિયન, ગાયનેક સહિત સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો જ નથી. ગુજરાતમાં માત્રને માત્ર 14 કમ્યુનિટી હેલ્થ સેન્ટર જ એવાં છે જ્યાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો ઉપલબ્ધ છે. રાજ્યમાં ડોક્ટરોની સંખ્યાનું ચિત્ર બિહામણું છે. 344 કમ્યુનિટી હેલ્થ સેન્ટર છે. જેમાં માત્ર 76 પિડીયાટ્રિશિયનની જગ્યા મંજૂર કરવામાં આવી છે. તેમાં ય 46 જગ્યા ખાલી પડી છે. આ જોતા ગ્રામ્ય વિસ્તારમાં 314 બાળકોના નિષ્ણાત ડોક્ટરોની જરૂરિયાત છે. હવે જો બાળકોના નિષ્ણાત ડોક્ટરો જ ન હોય તો પછી ચાંદીપુરા જેવા રોગચાળાને કેવી રીતે કાબૂમાં કરવો એ પ્રશ્ન સર્જાયો છે. કેન્દ્રના રુરલ હેલ્થ સ્ટેટેસ્ટીક્સ 2022ના રિપોર્ટ અનુસાર, દરેક કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં એક જનરલ સર્જન, ગાયનેક, પિડીયાટ્રિશિયન હોવા ફરજિયાત છે. આજે ગ્રામિણ વિસ્તારમાં 295 ગાયનેક ડોક્ટર, 330 ફિઝિશિયન, 310 આઈ સર્જનની જરૂરિયાત છે. મહત્ત્વની વાત તો એછે કે, એકેય કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં આયુષ સ્પેશ્યાલિસ્ટને ફરજ પર મૂકાયા નથી. કેન્દ્ર સરકારના રિપોર્ટે જ ગુજરાત આરોગ્ય વિભાગની પોલ ઉઘાડી પાડી છે જેમકે, 566 સબ આરોગ્ય કેન્દ્રોમાં પાણી આવતુ જ નથી. 262 સબ આરોગ્ય કેન્દ્રોમાં વીજળી જ નથી.

## અડાલજમાં દંપતી ઉપર લાકડીઓ અને છરી વડે હુમલો, 4 સામે ગુનો

ગાંધીનગર

અડાલજમાં રહેતા અને મૂળ મહેસાણા જિલ્લાના વતની એવા પરિવારની સગીર દીકરીનું દોઢ વર્ષ અગાઉ માણસાના લાકરોડા ગામમાં રહેતો યુવાન જીગર નાગજીભાઈ રબારી ભગાડી ગયો હતો અને ત્યારબાદ પરિવારજનો દ્વારા દીકરી પરત માગવામાં આવતા રૃપિયાની માંગણી કરવામાં આવતી હતી અને આ મામલે છેલ્લા ઘણા સમયથી સમાજમાં અંદરો અંદર ઝઘડો પણ ચાલતો હતો. જીગર અવારનવાર આ સગીરાના પરિવારજનોને પણ હેરાન કરતો હતો. દરમિયાનમાં ગત શનિવારની રાત્રે સગીરાના માતા પિતા અડાલજમાં ઘર આગળ સૂઈ રહ્યા હતા તે દરમિયાન લાકરોડા ગામમાં રહેતા રાજુભાઈ રબારી, મેલાભાઈ રબારી અને મોહનભાઈ રબારી એક બાઈક અને કાર લઈને આવ્યા હતા અને ત્યારબાદ હાથમાં રહેલી છરી અને ધોકાઓ વડે દંપતિ ઉપર હુમલો કરી દીધો હતો.

આ તકરારમાં તેમની વસાહતમાં રહેતા પાર્થ દવે વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને ત્યારબાદ આ લોકો ત્યાંથી ભાગી ગયા હતા.

## ગુજરાતમાં બે-હજાર કરોડની અકસ્માત વીમાની રકમનો કેમ કોઈ લેવાલ નથી : સુપ્રીમ કોર્ટ

અમદાવાદ

સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ગુજરાતના કાયદા સચિવ અને ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રારને કારણ દર્શક નોટિસો કાઢીને એક્સિડન્ટ ક્લેઈમ ટ્રિબ્યૂનલ્સ (એમએસીટી) અને લેબર કોર્ટનો ડેટા 26મી જુલાઈના રોજ મુદત રાખી છે.ગુજરાતના નિવૃત્ત જજ બી.બી.પાઠકએ સુપ્રીમ કોર્ટને તા.25મી મે 2024ના રોજ ઈ-મેઈલ કરીને જણાવ્યુ હતુ કે, ઈમેલમાં, વળતરના માર્ગે ચૂકવવાપાત્ર મોટી રકમનો દાવો કરવામાં આવ્યો નથી અને MACT અને લેબર કોર્ટમાં જમા કરવામાં આવે છે. એકલા ગુજરાત રાજ્યમાં જ રૂ. 2000 કરોડ વળતરના દાવાઓના નાણાં જમા પડયા છે અને વળતરના લાભાર્થીઓને શોધવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી.

## દ્વારકાના સુદર્શન સેતુમાં છ માસમાં જ ગાબડાં

### બિહારમાં ગંગા નદીનો પુલ ધરાશાયી થયો હતો તે પુલનું કામ કરનાર કંપનીને કામ સોંપાયું હતું

દ્વારકા

ઓખા અને બેટ - દ્વારકા વચ્ચે સમુદ્રમાં રૂ.950 કરોડથી વધુના ખર્ચે નિર્માણ થયેલ સુદર્શન સેતુમાં ગાબડા અને તિરાડ દેખતા હોવાના ફેટો વીડિયો વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે.ઓખા અને બેટ - દ્વારકા વચ્ચે સમુદ્રમાં નિર્માણ થયેલ સુદર્શન બ્રીજનું ઉદઘાટન થયું હતું. ગત ફેબ્રુઆરીમાં લોકાર્પણ પામેલ સુદર્શન સેતુમાં 6 મહિનામાં ગાબડા પડતા અનેક સવાલ ઉભા થયા છે.



અમુક જગ્યાએ તિરાડો પણ દેખાઈ છે. બ્રીજનું નિર્માણ એસ.પી.સિંગલા કન્સ્ટ્રક્શન કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. કંપની મોટા પુલ બનાવવા માટે જાણીતી છે. પરંતુ તેના અમુક પ્રોજેક્ટ પર સવાલો ઉઠયા છે. સુદર્શન સેતુના નિર્માણ દરમ્યાન જ આ કંપનીએ બિહારમાં ગંગા નદી પર બનાવેલો એક પુલ ધરાશાયી થયો હતો. આ ઘટના પછી પ્રોજેક્ટ તેમની પાસેથી પરત લઈ લેવા સુધીની અટકળો વહેતી થઈ હતી. દ્વારકાના સિગ્નેચર બ્રિજ (સુદર્શન બ્રિજ)ના પાંચ મહિનામાં જ પોપડાં ઊખડી ગયાં છે. અંદાજે 978 કરોડના ખર્ચે બનેલા બ્રિજમાં ત્રણ જગ્યાએ સળિયા દેખાઈ રહ્યા છે અને અમુક જગ્યાએ સાઈડની દીવાલમાં પ્લાસ્ટર ઊખડી ગયેલું જોવા મળ્યું છે. આ ઉપરાંત અમુક જગ્યાએ રેલિંગને પણ કાટ લાગી ગયો છે. દ્વારકાના કલેક્ટર જી. ટી. પંડયાએ કહ્યું, 'સિગ્નેચર બ્રિજ પર કામ કરવાનું કહ્યું છે અને રિપોર્ટ પણ મગાવ્યો છે કે આ કેવી રીતે બન્યું ? પ્રાથમિક માહિતી પ્રમાણે, 3 ખાડા હતા. આમ તો ખાડા ન કહેવાય, ઉપરથી પોપડી ઊખડી ગઈ હતી.

# કુપવાડામાં હુમલામાં એક જવાન શહીદ આતંકી ઠાર, ગામમાં 7 શંકાસ્પદ ઘૂસ્યા

## આતંકવાદીઓ ગામમાં પાણી પીધા બાદ તપાસ કરી જંગલમાં જતા રહ્યા, પોલીસે સ્કેચ જાહેર કર્યા

**શ્રીનગર**

કાશ્મીર ઘાટી બાદ આતંકીઓ જમ્મુ પ્રાંતને નિશાન બનાવી રહ્યા છે. હવે આતંકીઓએ કુપવાડામાં હુમલો કર્યો હતો જેમાં એક જવાન શહીદ થયો હતો, જ્યારે એક આતંકીને પણ ઠાર મારવામાં આવ્યો હતો.

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના લોલાબ વિસ્તારમાં સૈન્ય અને પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન લોંચ કરવામાં આવ્યું હતું, આ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. જ્યારે તપાસ અભિયાન ચાલી રહ્યું હતું ત્યારે આતંકીઓએ સૈન્ય પર ગોળીબાર કરી દીધો હતો. આ દરમિયાન એક જવાનને ગોળી વાગતા તે ઘાયલ થયો હતો, બાદમાં શહીદ થયો હતો. જ્યારે જવાબી કાર્યવાહીમાં એક આતંકી પણ ઠાર મરાયો હતો. કુપવાડામાં આતંકીઓ સામે ઓપરેશન ચાલી રહ્યું છે, આ સ્થિતિ વચ્ચે પઠાણકોટમાં પણ આતંકીઓ સક્રિય હોવાની માહિતી સામે આવી છે. પઠાણકોટમાં એક મહિલાને સાત શંકાસ્પદ આતંકીઓ દેખાયા હતા, જેની માહિતી બાદમાં પોલીસને આપવામાં આવી હતી. આતંકીઓએ મહિલાના ઘરમાં પ્રવેશ કર્યો હતો અને પાણી માગ્યું હતું. મહિલાએ પાણી આપ્યું જે દરમિયાન શંકાસ્પદોએ મહિલાની પૂછપરછ કરતા કહ્યું હતું કે તમારો પતિ શું કામ કરે છે, શું તમે ઘરમાં એકલા રહો છો. બાદ તમામ આતંકીઓ જંગલ તરફ જતા રહ્યા હતા.

# અલીગઢ યુનિવર્સિટીમાં ફાયરિંગ : 2 કર્મચારી ઘાયલ, હુમલાખોર પકડાયા

## પોલીસને જાણકારી મળતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ

**લખનઉ**

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કેમ્પસમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. માહિતી અનુસાર 2 કર્મચારીઓ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટના બાદ 2 હુમલાખોરોને સુરક્ષાકર્મીઓએ પકડી પાડ્યા હતા. ત્યારબાદ ઘાયલોને મેડિકલ કોલેજમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ગોળીબારની ઘટના બનતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પોલીસને આ ઘટના વિશે તાત્કાલિક જાણ કરવામાં આવી હતી જે બાદ તે તરત જ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કેમ્પસમાં પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સપ્ટેમ્બરમાં પણ જેએનયુમાં ફાયરિંગની ઘટના બની હતી. ઘટનાને અંજામ આપનાર બદમાશ કેન્ટીન સંચાલક પાસેથી હપ્તો માગી રહ્યો હતો. જ્યારે સંચાલકે ના પાડી તો આરોપીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

# બોચી ઝાલી CMને સત્તાથી હટાવીશું ભાજપના ધારાસભ્ય શાહીના લવારા

**રાંચી**



રાંચીમાં ભાજપ કાર્યકર્તા સંમેલનમાં ભવનાથપુરથી ભાજપ ધારાસભ્ય ભાનુપ્રતાપ શાહી દ્વારા હેમંત સોરેન પર આપવામાં આવેલા વિવાદિત નિવેદનથી ઝારખંડનું રાજકારણ ગરમાયું છે. ભાનુપ્રતાપ શાહીના નિવેદનને ઝામુમો આદિવાસી અસ્મિતા સાથે જોડીને મુદ્દો બનાવવામાં લાગી ગયુ છે.

આ દરમિયાન મંગળવારે ગઢવાના રમના પોલીસ સ્ટેશનમાં ભાનુપ્રતાપ શાહી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભાનુપ્રતાપ શાહી વિરુદ્ધ આ FIR ઝામુમો કાર્યકર્તા રાજેન્દ્ર ઉરાંવે નોંધાવી છે. પોલીસ એસટી-એસસી એક્ટ હેઠળ કેસ નોંધીને કાર્યવાહીમાં લાગી ગઈ છે. એફઆઈઆરમાં ઝામુમો કાર્યકર્તા રાજેન્દ્રએ આરોપ લગાવ્યો કે રાંચીમાં પાર્ટી કાર્યકર્તા સંમેલનમાં ધારાસભ્ય ભાનુપ્રતાપ શાહીએ હેમંત સોરેન વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી જેમાં તેને બોચી ઝાલી સત્તા પરથી હટાવીશું તેમ કહ્યું હતું.

# દિલ્હીમાં પોલીસે સ્પાઈડરમેનનો મેમો ફટકાર્યો કારના બોનેટ પર બેસી ફરવા બદલ 26000 દંડ

## ડ્રાઈવરે સીટ બેલ્ટ બાંધ્યો ન હતું અને ખતરનાક ડ્રાઈવિંગ કર્યું, પીયુસી પણ ન હતી

**નવી દિલ્હી**




દિલ્હીના દ્વારકામાં સ્કોર્પિયોના બોનેટ પર બેસીને સ્પાઈડર મેનનો વેશ ધારણ કરીને ફરતો એક યુવક જોવા મળ્યો હતો. ત્યાર બાદ દિલ્હી ટ્રાફિક પોલીસમાં તેની ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદ મળતાં જ દિલ્હી ટ્રાફિક પોલીસે તેના પર તાત્કાલિક કાર્યવાહી શરુ કરી હતી. ટ્રાફિક પોલીસની ટીમે તે સ્કોર્પિયો શોધી કાઢી હતી. સ્પાઈડર મેન કોસ્ચ્યુમ પહેરેલા આ વ્યક્તિને દ્વારકાના રામપાલ ચોકમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. સ્પાઈડર મેન બનેલા આ 20 વર્ષીય યુવકની ઓળખ નજફગઢના રહેવાસી આદિત્ય તરીકે થઈ હતી. સ્કોર્પિયો ચલાવનાર યુવકની ઓળખ ગૌરવસિંહ દિનેશકુમાર તરીકે થઈ હતી. ગાડી ચલાવનાર ગૌરવની ઉંમર 19 વર્ષની બતાવવામાં આવી છે. ટ્રાફિક પોલીસે વાહનના માલિક અને ડ્રાઈવર પર ખતરનાક રીતે ડ્રાઈવિંગ કરવું, સીટ બેલ્ટ ન બાંધવો અને પ્રદૂષણ પ્રમાણપત્ર ન હોવા બદલ 26,000નો દંડ ફટકાર્યો છે.

# મુજફ્ફરનગર બાદ રુરકીમાં પોલીસ સામે જ કાવડિયાઓનું તાંડવ, દંડા વડે મચાવી તોડફોડ

**મુઝફ્ફરનગર**

મુઝફ્ફરનગર બાદ હવે ઉત્તરાખંડના રુરકીમાં કાવડિયાઓનું તાંડવ જોવા મળ્યું છે. ત્યાં કાવડિયાઓએ પહેલા એક ઈ-રિક્ષા ડ્રાઈવરને ખૂબ માર માર્યો અને તે બાદ ડંડાથી ઈ-રિક્ષામાં તોડફોડ કરી. આ દરમિયાન પોલીસ કર્મચારી પણ કાવડિયાઓને સમજાવતાં રહ્યાં પરંતુ તેમણે સાંભળ્યુ નહીં અને ઈ-રિક્ષામાં તોડફોડ કરતાં રહ્યાં. ઈજાગ્રસ્ત ઈ-રિક્ષા ડ્રાઈવરને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે.



મળતી માહિતી અનુસાર ઘટના મંગલોર વિસ્તારના લિબ્બરહેડી નહેર પાટાની છે. રિક્ષા ડ્રાઈવર પર આરોપ હતો કે તેણે એક કાવડિયાને ટક્કર મારી છે અને કાવડ ખંડિત કરી છે. જેના કારણે કાવડિયાઓએ પહેલા ઈ-રિક્ષા ડ્રાઈવરને માર માર્યો અને બાદમાં ઈ-રિક્ષાની તોડફોડ કરી દીધી. આ દરમિયાન કાવડિયાઓ ભોલે બાબાની જયના સૂત્રોચ્ચાર પણ કરવા લાગ્યા. આ દરમિયાન ઘટના સ્થળે ભારે ભીડ જમા થઈ ગઈ. પોલીસે આ મામલામાં અજાણ્યા કાવડિયાઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે.

# રાહુલને મળવા આવેલા ખેડૂત નેતાઓને સંસદમાં પ્રવેશતા અટકાવાતા હોબાળો

**નવી દિલ્હી**

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અનેક ખેડૂત નેતાઓને મુલાકાત માટે સંસદમાં બોલાવ્યા હતા. જેને પગલે આ ખેડૂત નેતાઓ દિલ્હીમાં સંસદ ભવન પહોંચ્યા હતા, જોકે તેમને સંસદમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ મુદ્દે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન મોદીને ઘેર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ લોકો ખેડૂત નેતાઓને સંસદમાં પ્રવેશવા નથી દેતા, કદાચ આ ખેડૂતો છે માટે તેમને સંસદમાં પ્રવેશતા અટકાવવામાં આવી રહ્યા છે.

સંસદ ભવન બહાર રાહુલ ગાંધીએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે ખેડૂતોને સંસદમાં પ્રવેશતા અટકાવાઈ રહ્યા છે, કદાચ સરકાર ખેડૂતોને સંસદની અંદર જોવા નથી માગતી. રાહુલ ગાંધીએ આ મુદ્દે વાંધો ઉઠાવતા બાદમાં ખેડૂત નેતાઓને સંસદ ભવનમાં પ્રવેશવા દેવાયા હતા. હવે સંસદ ભવનમાં રાહુલ ગાંધીને ફાળવાયેલા દફતરમાં નેતાઓ મુલાકાત કરશે. આ દફતર તેમને વિપક્ષના નેતા તરીકે આપવામાં આવ્યું છે. ખેડૂત નેતાઓને એન્ટ્રી ના મળવા અંગે મીડિયાના સવાલના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આનો જવાબ તો તમને નરેન્દ્ર મોદી જ આપશે.

# મમતા બેનર્જીના કાર્યક્રમમાં ઓડિટોરિયમનો ગેટ પડ્યો, 2 લોકો ઈજાગ્રસ્ત થયા

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના એક કાર્યક્રમમાં અફરાતફરી મચી હતી જ્યારે ભીડ પર કામચલાઉ દરવાજો પડી ગયો હતો. આ અકસ્માતમાં બે લોકો ઘાયલ થયાના સમાચાર છે. આ અકસ્માત કોલકાતામાં થયો હતો. સીએમ મમતા બેનર્જી બુધવારે ધનધાન્ય નામના ઓડિટોરિયમમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તે દરમિયાન આ અકસ્માત થયો હતો. ઘાયલોને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. વીડિયોમાં એક ઘાયલ વ્યક્તિ જોઈ શકાય છે, જેને એમ્બ્યુલન્સની મદદથી લઈ જવામાં આવી રહ્યો છે. ધનધાન્ય ઓડિટોરિયમ ખાતે માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# નીટ-યુજીનું પેપર ઝારખંડથી લીક થઇને પટના સુધી પહોંચી ગયું હતું : સીબીઆઇએ તપાસની સંપૂર્ણ માહિતી સુપ્રીમ કોર્ટને આપી

**નવી દિલ્હી**

આ વર્ષે મે મહિનામાં લેવાયેલી નીટ-યુજીની પરીક્ષાનું પેપર કેવી રીતે લીક કરવામાં આવ્યું હતું તેની સંપૂર્ણ માહિતી સીબીઆઈ દ્વારા સુપ્રીમ કોર્ટને આપવામાં આવી હતી. સીબીઆઈએ કરેલી તપાસમાં સામે આવ્યું છે કે બિહારના પટના અને ઝારખંડના હઝારીબાગમાં પેપર લીક કરવામાં આવ્યું હતું. પટનામાં લીક પેપરની કોપીનો નાશ કરવા તેને બાળવામાં આવ્યું હતું, જેના ટુકડા તપાસ ટીમને મળી આવ્યા હતા. પેપર પર યુનિક સીરિયલ નંબરના આધારે જાણવા મળ્યું કે તે હઝારીબાગના એક વિદ્યાર્થીનું હતું. સુપ્રીમ કોર્ટમાં સીબીઆઈના અધિકારીઓએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે એક અડધુ બળેલુ પેપર મળ્યું હતું, આ પેપર ઝારખંડના હઝારીબાગની ઓએસિસ સ્કૂલમાં અપાયું હતું. પેપર પર લખાયેલા યુનિક નંબરના આધારે તેનુ લોકેશન મળ્યું હતું. આ યુનિક નંબરના આધારે બાદમાં સીબીઆઈની ટીમ હઝારીબાગની શાળાએ પહોંચી હતી અને તપાસમાં સામે આવ્યું કે આ પેપર એક વિદ્યાર્થિનીનું હતું જોકે આ વિદ્યાર્થિનીએ પેપર લીક નહોતું કર્યું. વિદ્યાર્થિનીને પેપર આપવામાં આવે તે પહેલા જ તેનો ફોટો લઈ લેવાયો હતો, બાદમાં કવરમાં ફીટ કરીને પાછુ હતું તેમ જ રાખી દેવાયું હતું.

## પેપર લીકમાં પકડાયા તો 10 વર્ષની જેલ અને 1 કરોડ દંડ, બિહારમાં કાયદો પસાર

બિહારમાં ચાલી રહેલા વિધાનસભા સત્રમાં નીતિશ કુમારની સરકાર એક મોટું પગલું ભર્યું છે. જેમાં બિહાર સરકાર રાજ્યમાં પેપર લીક અને હેરાફેરી વિરુદ્ધ બિલ પસાર કરી દેવામાં આવ્યું છે. આ બિલ આજે જ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પેપર લીક કે હેરાફેરીમાં સંડોવાયેલા ગુનેગારો સામે કડક કાયદાકીય કાર્યવાહીની જોગવાઈ પણ કરવામાં આવી છે. પેપર લીક અને હેરાફેરીને રોકવા માટે નીતિશ કુમારની સરકારે આજે વિધાનસભામાં બિહાર પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) બિલ 2024 રજૂ કર્યું હતું.

# બંગાળમાં 1000 કરોડના સાઈબર ફ્રોડનો પર્દાફાશ, 2 ધરપકડ

## પ. બંગાળમાં સીઆઇડીને મળી મોટી સફળતા : હજારો કરોડના રૂપિયાનો ભાંડાફોડ : સોશિયલ મીડિયાની મદદથી થતી હતી ઠગાઇ

**કોલકાતા**

પ. બંગાળની સીઆઈડીએ ભારતના સૌથી મોટા સાઈબર દગાખોરીના કિસ્સામાં સફળતા મેળવી છે. કથિત રીતે હજારો કરોડના ગોટાળા તેમાં સામેલ છે. છેલ્લા 5 વર્ષથી ચાલી રહેલા આ ફ્રોડે અનેક લોકોના રૂપિયા સોશિયલ મીડિયાની મદદથી ઠગી લીધા હતા. હવે તેમાં 2 લોકોની દિલ્હી અને હરિયાણાથી ધરપકડ કરાઈ છે. બંનેને 12 દિવસની કસ્ટડીમાં મોકલી દેવાયા છે. તો જાણો કેવો હતો ઠગાઈનો પ્લાન.

સીઆઈડીનો દાવો છે કે આરોપી અનેક સોશિયલ મીડિયા મેસેન્જર પ્લેટફોર્મ જેમકે વોટ્સએપ, ટેલિગ્રામ અને ફેસબુક મેસેન્જર પર એક્ટિવ રહેતા અને એક ગ્રૂપના લોકોને ટારગેટ



કરીને પ્લેટફોર્મ પર ગ્રૂપ બનાવીને તેમની પાસેથી ઠગાઈ કરતા. ટારગેટ કરાયેલા સોશિયલ મીડિયા યૂઝર્સને અનેક ગ્રૂપ્સમાં જોડી દેવામાં આવ્યા હતા અને ક્રિપ્ટોમાં ઈનવેસ્ટમેન્ટ સમયે ઓછા સમયમાં વધારે રૂપિયા કમાવવાની લાલચ પણ અપાતી. આ સાથે જ લોકો ઠગાઈમાં સામેલ થઈ જતા.

સીઆઈડીએ કહ્યું કે મોટો ખેલ સોશિયલ મીડિયા ગ્રૂપમાં મેમ્બર્સને જોડ્યા બાદ શરૂ થતો. ગ્રૂપમાં એક એડમિન સૌથી પહેલા ઈન્વેસ્ટમેન્ટ પ્લાન આપતા અને પછી ગ્રૂપના અન્ય સભ્યોને તેમાં જોડીને વાતચીત શરૂ કરાતી. આ પછી એડમિન જવાબ આપતા અને અનુભવ શેર કરતા, નવા લોકોને તેમાં જોડવામાં આવતા. થોડા સમય પછી તેમાં નવા સભ્યોને રૂપિયા ઈન્વેસ્ટ કરવા માટે લલચાવવામાં આવતા અને પછી કેટલાક સભ્યો ક્રિપ્ટોકરંસીમાં ઈન્વેસ્ટ કરતા. આ રૂપિયા વિદેશ જતા.

પશ્ચિમ બંગાળની સીઆઈડીએ તપાસ કરી અને એક 2 લોકોની ધરપકડ કરી છે. હરિયાણાથી માનુષ કુમાર અને દિલ્હીથી સત્યેન્દ્ર મહતોની ધરપકડ કરાઈ છે. આ સાથે જ આ કિસ્સો 1000 કરોડની ઠગાઈનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ કેસમાં તપાસ ચાલી રહી છે અને શક્ય છે કે તેમાં વધુ લોકો અને કંપનીઓ સામેલ હોવાનું ખુલી શકે છે.

રૂપિયા મેળવવા માટે અને ગોટાળા ધ્યાનમાં ન આવે તે માટે અનેક નકલી કંપનીઓ બનાવાઈ. દગાખોરીથી લૂંટાયેલા રૂપિયાને નકલી દસ્તાવેજની મદદથી દગાખોરો દ્વારા અનેક નકલી કંપનીમાં રોકાતા અને પછી ગોટાળાના રૂપિયા અન્ય કંપનીઓમાં ટ્રાન્સફર કરી દેવામા આવતા. હવે સીઆઈડીની તપાસમાં અનેક મોટા રહસ્યો ખૂલે તેવી આશા છે.

# ભાજપ MLA કર્ણાટક વિધાનસભામાં તકિયા અને ચાદર સાથે સૂવા પહોંચ્યા

**બેંગ્લુરુ**

બુધવારે સવારે કર્ણાટક વિધાનસભામાં એક વિચિત્ર નજારો જોવા મળ્યો હતો. અહીં ઘણા ધારાસભ્યો તેમના ઓશીકા અને બેડશીટ સાથે ગૃહની અંદર આરામ કરતા જોવા મળ્યા હતા. આમાંથી ઘણા ધારાસભ્યો સૂઈ ગયા પછી ઉઠીને પોતાનો સામાન બહાર લઈ જતા જોવા મળ્યા હતા.

ભાજપે એક દિવસ પહેલા જ મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં નકલી જમીન ફાળવણી પર ચર્ચાની માંગ કરી હતી. જો કે, વિપક્ષને આ માટે મંજૂરી ન મળતાં ધારાસભ્યોએ વિધાનસભા અને વિધાન પરિષદની અંદર દિવસ-રાત હડતાળનું એલાન કર્યું હતું. ભાજપનો આરોપ છે કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્નીને પણ MUDA પ્લોટ ફાળવવામાં આવ્યો છે. પાર્ટીએ આ અંગે ચર્ચાની માંગ કરી છે. ભાજપે આરોપ લગાવ્યો કે વિધાનસભાનું સત્ર સમાપ્ત થવાનું હોવા છતાં વિપક્ષને બંને ગૃહોમાં આ મુદ્દા પર ચર્ચા કરવા દેવામાં આવી ન હતી. સામાજિક કાર્યકર્તા સ્નેહમોયી કૃષ્ણાએ મૈસૂરના વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે કર્ણાટકના રાજ્યપાલ, મુખ્ય સચિવ અને મહેસૂલ વિભાગના અગ્ર સચિવને પણ પત્ર લખીને વિવાદની તપાસની માગણી કરી હતી.

# મનાલીમાં વાદળ ફાટતાં હોનારત: અંજની મહાદેવ નદીમાં પૂર, મનાલી-લેહ હાઈવે બંધ

**મનાલી**

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના મનાલી નજીક વાદળ ફાટતાં ભારે તબાહીના દ્રશ્યો સામે આવ્યા છે. રાતે એક વાગ્યાની આસપાસ અંજની મહાદેવ નદીમાં પૂર આવ્યું. બે ઘરો ધરાશાયી થઈ ગયા હતા, જ્યારે એક ઘરને આંશિક નુકસાન પહોંચ્યું હતું. નદી કિનારે લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા.

મનાલી-લેહ હાઈવે પર પલચન બાજુ આ ઘટના બની હતી. વાદળ ફાટ્યા બાદ પાણી ભરાઈ ગયા હતા. પલચન પુલ પરથી પાણી વહેવા



લાગ્યા હતા. મનાલી-લેહ હાઈવે પર વાહનોની અવર-જવર બંધ થઈ ગઈ હતી. પોલીસ અને તંત્રની ટીમ રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. જો કે હજુ સુધી જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. વરસાદને કારણે પુલ અને પાવર પ્રોજેક્ટને નુકસાન પહોંચ્યું છે. નદીકાંઠે રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. પલચન અને સોલંગ નજીક સ્નો ગેલેરીમાં કાટમાળ જમા થઈ જતાં મનાલી લેહ માર્ગ અવરજવર માટે બંધ થઈ ગયો છે. હિમાચલ પ્રદેશમાં આજે પણ ભારે વરસાદનું એલર્ટ આપવમાં આવ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર અંજની મહાદેવ નદીમાં પૂરના કારણે ભયંકર અવાજ આવ્યો. તેને સાંભળીને લોકો ભરઉંઘમાંથી જાગી ગયા. નદીમાં પૂર આવવાથી લોકોના ઘરને ભારે નુકસાન થયું છે.

# વિધાનસભાની ચૂંટણીમાં અજિત પવારે વધુ બેઠકો માંગતાં ભાજપની મુશ્કેલી વધી ગઈ

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસોથી એનસીપીના પ્રમુખ અજિત પવારનું નિવેદન અને તેમના અહેવાલો ચર્ચાના ચગડોળે ચઢયા છે. મળતા અહેવાલો મુજબ અજિતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. અજિત પવારની પાર્ટી NCPએ લોકસભાની ચૂંટણીમાં માત્ર એક બેઠક જીતી છે, તેમ છતાં તેઓ વિધાનસભામાં વધુમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની વાત કરીએ તો શિવસેના અને એનસીપી વધુમાં વધુ બેઠકોની માંગણી કરી રહ્યા છે, તો બીજીતરફ ભાજપ પણ રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી મોટાભાગની બેઠકો તેની પાસે રાખવા માંગે છે. હાલ ભાજપ માટે સૌથી મોટો ચિંતાનો વિષય મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી બની ગયો છે, કારણ કે, રાજ્યની કુલ બેઠકો ૨૮૮ છે અને અજિતની એનસીપી વિધાનસભાની ૮૦થી ૯૦ બેઠકો પર દાવો કરી રહી છે. તો મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેના પણ ૧૦૦ બેઠકોની અપેક્ષા રાખી રહ્યું છે. જ્યારે ભાજપ પોતે ૧૭૦-૧૮૦ બેઠકો પર લડવા માંગે છે.

થોડા દિવસો પહેલા અજિત પવારે વધુ બેઠકો મેળવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ દિલ્હીમાં મુલાકાત કરી હતી. આ ઉપરાંત ભાજપના નેતાઓ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ અજિત પવારના ઘરે જઈને તેમની સાથે મુલાકાત કરી ચુકયા છે. જોકે તેમ છતાં અજિત ભાજપ પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે.

# દેશ છોડતા પહેલા ફરજિયાત ટેક્સ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું પડશે

**નવી દિલ્હી**

બજેટમાં નાણામંત્રીએ એક અગત્યની જાહેરાત કરી છે. હવે ભારત છોડવા માટે જરૂરી ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવા માટે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. ૧ ઓક્ટોબરથી ભારતમાં રહેતા કોઈપણ વ્યક્તિને બ્લેક મની એક્ટ હેઠળ તેઓ ક્લિયર છે તેની પુષ્ટિ કરતા ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂર પડશે. આવકવેરા અધિનિયમની કલમ ૨૩૦ મુજબ ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિએ દેશ છોડતા પહેલા ટેક્સ અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે. આ પ્રમાણપત્ર પુષ્ટિ કરે છે કે વ્યક્તિનો કોઈ કર બાકી નથી અથવા કોઈ બાકી રકમ ચૂકવવાની વ્યવસ્થા કરવાની છે.આ જરૂરિયાત આવકવેરા અધિનિયમ તેમજ અગાઉના વેલ્થ ટેક્સ, ગિફ્ટ ટેક્સ અને એક્સપેન્ડિચર ટેક્સ એક્ટ હેઠળના કરને આવરી લે છે. ટેક્સ નિષ્ણાતો માને છે કે નોટિફિકેશન અથવા આગામી નિયમો જરૂરિયાતોને વધુ સ્પષ્ટ કરશે.વર્ષ ૨૦૨૪ના બજેટમાં બ્લેક મની એક્ટની કલમ ૪૨ અને ૪૩ હેઠળ રિયલ એસ્ટેટ સિવાયની વિદેશી અસ્કયામતો જો તેમની કુલ કિંમત રૂપિયા ૨૦ લાખથી ઓછી હોય તો તેની જાણ ન કરવા બદલ રૂપિયા ૧૦ લાખના દંડને દૂર કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી હતી.

# મુંબઈમાં પુત્રી-પત્ની સાથે વાત કરી એન્જિનિયરે અટલ સેતુ પરથી મારી છલાંગ

**પટના**

મુંબઈમાં એક પરેશાન કરનારો મામલો સામે આવ્યો છે. અહીં આર્થિક સંકડામણથી પરેશાન થઈને 38 વર્ષના એન્જીનિયર શ્રીનિવાસે બુધવારે બપોરે અટલ સેતુ પરથી દરિયામાં છલાંગ લગાવી દીધી. પોલીસે જણાવ્યું કે હજુ સુધી તેમની બોડી રિકવર થઈ નથી. સ્થાનિક માછીમારોની સાથે મળીને તેમની તલાશ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ શ્રીનિવાસ રાત્રે લગભગ સાડા 11 વાગ્યે ઘરેથી નીકળી ગયા હતા. રસ્તામાં તેમણે પત્ની અને ચાર વર્ષની દીકરી સાથે ફોન પર વાત કરી હતી. જો કે કોઈને સપનાંમાં પણ ખ્યાલ ન હતો કે તેઓ આત્મહત્યા કરવા જઈ રહ્યાં છે. શ્રીનિવાસના પરિવારે કહ્યું કે, તેની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ હતી.

# ઈન્દોરમાં 65 વર્ષના વૃદ્ધે 25 વર્ષની મહિલા ડોક્ટરને પ્રપોઝ કરતાં ફરિયાદ દાખલ કરાઈ

**ઈન્દોર**

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુજરાતીમાં કહેવાય છે ને કે ઘણા ઘરડા થાય પણ ગુલટો મારવાનું ભુલે નહીં. આવો જ એક જીવત કિસ્સો અહીંની સરકારી હોસ્પિટલમાં સામે આવ્યો છે. સરકારી એમવાય હોસ્પિટલમાં બીમારીની સારવાર કરાવવા આવેલા ૬૫ વર્ષના એક વૃદ્ધે એક મહિલા ડોક્ટરના હાથમાં લવ લેટર આપી દીધો. તેમાં તેમણે કોઈ પણ જાતની ચિંતા વગર સીધું જ પ્રપોઝ કર્યું હતું.

દર્દીનો પ્રેમ રોગ જોઈને ડોક્ટર પણ સુન્ના રહી ગયા છે અને પછીથી તેમણે આ અંગેની જાણ હોસ્પિટલના મેનેજમેન્ટને કરી હતી. આ અંગેની ફરિયાદ પર પોલીસે આરોપી દર્દીની ધરપકડ કરી છે. આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે શહેરના સંયોગિતાગંજ પોલીસ સ્ટેશનમાં એમવાય હોસ્પિટલની એક મહિલા ડોક્ટરે લેખિતમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદીએ જણાવ્યું કે તેમની પાસે સારવાર કરાવવા આવેલા એક ૬૫ વર્ષના વૃદ્ધ સલાઉદ્દીન ખાને લગ્ન કરવાનો પ્રસ્તાવ દર્શાવતો એક લેટર તેમને આપ્યો હતો. ડોક્ટરે જણાવ્યું કે સલાઉદ્દીન ખાન ઘણી વખત સારવાર કરાવવા આવ્યા હતા. તે પછી હવે તેમણે મને આવો લેટર આપવાની હિંમત કરી છે.

# મધ્ય પ્રદેશના ભોજ શાળા વિવાદમાં હિન્દુ-મુસ્લિમ બાદ જૈન સમાજે પણ ઝંપલાવ્યું

**ભોપાલ**

મધ્ય પ્રદેશના ધારમાં ભોજ શાળા વિવાદમાં હિન્દુ, મુસ્લિમ બાદ જૈન સમાજે પણ ઝંપલાવ્યું છે. જૈન સમાજે ભોજ શાળા પર દાવો કરી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ પહેલા હિન્દુ અને મુસ્લિમ પક્ષે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી છે. જૈન સમાજનો દાવો છે કે, ભોજ શાળામાં ૧૮૭૫માં ખોદકામ કરાયું, ત્યારે જૈન યક્ષિણી અંબિકાની મૂર્તિ નીકળી હતી. આ મૂર્તિ હાલ બ્રિટિશ મ્યુઝિયમમાં સચવાયેલી છે. જૈન સમાજે દાવો કર્યો છે કે, જૈન યક્ષિણી અંબિકાની મૂર્તિ સાથેનો શિલાલેખ પણ સચવાયેલો છે, જે અંબિકા દેવીના જૈન ધર્મ સાથે સંબંધ હોવાનો પુરાવો છે. જ્યારે હિન્દુ સમાજ આ મૂર્તિની વાગ્દેવી સરસ્વતીની હોવાનું કરી રહ્યા છે, તે દાવો વાસ્તવિકતામાં સાચો નથી.

# પેરિસ ઓલિમ્પિક-2024 : ભારતના 117 એથ્લિટ ભાગ લેશે

## નીરજ ચોપરા અને મીરાબાઈ ચાનૂ મેડલ માટે ફેવરિટ રહેશે, અન્ય ગેમ્સમાં ભારત માટે મેડલ સુધીનો માર્ગ કપરો રહેશે



**પેરિસ**

રમતોના મહાકુંભનું પ્લેટફોર્મ તૈયાર થઇ ચૂક્યું છે અને વિશ્વભરના ખેલાડીઓની જેમ ભારતના ૧૧૭ ખેલાડી પણ શુક્રવારથી શરૂ થઇ રહેલી પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને ઈતિહાસ રચવા માટે આતુર છે. અબ કી બાર ૧૦ કે પારના અભિયાન હેઠળ ભારતીય એથ્લેટ્સ મેડલની સંખ્યા બેવડાં આંકનો પહોંચાડવા માટે આતુર છે. ભારતે



ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં સાત મેડલ્સ જીતીને પોતાનું બેસ્ટ પ્રદર્શન કરવા આતુર છે. કરોડો દેશવાસીઓની અપેક્ષાઓનો બોજો છે પરંતુ રેસલિંગને બાદ કરતાં કોઈ અન્ય રમતના ખેલાડી પોતાની તૈયારીઓ અંગે કોઇ ફરિયાદ કરી શકે તેમ નથી. ભારત સરકારે પણ પેરિસ ગેમ્સની તૈયારી માટે તેમની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. સરકારે કોઈ પણ પ્રકારની કસર બાકી રાખી નથી અને હવે ખેલાડીઓએ પરિણામ આપવાનું છે. ટોક્યો ગેમ્સના સાત મેડલ્સની બરોબરી કરવી આસાન રહેશે નહીં પરંતુ જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને બાદ કરતાં કોઈ અન્ય ખેલાડી મેડલ માટેનો પ્રબળ દાવેદાર નથી.



- **મેન્સ હોકી ટીમ :** ભારતીય મેન્સ હોકી ટીમે આઠ ગોલ્ડ મેડલ જીત્યા છે. ચાર ટીમોના નોકઆઉટ માટે ક્વોલિફાય કરવાની ભારત માટે શાનદાર તક છે.
- **નિકહત ઝરીન :** બે વખતની વર્લ્ડ ચેમ્પિયન નિકહત ઝરીન ૨૦૨૨ બાદ માત્ર બે મુકાબલા હાર્યા બાદ શાનદાર ફોર્મમાં છે. તે ૫૦ કિલોગ્રામ વેઈટ કેટગરીની બોકિસંગમાં મેડલ માટેની દાવેદાર તરીકે રિંગમાં ઉતરશે.
- **મનુ ભાકર :** ૨૦૨૩ની વર્લ્ડ ચેમ્પિયનશિપ શૂટિંગની ગોલ્ડ મેડાલિસ્ટ મનુ ભાકર ઓલિમ્પિક ટ્રાયલ્સની રાઈફલ તથા પિસ્તોલ ઈવેન્ટની સૌથી સફળ એથ્લેટ છે.
- **મીરાબાઇ ચાનૂ :** ટોક્યો ૨૦૨૦ની સિલ્વર મેડાલિસ્ટ મહિલા વેઈટ લિફ્ટર મીરાબાઈ ચાનૂ ઓલિમ્પિકમાં મેડલ જીતનાર પ્રથમ પસંદગીના એથ્લેટ તરીકે ઓલિમ્પિકમાં ભાગ લેશે. ચાનૂ પોતાની કેટેગરીમાં સૌથી અનુભવી વેઈટલિફ્ટર છે.
- **નીરજ ચોપરા :** વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરા ગયા વર્ષે એશિયન ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યા હતા. તેણે ૨૦૨૪ની પાવો નૂરમી ગેમ્સમાં ગોલ્ડ હાંસલ કર્યો હતો.
- **અંતિમ પંઘાલ :** ભૂતપૂર્વ વર્લ્ડ જૂનિયર ચેમ્પિયન ભારતીય રેસલર અંતિમ પંઘાલને ૫૩ કિલોગ્રામ વેઈટ કેટગરીમાં ચોથી વરિયતા મળી છે.
- **પીવી સિંધુ :** બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ મોટી ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરવા માટે જાણીતી છે. વિમેન્સ સિંગલ્સમાં તેના બે પ્રથમ રાઉન્ડ એસ્ટોનિયાની ક્રિસ્ટિન કુઉબા અને માલદીવની ફાતિમા નબાહા સામે થશે.

## તીરંદાજ લિમ સિહયોને પ્રથમ દિવસે જ રેકોર્ડ સર્જ્યો




કોરિયાની તીરંદાજ લીમ સિહયોને પેરિસ ઓલિમ્પિકની વિમેન્સ આર્ચરી રેન્કિંગ રાઉન્ડના પ્રથમ દિવસે જ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. તેણે ૭૨૦માંથી ૬૯૪ પોઇન્ટ હાંસલ કરીને નવો રેકોર્ડ નોંધાવ્યો હતો. અત્યાર સુધી આ રેકોર્ડ કોરિયાના જ હી કાંગ ચાએયંગના નામે હતો જેણે ૨૦૧૯માં ૬૯૨ પોઇન્ટ મેળવ્યા હતા.

## તીરંદાજીમાં ભારતનો વિજયી પ્રારંભ, મેન્સ અને વિમેન્સ ટીમો ક્વા. ફાઈનલમાં પહોંચી

પેરિસ : પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતે પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો છે. દીપિકા કુમારી સહિત ભજન કૌર અને અંકિતા ભક્તે વિમેન્સ વ્યક્તિગત રેન્કિંગ રાઉન્ડમાં ભાગ લીધો હતો અને આ ત્રણેયે પ્રભાવશાળી પ્રદર્શન કરીને ભારતને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન અપાવ્યું હતું. ટીમ રેન્કિંગના આધારે ભારતે આ રાઉન્ડમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ભારતના ૧૯૮૩ પોઈન્ટ રહ્યા હતા. કોરિયા ૨૦૪૬ પોઈન્ટ



સાથે ટોચના ક્રમે રહ્યું હતું. ચીન અને મેક્સિકો અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા હતા. રેન્કિંગ રાઉન્ડમાં અંકિતા ૧૧મા ક્રમાંકે રહી હતી. ભજન તથા દીપિકા અનુક્રમે ૨૨મા તથા ૨૩મા ક્રમે રહી હતી. ભારતીય ટીમે ૨૧ બુલ્સ આઈ તથા ૯૩ વખત પરફેક્ટ-૧૦નો સ્કોર કર્યો હતો. અંકિતાએ સિઝનમાં બેસ્ટ પ્રદર્શન કર્યું હતું. દીપિકાને પોતાની રિધમ હાંસલ કરવામાં સંઘર્ષ કરવો પડયો હતો. ચીનની લીમ સિહયોને ૬૯૪ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને રહી હતી જે વર્લ્ડ રેકોર્ડ રહ્યો છે. વ્યક્તિગત ઈવેન્ટના નોકઆઉટ રાઉન્ડ ૩૦મી જુલાઈથી તથા ટીમ ઈવેન્ટ નોકઆઉટ ૨૮મી જુલાઈથી શરૂ થશે. વિમેન્સ બાદ મેન્સ આર્ચરી ટીમે પણ શાનદાર પ્રદર્શન કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ધીરજ બોમાદેવારાએ ૬૮૧ પોઈન્ટ હાંસલ કર્યા હતા અને ટીમ રેન્કિંગમાં ભારતને ત્રીજું સ્થાન અપાવ્યું હતું. ધીરજ, તરુણદીપ રાય તથા પ્રવીણ જાધવની ટીમે કુલ ૨૦૧૩ પોઈન્ટ હાંસલ કર્યા હતા.

## ફ્રાન્સને શરતોના આધારે યજમાની મળી પરંતુ હસ્તાક્ષર થયા નથી




પેરિસ : ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિએ બુધવારે ૨૦૩૦માં યોજાનારી વિન્ટર ઓલિમ્પિક ગેમ્સની યજમાની ફ્રાન્સના ફ્રેન્ચ આલ્પસ તથા ૨૦૩૪ની યજમાની અમેરિકાની સોલ્ટ લેક સિટીને સોંપવાનો નિર્ણય કર્યો છે. ફ્રાન્સને યજમાની કેટલીક શરતોના આધારે આપવામાં આવી છે. જો કે, યજમાનીના દસ્તાવેજો ઉપર હજુ હસ્તાક્ષર થયા નથી.

## ન્યૂઝીલેન્ડની ફૂટબોલ ટીમની ડ્રોન દ્વારા કેનેડાની સ્ટાફે જાસૂસી કરી

પેરિસ : પેરિસ ઓલિમ્પિક શરૂ થવાના હવે ગણતરીના કલાકો બાકી રહી ગયા છે અને વિવાદોનો અંત આવી રહ્યો નથી. નવો વિવાદ આયોજન સાથે જોડાયેલો નથી પરંતુ રમતમાં સામેલ બે ટીમો સાથે સંકળાયેલો છે. કેનેડાની વિમેન્સ ફૂટબોલ ટીમ ઉપર ગેમ્સની પહેલાં જાસૂસીનો આરોપ લાગ્યો છે. આ ઘટના અંગે કેનેડા એસોસિયેશને માફી પણ માગી છે. કેનેડાની વિમેન્સ ફૂટબોલ ટીમની પ્રથમ મેચ ઓલિમ્પિક મેચ ન્યૂઝીલેન્ડ સામે ૨૫મી જુલાઇએ રમાવાની છે. આ મેચ અંગે ન્યૂઝીલેન્ડની ટીમ ટ્રેનિંગ સેશનમાં ભાગ લઇ રહી હતી. આ દરમિયાન એક ડ્રોન ઉડતું નજરે પડયું હતું.

## ઓસ્ટ્રેલિયાની મહિલા વોટર પોલો ટીમની પાંચ ખેલાડી કોરોના પોઝિટિવ

પેરિસ : પેરિસ ઓલિમ્પિક માટે ઓસ્ટ્રેલિયાની મહિલા વોટર પોલો ટીમની પાંચ ખેલાડીઓ કોરોના પોઝિટિવ મળી આવી હતી. પેરિસમાં ઓસ્ટ્રેલિયાની જૂથ પ્રમુખ અન્ના મિયર્સે જણાવ્યું હતું કે કોરોના વાયરસ માત્ર વોટર પોલો ટીમને જ છે. કોરોના પોઝિટિવ ખેલાડીઓ પ્રેક્ટિસ કરી શકે છે. અમે કોવિડને શ્વાસની બીમારીથી અલગ નથી સમજતા અમને ખ્યાલ છેકે અમારા પ્રોટોકોલનું પણ પાલન કરીએ. આ પ્રકારની બીમારીથી બચવા તથા ઓછામાં ઓછી ફેલાય તે દરેક ઓલિમ્પિકની રમતોથી બચાવવી એ અમારી ફરજ છે.

## એન્ડી મરે પેરિસ ઓલિમ્પિક બાદ નિવૃત્તિ નિવૃત્તિ લેશે

**પેરિસ :** પેરિસ ઓલિમ્પિક શરૂ થયા પહેલાં જ



બ્રિટેનના ટેનિસ સ્ટાર એન્ડી મરેએ મોટી જાહેરાત કરી છે. મરેએ નિવૃત્તિ જાહેર કરી દીધી છે. બે વખતના ઓલિમ્પિક મેન્સ સિંગલ્સ ચેમ્પિયન એન્ડી મરેએ મંગળવારે પુષ્ટિ કરી કે તે પેરિસ ઓલિમ્પિક પછી નિવૃત્તિ લેશે. ૩૭ વર્ષીય મરેએ એક્સ પર આ માહિતી આપી હતી. હું પોતાની છેલ્લી ટેનિસ ટૂર્નામેન્ટ માટે પેરિસ પહોંચી ગયો છું. પેરિસ ઓલિમ્પિકમાં ટેનિસ ઈવેન્ટ શનિવારથી રોલેન્ડ ગેરોસ ખાતે શરૂ થશે. મરેએ ૨૦૧૨ લંડન ઓલિમ્પિકમાં ગ્રાસ કોર્ટ પર પોતાનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો હતો જેમાં તેણે રોજર ફેડરરને હરાવ્યો હતો ત્યારબાદ ૨૦૧૬માં રિયોમાં હાર્ડ કોર્ટ પર જુઆન માર્ટિન ડેલ પોટ્રોને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

## આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં બ્રૂક ત્રીજા ક્રમે પહોંચ્યો, રોહિતને એક સ્થાનનું નુકસાન

### ટેસ્ટ રેન્કિંગ બેટરમાં વિલિયમસન તથા બોલરની યાદીમાં અશ્વિન ટોચ પર

**નવી દિલ્હી :** ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઈ રહેલી ત્રણ મેચની સિરીઝમાં બીજા મુકાબલા બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી દીધી છે. બીજી ટેસ્ટ મેચમાં તોફાની સદી ફટકારનાર હેરી બ્રૂક અને સ્ટાર બેટ્સમેન જો રૂટને ટેસ્ટ રેન્કિંગમાં ફાયદો થયો છે. આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં કેન વિલિયમસન ૮૫૯ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન પર છે. જો રુટ ૮૫૨ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.હેરી બ્રૂક સાતમા ક્રમેથી ત્રીજા ક્રમ પર આવી ગયો છે. બાબર આઝમ, ડેરિલ મિચેલ, સ્ટિવ સ્મિથ અને રોહિત શર્માને રેન્કિંગમાં નુકસાન થયું છે. પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમ, ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર ડેરિલ મિચેલ, ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને ભારતીય સુકાની રોહિત શર્માને એક એક સ્થાનનું નુકસાન થયું છે.

બાબર ત્રીજા ક્રમેથી ચોથા, મિચેલ ચોથાથી પાંચમાં, સ્મિથ પાંચમાથી છઠ્ઠા તથા રોહિત છઠ્ઠાથી સાતમા ક્રમે પહોંચી ગયો છે. ભારતનો યશસ્વી જયસ્વાલ આઠમા, શ્રીલંકાનો દિમુથ કરુણારત્ને નવમા તથા ભારતનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ૧૦માં ક્રમે રહ્યો હતો. આઈસીસી ટેસ્ટ રેન્કિંગની બોલિંગમાં કોઈ બદલાવ થયો ન હતો. આર અશ્વિન ટેસ્ટમાં નંબર વન બોલર રહ્યો હતો.

## નીતા અંબાણીની ઈન્ટર. ઓલિમ્પિક સમિતિના મેમ્બર તરીકે ચૂંટાયા

**પેરિસ** પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ની ઓપનિંગ સેરેમની પહેલાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિએ (આઈઓસી) નીતા અંબાણીની



સર્વાનુમતે બીજી વખત આઈઓસીના મેમ્બર તરીકે વરણી કરી છે. કુલ ૯૩ વોટર્સે વોટિંગ કર્યું હતું અને નીતા અંબાણીને તમામ ૯૩ વોટ મળ્યા હતા. ૨૦૧૬ની રિયો ઓલિમ્પિક ગેમ્સમાં નીતા અંબાણીને પ્રથમ વખત આઈઓસી મેમ્બર તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તે રિલાયન્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર તથા ચેરપર્સન છે. પોતાની પુનઃવરણી અંગે નીતા અંબાણીએ જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના સભ્ય તરીકે ફરીથી ચૂંટાવાનો મને ગર્વ છે. હું પ્રમુખ થોમસ બાક તથા સમિતિના તમામ સભ્યોએ મારી ઉપર મૂકેલા વિશ્વાસ માટે હું આભાર માનું છું.

# USમાં ગુજરાતીએ ઈનામ જીતેલા વ્યક્તિની 10 લાખ ડૉલરની લૉટરીની ટિકિટ તફડાવી

**ટેનેસી**

અમેરિકામાં ટેનેસીમાં ગેસ સ્ટેશનના ગુજરાતી ક્લાર્ક મીત પટેલની 10 લાખ ડૉલરની લોટરીની ચોરીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તેણે લોટરીનું બીજાનું ઈનામ પોતે લેવાનો પ્રયાસ કર્યો હતો. તેણે લોટરી વિજેતાને લોટરી લાગી નથી તેવું ખોટું કહીને લોટરીની ટિકિટ ચોરતા કેમેરા કેદ થયો હતો. લોટરી વિજેતાએ મુરફીસબોરોમાં શેલના સ્ટેશન પર 23 વર્ષીય મીત પટેલ પાસેથી 20 ડોલરની ડાયમંડ અને ગોલ્ડ સ્કેચ એમ બે લોટરીની ટિકિટ ખરીદી



હતી. તેણે મીત પટેલને ટિકિટ ચેક કરવા આપી હતી. મીત પટેલ તેની એક ટિકિટ પરત કરી હતી અને તેમાં 40 ડોલરનું ઈનામ લાગ્યું હતું. ત્યારબાદ બીજી ટિકિટ પોતાની પાસે હતી જેમા તેને 10 લાખ ડોલરનું ઈનામ લાગી ચૂક્યું હતું.

મીત પટેલે વિજેતાને ખોટું જણાવ્યું હતું કે તેને કોઈ ઈનામ લાગ્યું નથી. આ ઘટનાની તપાસ કરતા ડિટેક્ટિવ સ્ટીવ ક્રેગે જણાવ્યું હતું કે, 'મીત પટેલે કોઈ ઈનામ લાગ્યું ન હોવાનું કહેવા સાથે લોટરી વિજેતાની ટિકિટ લઈ કચરા પેટીમાં ફેંકી દીધી હતી. આના પગલે લોટરી વિજેતા જતો રહ્યો હતો, પછી મીતે કચરાના ડબ્બામાંથી જ તે લોટરીની ટિકિટ ઉઠાવી લીધી હતી. કેમેરામાં તેની કરતૂત કેદ થઈ હતી. તે ટિકિટ લઈને લોટરીના કમિશન એજન્ટ પાસે ગયો હતો અને લોટરી પોતાની હોવાનો દાવો કર્યો હતો. જોકે તેની ચોરી પકડાઈ હતી અને તેને હવે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# જાપાનમાં વસ્તીનું સંકટ ફરી લંબાયું સતત 15મા વર્ષે ઘટાડાથી તંત્ર ચિંતિત

**ટોકિયો**

જાપાન સરકાર તરફથી જાહેર કરાયેલા નવા આંકડાઓ અનુસાર દેશની કુલ વસ્તીમાં સતત 15મા વર્ષે પણ ઘટાડો નોંધાયો છે. આંકડાઓ અનુસાર, વસ્તી પાંચ લાખથી વધુ ઘટી ગઈ છે. કારણ કે વસ્તીમાં વૃદ્ધ વ્યકિતઓની સંખ્યા સૌથી વધુ છે. આ ઉપરાંત જન્મદર ઓછો થયો છે. ગત વર્ષે જાપાનમાં સૌથી ઓછા માત્ર સાત લાખ 30 હજાર બાળકોનો જન્મ થયો હતો. જ્યારે આ સમયગાળામાં 15.8 લાખ લોકોનાં મોત થયા હતા. આંકડાઓ અનુસાર પહેલી જાન્યુઆરીએ જાપાનની કુલ વસ્તી 12.49 કરોડ હતી. જાપાનના આંતરિક મામલાના મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડાઓ પ્રમાણે વિદેશી નિવાસીઓની સંખ્યામાં 11 ટકાના વધારા સાથે પ્રથમવાર દેશમાં તેઓની વસ્તી 30 લાખથી વધુ થઈ છે. વિદેશી મૂળના લોકોની દેશની વસ્તીમાં ભાગીદારી ત્રણ ટકા થઈ ગઈ છે. અને આમાંથી મોટાભાગનાની ઉંમર 15થી 64 વર્ષની વચ્ચે છે. જે કામ કરે તેવી ઉંમરના છે. સરવેમાં યુવાન જાપાની લગ્ન કરવા અથવા બાળકો પેદા કરવાના પ્રત્યે નિરુત્સાહ છે.

# પાક.ના ખૈબર પખ્તુન્વામાં આતંકીઓ દ્વારા ગર્લ્સ સ્કૂલમાં બોમ્બ વિસ્ફોટ

**ખૈબર પખ્તુનવા પ્રાંત**

પાકિસ્તાનના વાયવ્ય સરહદ પ્રાંત (ખૈબર-પખ્તુનવા પ્રાંત)માં આવેલા કબાઈવી વિસ્તારમાં ન ઓળખાયેલા ત્રાસવાદીઓએ એક સરકારી ગર્લ્સ સ્કૂલને સોમવારે રાત્રે પ્રબળ વિસ્ફોટકો દ્વારા ઉડાડી મુકી હતી.

પાકિસ્તાનમાં ૨૧મી સદીમાં પણ એવા કટ્ટરપંથી ત્રાસવાદીઓ રહે છે જેઓ માને છે કે, છોકરીઓને ભણાવવી જ ન જોઈએ. છોકરીઓ મોટી થઈ વધુ આગળ ભણે તો તેઓ માથાભારે થઈ જાય પરિણામે પોતાના માતા-પિતા કે વડીલોના કાબુમાં ન રહે તો બીજી તરફ લગ્ન પછી પતિ કે સાસરિયાના દાબમાં ન રહે, આથી સમાજમાં અશાંતિ ઉભી થઈ જાય.

આ અર્થહીન માન્યતા સામે વિચારકો કહે છે કે, જે દેશ એક તરફ બોંબ અને મિસાઈલ્સ બનાવે છે. તો બીજી તરફ સમાજની અર્ધો-અર્ધ વસ્તી અભણ, અજ્ઞાન અને અબુધ રાખવા આ કટ્ટરપંથીઓની નેમ છે કે જેથી મલાલા યુસુફઝાઈ જેવી કોઈ માથા ફરેલ યુવતી ઊંચી ન થાય. તે માટે છોકરીઓ જે ભણવા માગે છે, તે છોકરીઓની શાળાઓ જ ઉડાડી દેવામાં આવે છે. આથી ભયભીત થઈને છોકરીઓ શાળાએ જવાનું જ માંડી વાળે છે.

# પ્રી-પોલ સરવેમાં કમલા હેરિસ ટ્રમ્પ કરતાં 2 પોઈન્ટ આગળ : કમલા 44, ટ્રમ્પ 42 પોઈન્ટ

## રીપબ્લિકન પાર્ટી રાષ્ટ્રીય અધિવેશનમાં પ્રમુખ પદના પાર્ટીના ઉમેદવાર તરીકે ટ્રમ્પની પસંદગી

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ પદની સ્પર્ધામાં ભારતીય વંશના કમલા હેરિસ તેઓના રીપબ્લીકન પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પ કરતા લોકપ્રિયતામાં ૨ પોઈન્ટ આગળ છે. રવિવારે વિવિધ સમાચાર સંસ્થાએ હાથ ધરેલા પ્રિ-પોલ સર્વે પ્રમાણે ડોનાલ્ડ ટ્રમ્પ તરફે ૪૨ ટકા મતદારો છે, જયારે ૪૪ ટકા મતદારો કમલા હેરિસને પસંદ કરે છે.



આ પૂર્વે ગત સપ્તાહે યોજાયેલા પ્રી પોલ સર્વેમાં ૫૯ વર્ષના હેરિસ ૭૮ વર્ષના ટ્રમ્પ બંનેને ૪૪-૪૪ ટકા મતદારોનો ટેકો હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ જો બાયડેને કમલાની ભારોભાર પ્રશંસા કર્યા પછી આ સપ્તાહે બાયડેન કરતા બે પોઈન્ટ આગળ નીકળી ગયા હતા.

રીપબ્લિકન પાર્ટીએ તેના રાષ્ટ્રીય અધિવેશનમાં પ્રમુખ પદના પાર્ટીના ઉમેદવાર તરીકે ટ્રમ્પને પસંદ કર્યા પછી બે દિવસે આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. મહત્વની વાત તો તે છે કે બાયડેને ચૂંટણીમાંથી ખસી જવાનો નિર્ણય લીધા પછી ડેમોક્રેટસમાં થોડુ અસમંજસ દેખાતુ હતું. પરંતુ પોતાના સ્થાને પોતાના જ ઉપપ્રમુખ તરીકે ગણનાપાત્ર સેવા આપવા માટે જો બાયડેને કમલાની ભારોભાર પ્રશંસા કર્યા પછી પ્રવાહ બદલાયો હતો.

# નેપાળમાં ફરી પ્લેન તુટી પડ્યું : 18ના મોત પાયલોટ ચેતી જઈને કૂદી પડતાં બચી ગયો

## એરપોર્ટ પરથી ઉડાન ભરતી વળે પ્લેન રન વે પરથી સરકી જઇ ખાડામાં પડતાં સળગી ગયું

**ખટમંડુ**

ખટમંડુથી પોખરા જઈ રહેલું 'સૂર્ય એર'નું વિમાન ખટમંડુથી પોખરા જવા ઉડાન ભરતાં પહેલાં રન-વે ઉપરથી સરકી જઈ પાસેના ખાડામાં પડી ગયું સળગી ઉઠયું તેથી પ્લેનમાં રહેલા ૧૮ વ્યક્તિઓના કરૂણ મૃત્યુ થયા હતા જ્યારે પાયલોટ દુર્ઘટના અંગે ચેતી જઈ વિમાનમાંથી કૂદી પડતાં બચી ગયો હતો. વાસ્તવમાં પ્લેન પોખરા પહોંચે પછી તેમાં સમારકામ પણ કરવાનું હતું. પ્લેનમાં બે ક્રૂ-મેમ્બર્સ અને ૧૭ પ્રવાસીઓ હતા. એરપોર્ટ સિક્યુરિટી ચીફ અર્જુન ચંદ ઠાકુરીએ કહ્યું હતું કે સિવિલ એવીએશન ઓથોરિટી ૯ એન-એએમઈ/સીઆરજે ૨૦૦ નંબર વાળું 'સૂર્ય-એર'નું વિમાન આજે સવારે ૧૧.૧૧ મિનીટે ત્રિભુવન



ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી પોખરા જવા ઉપડતાં પહેલાં રનવે પરથી ઝડપભેર પસાર થઈ એર-બોર્ન થાય તે પહેલાં જ રન-વે પરથી સરકી જઈ બાજુનાં ખેતરમાં આવેલા ખાડામાં પડી ગયું અને સળગી ઊઠયું હતું.

# સેનામાં જોડાવો, યુક્રેન સામે યુદ્ધ લડો અને 19 લાખનું બોનસ મેળવો : પુતિનની ઓફર

**મોસ્કો**

યુક્રેન સામેના યુદ્ધને કારણે રશિયાને ભારે નુકસાન થઈ રહ્યું છે. બે વર્ષ કરતા પણ વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધમાં બંને પક્ષના લાખો સૈનિકો માર્યા ગયા છે. હવે રશિયાની સેનામાં સૈનિકોની સંખ્યા વધારવા માટે અધિકારીઓએ નવા સૈનિકોને બોનસ આપવાની તૈયારી કરી છે. રાષ્ટ્રીય સ્તરે પણ પુતિન દ્વારા આ યોજના લાગુ કરવા માટે તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.

એક મીડિયા અહેવાલ મુજબ મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને મંગળવારે (23 જુલાઈ) એક સત્તાવાર નિવેદન બહાર પાડીને લશ્કરમાં જોડાવનારા શહેરના રહેવાસીઓને 1.9 મિલિયન રુબેલ્સ એટલેકે અંદાજે રૂ. 18,41,697 વનટાઈમ બોનસની જાહેરાત કરી છે. નવા સૈનિકોને તેમની સેવાના પ્રથમ વર્ષમાં 5.2 મિલિયન રુબેલ્સ એટલેકે રૂ. 49,89,324.60 સુધીની ઓફર કરવામાં આવી રહી છે. આ સિવાય વધુમાં યુદ્ધમાં ઘાયલ થયેલા લોકોને તેમની ઈજાઓની ગંભીરતાના આધારે રૂ. 4,76,329.82થી રૂ. 9,53,496.77 સુધીની વનટાઈમ રકમ ચૂકવવામાં આવી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, યુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકોના પરિવારને પણ રૂપિયા 28.58 લાખ ચૂકવવામાં આવશે.

# બાંગ્લાદેશમાં હેકરે વડાપ્રધાન કાર્યાલય, સેન્ટ્રલ બેંક અને પોલીસની વેબસાઈટ હેક કરી

**ઢાકા**

બાંગ્લાદેશમાં નોકરીમાં અનામતને લઈને ચાલી રહેલી હિંસા વચ્ચે વડાપ્રધાન કાર્યાલય, સેન્ટ્રલ બેંક અને પોલીસની સત્તાવાર વેબસાઈટ હેક કરવામાં આવી છે. "The R3SISTANC3" નામનું જૂથ સાઈટ હેક કરવાનો દાવો કરી રહ્યું છે. ત્રણેય સાઈટ્સ પર સમાન સંદેશ દેખાયો, જેમાં લખ્યું હતું, "ઓપરેશન હન્ટડાઉન, વિદ્યાર્થીઓને મારવાનું બંધ કરો." સંદેશમાં આગળ લખવામાં આવ્યું હતું કે, "અમારા બહાદુર વિદ્યાર્થીઓના શાંતિપૂર્ણ વિરોધને સરકાર અને તેના રાજકીય સાથીઓ દ્વારા ક્રૂર હિંસા અને હત્યાનો સામનો કરવો પડ્યો છે. આ હવે માત્ર વિરોધ નથી પરંતુ ન્યાય, સ્વતંત્રતા અને ભવિષ્ય માટેનું યુદ્ધ છે."

# બાંગ્લાદેશમાં રમખાણોને કારણે 4500 ભારતીય વિદ્યાર્થી સ્વદેશ પરત આવ્યા

## નેપાળના 500, ભૂતાનના 38 વિદ્યાર્થીઓ ભારત આવ્યા

**ઢાકા**

બાંગ્લાદેશમાં અનામત વિરોધી ફાટી નીકળેલા વ્યાપક રમખાણોને લીધે રવિવાર સાંજ સુધીમાં ૪૫૦૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓ સ્વદેશ પાછા ફર્યા છે. તેમ વિદેશ મંત્રાલયે રવિવારે સાંજે જણાવ્યું હતું. આ સર્વે વિદ્યાર્થીઓ સબ-સલામત પણ છે તેમ વિદેશ મંત્રાલયની યાદી જણાવે છે. આ સાથે વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ સ્થિત આપણા દૂતાવાસને પણ સૂચના અપાઈ ગઈ છે કે આપણા વિદ્યાર્થીઓ સહી સલામત રીતે ભારત પરત આવી શકે તે માટે પૂરો બંદોબોસ્ત



ગોઠવવો. વિદેશ મંત્રાલયની યાદી જણાવે છે કે બાંગ્લાદેશમાંથી ભારતમાં આવજા કરવા માટેના નિશ્ચિત બોર્ડર ક્રોસિંગ પોઈન્ટ ઉપરથી આ વિદ્યાર્થીઓ ભારત પરત આવી રહ્યા છે. નેપાળના ૫૦૦ વિદ્યાર્થીઓ, ભૂતાનના ૩૮ અને માલદીવનો પણ ૧ વિદ્યાર્થી ભારતમાં પ્રવેશ્યા છે.

# આતંકીઓને ઈમરાન ખાનનાં ઘરે ટ્રેનિંગ અપાઈ અને સાજીશ રચાઈ : મરિયમ નવાઝ

**લાહોર**

મુખ્યમંત્રી મરીયમ નવાઝે જેલમાં રહેલા પૂર્વવડા પ્રધાન ઈમરાનખાન ઉપર ગંભીર આક્ષેપો મુક્યા છે. તેઓએ કહ્યું ઈમરાનનાં નિવાસ સ્થાનનો ઉપયોગ આતંકવાદીઓને તાલિમ આપવા માટે થાય છે. ત્યાં પેટ્રોલ બોમ્બ બનાવવામાં આવે છે, અને દેશમાં હુમલા કરવાની તાલિમ અપાઈ રહી છે. ૪ મહિના દરમિયાન ખાને ૯મી મે ૨૦૨૩ના દિવસે સરકારી મકાનો અને મુખ્ય સૈન્ય શિબિરો ઉપર હુમલાની યોજના ઘડી હતી ત્યારે પીટીઆઈના નેતાએ પગમાં ઘા વાગ્યો હોવાનું નાટક કર્યું હતું. એક્સપ્રેસ ટ્રિબ્યુનલ રીપોર્ટ પ્રમાણે મરિયમે પીટીઆઈની ઉગ્ર ટીકા કરતાં તેની ઉપર દેશમાં અરાજકતા ફેલાવવાના અને રાજ્યને નુકસાન પહોંચાડવા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવાના આક્ષેપો કર્યા હતા.

# ઈથોપિયામાં ભારે વરસાદઃ ભૂસ્ખલનમાં દટાઈ જતાં 160નાં મોત

## ભૂસ્ખલનથી દબાઈ ગયેલાઓમાં મોટા ભાગે મહિલાઓ અને બાળકો, બચી ગયેલાં બાળકો માતા-પિતાના મૃતદેહોને વળગી રહેતાં કરુણા સભર દ્રશ્યો

**અદીસ અબાબા**

આફ્રિકાના પૂર્વ ઉત્તર ભાગમાં આવેલા ઈથોપિયાને છેલ્લા કેટલાએ દિવસોથી ભારેથી અતિભારે વરસાદ ધમરોળી રહ્યો છે. પરિણામે ઘણે ઠેકાણે ભૂસ્ખલનો થઈ રહ્યાં છે. આ પૈકી દક્ષિણ ઈથોપિયામાં આવેલા કેન્ચોશાયા ગોઝડી જિલ્લામાં અતિભારે વરસાદને લીધે થયેલાં ભૂસ્ખલનમાં 160 લોકો દટાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. દટાઈ ગયેલાઓમાં મોટા ભાગે નાનાં બાળકો અને સગર્ભા મહિલાઓ હોવાનું સ્થાનિક વહીવટદારે જણાવ્યું હતું.

સોમવારથી હાથ ધરાયેલી બચાવ કામગીરી સમયે મૃત્યુઆંક ૫૫નો નોંધાયો હતો. પરંતુ બચાવકાર્ય આગળ વધતું ગયું તેમ આંક વધતો ગયો. મંગળવારે મૃત્યુઆંક વધીને 160 પહોંચ્યો છે તેમ ગોફી ઝોનના સંચાર વિભાગના વડા કાસાહજી અબાપીનેરે જણાવ્યું હતું. જો કે બચાવ કામગીરી દરમિયાન પાંચ વ્યક્તિઓને કાદવમાંથી બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી.

આ અધિકારીએ વધુમાં કહ્યું હતું કે ભારે વરસાદને લીધે, ભૂસ્ખલનો થવાં સામાન્ય છે. પરંતુ આ ભૂસ્ખલન તો અતિભારે હતું તેમાં બાળકો, તેમનાં માતા-પિતાના મૃતદેહોને વળગી રડી રહ્યાં હતાં. તે જોઈને હૃદય દ્રવી જાય તે સહજ છે.



# USએ એડવાઈઝરી જાહેર કરી, જમ્મુ-કાશ્મીર, મણિપુર જેવા સ્થળોએ જવાનું ટાળો

**વોશિંગ્ટન**

અમેરિકાએ તેના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરતાં કહ્યું કે તે જમ્મુ-કાશ્મીર અને મણિપુર જેવા વિસ્તારોની મુલાકાત લેવાનું ટાળે. એડવાઈઝરીમાં કહેવાયું છે કે ભારતના પ્રવાસ દરમિયાન અમેરિકન નાગરિકો એ વિસ્તારોમાં જતાં બચે જ્યાં નક્સલીઓ સક્રિય છે અને એ ક્ષેત્રોમાં પણ ન જાય જે આતંકી સંકટ સામે ઝઝૂમી રહ્યા છે. અમેરિકાની ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારતના મણિપુર, જમ્મુ-કાશ્મીર, ભારત-પાકિસ્તાન સરહદ અને દેશના મધ્ય અને પૂર્વીય ભાગોમાં મુસાફરી ન કરવા કહેવામાં આવ્યું છે. ભારત માટે સંશોધિત ટ્રાવેલ એડવાઈઝરીમાં વિદેશ વિભાગે કહ્યું કે અપરાધ અને આતંકવાદને કારણે ભારતમાં સાવચેતીમાં વધારો કરાયો છે.

# ફિલીપાઈન્સમાં ચક્રવાત ગેમીથી વરસાદ 12 લોકોના મોત, 6 લાખ અસરગ્રસ્ત


**મનીલા**

ચક્રવાત 'ગેમી'ની વ્યાપક અસર ફિલીપાઈન્સમાં જોવા મળી રહી છે. ભારેથી અતિ ભારે વરસાદને લીધે ફિલીપાઈન્સની રાજધાની મનીલા અને આસપાસના શહેરોમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સ્થિતિને જોતા અધિકારીઓએ શાળાઓ-ઓફિસ બંધ કરવી પડવાની જાહેરાત કરી છે. એરપોર્ટ પર અનેક ફ્લાઈટ્સ રદ્દ કરી દેવામાં આવી છે. મનીલામાં કુદરતી હોનારતને લીધે મનીલામાં આપત્તિની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. ચક્રવાત 'ગેમી' તાઈવાનની તરફ ભારે ઝડપે વધી રહ્યું છે. આ ફિલીપાઈન્સ નથી પહોંચ્યું પરંતુ આને ચોમાસામાં વરસાદને તેજ કર્યો છે. ફિલીપાઈન્સના અનેક વિસ્તારમાં ગત કેટલાક દિવસોથી સતત વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે ભૂસ્ખલનની ઘટનાઓ વધી છે. ફિલીપાઈન્સમાં રાષ્ટ્રીય આપત્તિ એજન્સીએ સ્થાનિક રીતે ચક્રવાત 'ગેમીનું નામ 'કરિના' પાડયું છે. ચક્રવાતને લીધે ઓછામાં ઓછા 12 લોકોનાં મોત થઈ ચુકયા છે. અને છ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. કેટલાક વિસ્તારમાં પાણી ખભા સુધી પહોંચી ગયા છે. ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે 260 પ્રવાસીઓ અને 16 જહાજ બંદરો પર ફસાઈ ગયા છે.

# હમાસ અને ફત્તાહ હવે 'એકતા સરકાર' રચવા સહમત : ચીને સમજૂતી કરાવી

**બૈજિંગ**

પેલેસ્ટાઈનીઓનાં બે પ્રબળ જૂથ હમાસ અને ફત્તાહે પરસ્પરની જુદાઈ છોડી વચગાળાની સરકાર રચવા ચીનના પ્રયાસોથી સહમતી સાધી છે. ચીનનાં વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, જુલાઈની ૨૧ થી ૨૩ તારીખો વચ્ચે પેલેસ્ટાઈનનાં ૧૪ વિભાગોએ ચીનના પ્રયાસોથી બૈજિંગમાં યોજાયેલી મંત્રણાઓના અંતે એકતા સાધવા અને સમય આવે સંયુક્ત સરકાર રચવા સહમતી સાધી છે. જેમાં પેલેસ્ટાઈનીઓનાં બે મુખ્ય જૂથો 'હમાસ' અને 'ફત્તાહે' નેતૃત્વ લીધું હતું. હમાસ અને ફત્તાહ યુદ્ધ બંધ થયા પછી ગાઝાપટ્ટી અને વેસ્ટ બેન્કમાં સંયુક્ત સરકાર રચવા સહમતી સાધી છે. બંને જૂથો વચ્ચે સહકાર સ્થાપવાના ઈજીપ્ત અને અન્ય આરબ દેશોના મધ્યસ્થીઓ પણ નિષ્ફળ ગયા હતા.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

**21 ROOM MOTEL - $1.9 Million**
Gravenhurst, Muskoka
+ Restaurant on Lease, 3 Acre Land

**78 ROOM FLAG HOTEL Hwy 401 E, Near Kingston - $6.99 Million**
Over $1.2M spent on renovation and upgrades in last 4 years
9+ AcreLand at Hwy 401 exit, Room Rev $1.4 Million, EBITA $625K

**17 ROOM MOTEL - $1.8 Million**
Sault Ste Marie
Fully Renovated and Upgraded
Very profitable motel

**11 ROOM MOTEL - $849,000**
+ 1 Room Apt, Indoor Corridor, easy operation
Ideal for a couple to own & operate
Be a motel owner with $250 to $300K down
Hwy 11, between North Bay & Cochrane

**Coming up For Sale- Hotels & Motels**
Franchise Hotel Hwy 401 E, 5 Hrs from GTA
50+ Room Motel Hwy 401 E, 3 Hrs
40+ Room Motel Hwy 401 W, Nr Chattham

**16 ROOM MOTEL- $2 Millon**
+ custom made 3 BR, 3WR Aparment
+ area for restaurant & banquet hall,
Indoor Corridor in Downtown area
Near Grand Bend / Lake Huron
All aminites minutes away

**35 ROOM MOTEL- $3.3M**
About 7 hrs north of Toronto, on Hwy 11

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000
% partnership + salary

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers Are Ready to CLOSE in 3 Weeks if VTB available

**Motel Jobs Avaiable**
Housekeeping, General work, Front-desk
Location: 6 to 8 Hrs north of Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100